રા. શા. હરીલાલ પોપટલાલ વકીલ; બી. કોમ.

ોડીટર, સહકારી મંડળીઓ–સુરત.

.ર સહાયકારા મંડળીઓ પોતાનું ભંડોળ પ્રવેશફી, ડોનેશન, કરજ, ણો લઇને ઉભું કરે છે. થાપણો સભાસદો તેમજ બિનસભાસદો પાસેથી નવામાં આવે છે. થાપણો લેવામાં વ્યાજનો દર કરજના કરતાં ઓછો હોય છે; કેમકે થાપણદારો પોતાની સગવડતાએ પૈસા મુકતા હોવાથી મંડળીઓ પોતે વ્યાજનો જેમ બને તેમ ઓછો કરી શકે છે. બેંક મંડળીને કરજ સાડાસાત ટકાએ ધીરે જેથી જ્યાં સુધી થાપણો આ દરથી ઓછે મળે ત્યાં સુધી મંડળી થાપણો પોતાનું કામ ચલાવે છે. સભાસદો પાસેથી થાપણો બહુજ જુજ આવે છે; મકે પૈસાની તંગીવાળાજ સભાસદ થાય છે. જે લોકો પાસે પૈસો થાપણ મુકવા જેવો હોય છે તેઓ મંડળીના સભાસદ થવા નારાજ હોય છે; કેમકે અનિયમિત જવાબદારીમાં વિનાસ્વાર્થે રહેવું તે તેમને પસંદ પડે તેમ નથી. જોકે બેંક મંડળીની સગવડતાએ જોઇએ ત્યારે નાણું આપે છે. છતાં ઘણી મંડળીઓ બેંકમાંથી નછુટ-કેજ નાણાં લેવાં પસંદ કરે છે. બિનસભાસદ થાપણો બેંક કરતાં ઓછે દરે મળે છે, એટલુંજ નહીં પણ મોટે ભાગે આ થાપણો દર વરસે રીન્યુ થયા કરે છે. જેથી મંડળીની મેનેજીંગ કમીટીને આવી થાપણો જોખમરૂપ લાગતી નથી. થાપણો લેવામાં ંગ કમીટીને અંગત જામીનગીરી અથવા તો મીલકત તારણમાં આપવી પડતી ઘરે બેઠા વિના ઉપાધિએ નાણાં મળે અને થાપણ મુકવા આવનારની થાપણો રી મંડળી તેમના ઉપર જાણેકે ઉપકાર કરતી હોય એવી જ્યાં ભાવના પોષાતી ત્યાં બેંકમાંથી નાણાં લેવાની ઇચ્છા ન થાય તે કુદરતી છે. બેંકનાં નાણાં લેવા તો કેટલીક મેનેજીંગ કમીટીને સ્વમાન ગુમાવવા જવા જેવું પણ જણાય છે. તો પહેલેથી ગોઠવીને છાપી રાખેલાં ફાર્મો ભરવાં પડે, અનેક જાતના પ્રશ્નો થાય, તેમાં પણ કેટવાક જવાબો બેંકને ગમતા ન આવે તો બે ચાર શબ્દો પણ સાંભળવા પડે, સહીઓ કરવી પડે, અંગત જામીનગીરી પર તો કોઈ નસીબવાળા-ને પૈસા મળે, મીલકત પણ ગીરો લખી આપવી પડે અને એટલેથીજ બસ નહીં તેની કીંમતની પણ રકઝક ચાલે. રૂા. ૫૦૦૦)ની મીલકત બેંકને રૂા. ૧૦૦૦)ની તો તે પણ ગરજાઉ મંડળીને કબુલ રાખવી પડે અને તે પણ મીલકતના ા પૈસા ન મળતાં પોણા ભાગનાજ મળે, આવી વિટંબનાઓ ભોગવવા છતાં રેલાં નાણાં મળશે કે કેમ તે તો ઠેઠ સુધી શંકાસ્પદજ રહે. ગામ છોડીને જ્યાં કની ઓફીસ હોય ત્યાં મેનેજીંગ કમીટીના સભાસદોને અથવા તો તેમના બેત્રણ તિનિધિઓને આવવું પડે, આખો દહાડો બગાડવો પડે, ખેતીની સીઝન આવતી

હોય તેવે વખતે આવો દહાડો બગાડવો તે બહુજ દુઃખરૂપ લાગે. ... ન ભરાય તો બેંક તરફથી ઉઘરાણીઓ છુટે, દંડ થાય, વ્યાજ ... ય, ઇન્સપેકટરને અવારનવાર મોકલી મેનેજીંગ કમીટીના સભાસદોના જવાબ ... આ બધી વિટંબનાઓ બિનસભાસદ થાપણમાં રહેતી ન હોવાથી આવી મંડળીઓને રુચે તેમાં નવાઈ નથી. ખેડુતો પૈસા કરજે લેવાને ગમે ત્યારે ... હોય છે. પણ પૈસા ભરવાનો વખત આવે છે ત્યારે તો અનેક બહાનાં કાઢીને ... માગવા પુરતુંજ સમજે છે. આ તેમની નબળાઈ બેંકમાંથી પૈસા લીધા હોય તે ઉઘાડી પડે તે કેમ રુચે? આથી બિનસભાસદ થાપણો તેમને બહુજ સારી લાગે છે, અને બેંકનું કરજ બને ત્યાં સુધી ન લેવા ધ્યાન રાખે છે. જ્યારે બિનસભાસદોની થાપણો પાકી જાય છે ત્યારે તે પાછી માગશે નહીં એવી તેમની દૃઢ ઇચ્છા હોય છે. વસુલાતનું કામ માત્ર સેક્રેટરીનુંજ છે એમ મેનેજીંગ કમીટી સમજે છે અને ઉઘરાણી કરી સગાસગામાં અથવા તો ગામગામમાં કડવાશ ઉભી કરવા રુચતું નથી. મોટે ભાગે પોતેજ મંડળીના લીધેલા પૈસા વખતસર આપવા ઇચ્છતા ન હોય તો બીજાઓને કેમ કહી શકાય કે તમે પૈસા ભરો! પોતે દરવરસે વ્યાજ પણ ન આપતા હોય તેને બેંક તરફથી અથવા તો ઑડીટર સાહેબ તરફથી પત્રો આવે કે વસુલાતનું કામ કરો તે કેમ સહન થાય?

મંડળીઓ સમજે છે કે બેંકનું નાણું ન છુટકે લેવાય તોજ સારૂં. બિનસભાસદ થાપણોમાં કોઈ જાતની ઉપાધિ નહીં. કદાચ થાપણ પાછી માગે તે વખતે નવી થાપણો લઇ આવી આપવી અથવા તેમ ન બને ત્યારેજ બેંકનો ઉપયોગ કરવો. બેંક તો ગમે ત્યારે પૈસા આપવાને બંધાયલી છે. એટલે મુંઝાવું શા માટે! સડાસાત ટકા કંઇ અમથા લેતા નથી? આવો ખ્યાલ બાંધી ઘણી મંડળીએ બીનસભાસદ થાપણો લેવા તરફજ પોતાનું લક્ષ રાખે છે. બેંકનું નાણું લેવામાં જે ફાયદા છે તે તેઓના ધ્યાનમાં આવતું નથી અથવા તો તે ફાયદા લેવા જતા પોતાની નબળાઇ અને તેને લીધે કરવી પડતી લુચ્ચાઈ ઉઘાડી પડે તો શરમાવા જેવું થાય તેથી ડરે છે. બેંકનું કરજ લેવાથી, જોકે હપ્તે અને મુદતસર નાણાં ભરવાનાં હોય છે તો પણ મુદત પહેલાં નાણાં ભરાય તો તે બેંક સ્વીકારે છે અને ભરેલી તારીખ સુધીનું વ્યાજ ગણે છે; આથી મંડળીને બેવડો ફાયદો છે. પોતાની આગળ રહેલી વધારે પડતી સીલીક દેવા પેટે જમે થાય છે. જેથી વ્યાજ ... અટકે છે; અને પડી રહેલી સીલીકની જે વ્યાજખાદ લાગતે તે પણ અટકે. ઘણી વખત એવું બને છે કે કેટલીક મંડળીઓ માત્ર પોતાના હાથ પર ... વધારે સીલીક જોઇને વ્યાજ ઉપજાવવાની ખાતર સભાસદોની જરૂરીયાતનો વિચાર કર્યા વગર ધીરે છે. આથી સભાસદ નકામાં ખરચ કરે છે; અને મુદત ભરવાની થાય છે ત્યારે ભરી શકતા નથી; અને આવી રીતે મંડળીઓ બગડે છે. બેંક હપ્તો

રે ભરત્નના સગવડતા આપી આવી ભૂલો મંડળીઓને કરતાં

ખાસ નોંધ લેવા જેવી બાબત એ છે કે જ્યારે મંડળીમાં થાપણુ ઓ આવે છે ત્યારે ઘણી વખત મંડળીઓને પૈસાની જરૂર હોતીજ નથી, . મંડળીઓ થાપણો લે છે તે એવી આશાએ કે આગળ ઉપ પૈસાનો ખપ તો ડવાનોજ છે માટે જ્યારે લક્ષ્મી ચાંલ્લો કરવા આવે ત્યારે શું કરવા પાછી કાઢવી! હુમણાં તો લઇને સભાસદોને ધીરી છે. જ્યારે જરૂર પડે ત્યારે કયાં કુવો ખોદવા બેસવો? તે વખતે થાપણો મળી કે ન મળી? બેંકનું મોઢું બોલાવવા જતાં તે આપે કે ન આપે. બેંકવાળાઓ અનેક જાતની વિધિઓ કરાવે છે. અને છતાં જોઈયે તેટલા પૈસા આપતા નથી. આપીનેય કયાં બેસવા દે છે! મુદત ગઈ કે દંડ થાય! ખેડુતની આવકનો આધાર પાક ઉપર અને વરસ તો એક પછી એક નબળાં આવ્યાંજ કરે છે. બેંકના ચેરમેન સાહેબો શહેરી જીવન સુખમાં ગાળે અને ખેડુતોનાં દુઃખની શી ખબર પડે? બેંકના વ્યાજનો દર ઓછો ન થાય .રે પછી ઘરે બેઠાં આવતી થાપણો પાછી શું કામ વાળવી? આવા વિચારો ંડળીના વ્યવસ્થાપકોનાં મનમાં આવે અને થાપણો લેવાય તે સમજાય એમ છે.

ગમે તેમ હોય પણ મંડળીઓનો, પોતાને મળતી સગવડોનો દુરુપયોગ કરતી હોય તો, તરતજ અટકાવ થવો જોઈએ. આવી સગવડતા સારી સુવ્યવસ્થિત અને (અ) અથવા (બ) કલાસમાં આવતી મંડળીઓનેજ મળવી જોઇયે. ીજી મંડળીઓ તેનો દુરુપયોગ કરે છે તે દિનપરદિન જણાતું જાય છે.

બેંક પાસેથી કરજ લેવામાં જો કે મંડળીને સભાસદ અથવા તો બિન-સભાસદ થાપણુ લેવા કરતાં વ્યાજનો દર વધારે આપવો પડે છે. તેમજ કેટલીક વિધિઓ પ્રમાણે વર્તવું પડે છે. પરંતુ તે અંકુશ જરૂરનો છે. જે મંડળીઓએ સારી વ્યવસ્થાની લાયકાત ન મેળવી હોય તેના પર આવો અંકુશ ન હોય તો તે પોતાને નુકશાન કરે છે, એટલુંજ નહીં પણ બીજાઓને પણ ખાડામાં ઉતારે છે. હાલમાં એવું જોવામાં આવે છે કે કેટલીક મંડળીઓના ચેરમેન છુપી રીતે બિનસભાસદ થાપણુ મંડળીને નામે લઇને હોયાં કરી જાય છે. મંડળીના દફતરમાં આ રકમ જમે નહીં થવાથી ઑડીટર સાહેબ અથવા તો ડીસ્ટ્રીકટ ઓનરરી ઓર્ગેનાઇઝર સાહેબ અથવા તો સ્થાનિક અમલદારની જાણમાં આ બાબત તરતો-તરત આવતી નથી. ચેરમેન અથવા તો સેક્રેટરી અથવા તો બન્ને અંદર અંદર મળી જઇ પોતાનો વ્યવહાર એવી ચાલાકીથી ચલાવે છે કે તેમની લુચ્ચાઇની ગંધ પણ કોઇને આવતી નથી. થાપણદાર પૈસા પાછા માગે તો બીજા કોઈ થાપણદારને શોધીને પણ મંડળીના નામે પૈસાની લેવડદેવડ ખાનગી રીતે થયા કરે છે.

મંડળીના દફતરે હીસાબ રહેતો નથી, એટલુંજ નહીં પણ ચેરમેનનો એટલો બધો વિશ્વાસ હોય છે કે પહોંચ પણ માગ કદાચ માગે તો માત્ર પાસબુકમાં ચેરમેન પોતે સહી કરી તેન મંડળીમાં તે બાબતની નોંધ કોઈ પણ જાતની ન રહે તે બાબત ખાસ રાખવામાં આવે છે. આથી થાપણોનો દુરુપયોગ મંડળીના ચેરમેન કેવી ભયંકર ર. કરી શકે છે તે હાલમાં બનતા દાખલાઓથી સૌ કોઈને વિચારવાનું થઈ પડયું છ આ ઉપરાંત બેંક કે જે મંડળીઓને નાણાંની સગવડતા પુરી પાડવાનેજ કાઢવામાં આવેલી છે તેની સાથે પણ કેટલીક મંડળીઓ દગો રમે તે સહન થઈ શકે તેમ નથી. જ્યારે થાપણદાર થાપણ રીન્યુ કરવાની ના પાડે, વસુલાત ન આવે, બીજી કોઇ નવી થાપણ ન મળે ત્યારેજ મંડળી ન છુટકે બેંક પાસે નાણાં લેવા જાય. અને જેવી બીજી થાપણ મળી કે બેંકને તેનું નાણું મુદત પાકી ન હોય તે પહેલ તો ભરી દે. આથી બેંક કે જે મુદત પાકી ન હોય છતાં નાણું લઇ વ્યાજમ મંડળીને ફાયદો કરી આપે છે અને પોતે નાણાનું વ્યાજ બીજાને ધીરી ઉત્પ કરી શકે કે નહીં તે જોયા વિના માત્ર મંડળીનું હિત સાધે છે તે મંડળી બે પણ પોતાનું માત્ર સ્વાર્થ સાધવાનું રમકડું સમજે તે ખરેખર મંડળીઓને છાજે તેવું છે.

આવી મંડળીઓનો ચેપી રોગ સારી મંડળીઓને ન ઉડે તે જોવાનુ કોઈ સહકાર પ્રવૃત્તિમાં રસ લેનાર સદ્‌ગૃહસ્થનું છે. મે. રજીસ્ટ્રાર સાહેબનું આ બાબતમાં ધ્યાન ખેંચી જોઈતા ઉપાયો યોજવા તે બાબત આ પરિષદ્ ઠરાવ કર માંગે છે તે ખરેખર ઘણુંજ જરૂરનું છે.

એ ખરી વાત છે કે કેટલીક મંડળીઓ વસુલાત પર બીલકુલ ધ્યા આપતી નથી; અને જ્યારે કોઈ પણ બિનસભાસદ પોતાની થાપણ પાછી માગે ત્યારે બેંકમાંથી લાવી અથવા નવી બિનસભાસદ થાપણ લઇ આવી તેની થાપણ પાછી આપે છે. જેથી મંડળીની અંદરની સ્થિતિનો ખરેખરો ખ્યાલ તરત આવતે નથી; અને કેટલોક વખત ગયા પછી ઓચિંતો એવો ગોટાળો બહાર પડે છે નિર્દોષ અને અજ્ઞાન સભાસદના ભોગે બદમાસો હાથ મારી જાય છે.

બેંકનું નાણું મંડળીમાં જ્યાં સુધી લેવામાં આવતું નથી ત્યાં સુધી બેંકવાળાઓ મંડળીની અંદરની ખરી સ્થિતિ તપાસતા નથી. અને નામદાર સરકાર તરફથી નીમાતા ઓડીટર સાહેબથી તે મંડળીની મુલાકાત વર્ષમાં એક વખત થતી હોવાથી આવા ગુન્હાઓ તરતજ પકડાતા નથી.

આવી સ્થિતિ હોવાથી એ જરૂરનું છે કે જે મંડળીની અંદરની વ્યવસ્થા સારી ન હોય, સભાસદો તરફથી વસુલાત નિયમિત રીતે આવતી ન હોય, તેમજ

..ડીવટ ...નાર માણસોના મગજપર પાસબુક, તેનો ઉપયોગ, અને પાસબુકમાં લખાણુ હો. . દરેકને બંધનકર્તા છે એ હકીકત બરાબર ઠસાવવામાં આવે તો ...જુ માણસોને છેતરાવાનો સંભવ નથી. પણ પહેલી પધ્ધતિમાં તો ભલભલા ભણેલાગણેલા અને બીજાની ચોરીઓ પકડનાર માણસો પણ છેતરાયાના દાખલા .. તેથી થાપણો લેવાની હાલની પધ્ધતિમાં ફેરફાર કરવાની જરૂર છે.

થાપણો લેવાની હાલની પદ્ધતિ

બાંધી મુદતની થાપણો માટે, બચત ખાતાની થાપણો માટે, તેમજ કર્જ લીધું હોય તો તે નોંધવા માટે, હાલ એકજ પાસબુકનો ઉપયોગ કરવામાં આવે છે. મુદતી થાપણો અને બચત ખાતાની થાપણો જે પાસબુકમાં જમા કરવામાં માવે છે તેમાંજ સભાસદે કર્જ લીધું હોય તો તે પણ લખવામાં આવે છે. આ .ધ્ધતિ શરૂઆતમાં હિસાબની સરળતા ખાતર રાખવામાં આવી હતી. હવે કામના .ધારા સાથે વધારે અઘરી પણ ચોખ્ખા હિસાબો રહે તે પધ્ધતિ અખત્યાર ત..ાની જરૂર છે.

મ.. મુદતી થાપણો પણ બે જાતની હોય છે. છ અગર બાર માસની બાંધી ..ની થાપણો અને નાણાં ધીરતી વખતે ફરજ્યાત દશ વર્ષની બંધીની કાપી ..ામાં આવે છે તે ફરજ્યાત થાપણો. હાલની પાસબુકોમાં આ થાપણોને લગતી ..ધી વિગતો બરાબર લખવામાં આવતી નથી. બલ્કે બધી વિગતો લખી શકાય ..ી વ્યવસ્થા આ પાસબુકોમાં હોતી નથી. બાંધી મુદતની અને તેમાં ખાસ ..ા બાર માસની અગર છ માસની બાંધી મુદતની થાપણો મોટી મોટી રકમની ..ા છે. તેથી આવી રકમો લેવાનો અધિકાર એકજ જણને આપવો વાજબી ..થી. બૅન્કીંગ પદ્ધતિ પ્રમાણે આવી થાપણો પર ઓછામાં ઓછા બે અમલદારોની ..હી હોવીજ જોઇએ. ગામડાંની મંડળીઓની હાલની પદ્ધતિ પ્રમાણે ચેરમેન અગર ..ક્રેટરી પાસબુકમાં રકમ લખી આપી પોતાની સહી કરી થાપણદારને પાસબુક ..પે એટલે બસ છે એમ ગણવામાં આવે છે. મંડળીનો કામ કરવાનો વખત ..રર કરેલો હોતો નથી; મંડળીની નિયમિત ઑફિસ હોતી નથી; તેમજ નાણાંની ..ડદેવડનું કામ ઠરાવેલે સ્થળે થતું નથી. પરિણામે નાણાં ગમે ત્યાં લેવામાં આવે અને ગમે ત્યાંથી આપવામાં આવે છે. આ કારણોથી મંડળીના સેક્રેટરીઓ ..ગર ચેરમેનોએ પાસબુકોનો મોટો ઉપયોગ કરી નાણાં ઉચાપત કર્યાના ઘણા ..ખલા નજરે પડે છે.

મંડળીમાં બાંધી મુદતની થાપણો કેટલી છે તે જુદી જુદી બતાવવાની ઘણી જરૂર છે. અને તે કારણથી પણ બાંધી મુદતની થાપણો તથા બચત ખાતાંની થાપણો માટે જુદી ખાતાવહી હોવાની પણ જરૂર છે.

આ બન્ને જાતની થાપણોને જુદી પાડવામાં આવે અને તે દરેક જાતની થાપણ માટે જુદી જુદી ખાતાવહી રાખવામાં આવે તો બાંધી મુદતની થાપણોની પહોંચ પાસ બુકમાં ન સ્વીકારતાં જુદી જુદી રસીદથી પહોંચ સ્વીકારવાનું સ્હેલું થઈ પડશે.

ઉપલાં કારણોને લઈને બાંધી મુદતની થાપણોની પહોંચ રસીદોથી "ફીકસ્ડ ડીપોઝીટ રસીદો" બૅન્કોમાં આપવામાં આવે છે તે રીતે આપવાથી ગુન્હા થતા અટકશે. આ રસીદો પર સેક્રેટરી, ચેરમેન અને કમિટિનો એક સભ્ય એ પ્રમાણે ત્રણ જણે સહી કરેલી હોવી જોઈએ. જો આ પદ્ધતિ દાખલ કરવામાં આવે તો મંડળીઓમાં દગા થતા અટકાવવાનો સંભવ છે.

આ ઉપરાંત આવી થાપણોની આપલે જીલ્લાબૅન્ક મારફતેજ થવી જોઈએ, એટલે જે ધણીને મંડળીમાં થાપણ મુકવી હોય તે ધણીએ જીલ્લાબૅન્કમાં જઈ મંડળીને નામે તે રૂપીઆ જમા કરાવવા; અને તેની મંડળીમાંથી રસીદ લેવી; તેજ પ્રમાણે જ્યારે જ્યારે આવા થાપણદારોની થાપણો પરત કરવાની હોય ત્યારે તેને મંડળીમાંથી રોકડા રૂપીઆ આપવા નહિ પણ મંડળીએ જીલ્લાબૅન્ક પર ચેક લખીને થાપણ પગાર કરવી.

જો ઉપર જણાવેલી પધ્ધતિ અખત્યાર કરવામાં આવશે તો મંડળીઓમાં દગા થતા અટકશે; અને તેથી મંડળીઓની સધ્ધરતા વધશે અને ઓછે વ્યાજે નાણાં મળી શકશે.

પરમાવધિ શાખનાં પત્રકો

લેખક:—મી. ગોપાળરામ એન. મહેતા

ખેડુતને ખેતીના કામ માટે જ્યારે જોઇએ ત્યારે નાણું ન મળે તો તેની ખેતી બગડે. ઘણી વખત સહકારી મંડળીઓના સેક્રેટરીઓ પોતાને ઘણું કામ વધી જાય તે સબબે એકી વખતે બેંકમાંથી નાણાં લઈ આવે છે. અને સભાસદોને ધીરી દે છે તેથી ધીરાયલું નાણું યોગ્ય કામમાં ન વપરાતાં બીજા કામમાં વપરાઈ જાય છે. અને ચોમાસામાં બી વખતે કે નિંદામણ વખતે શાહુકારને ત્યાં જવું પડે છે. આવી રીતે ખેડુત હંમેશાં મંડળી અને શાહુકાર બંને પાસેથી નાણાં લે છે. તે પદ્ધતિ અટકાવવા માટે મંડળીના સેક્રેટરીએ પ્રથમથી એટલે ખેડુતોનો માલ બજારમાં આવે તે વખતે સભાસદો પાસે કેટલું લેણું છે અને કેટલી વસુલાત આવવા સંભવ છે અને તેઓની નાણાં જરૂરીઆતો કેટલી છે અને તે રકમ ક્યારે હમારે જોઇએ છે તે બધું તપાસી દરેક સભાસદની શાખનાં પત્રકો તૈયાર કરવાં જોઈએ. આવાં પત્રકો બનાવવામાં તેની મિલકત કેટલી છે અને તેની જરૂરીઆત ઉત્પાદક કાર્યને સારૂ જોઇએ છે કે કેમ અને તેની વસુલ આપવાની શક્તિ છે કે નહિ તે પણ જોવું જોઇએ. મિલકત જોવાનું મુખ્ય કામ એજ કે જામીનગીરી વગર શાખ હોઈ શકતી નથી. વળી જામીનગીરી સદ્ધર હોય પણ નાણાંની જરૂરીઆત ઉત્પાદક કાર્ય સારૂ ન હોય અને લીધેલાં નાણાં પાછાં ભરવાની શક્તિ ન હોય તો તે નાણાં વસુલ કરતાં મુશ્કેલી પડે તેથી આ બધી વાતો જોઇને સેક્રેટરીએ પત્રકો તૈયાર કરવાં જોઇએ. અને બેંકના ઇન્સપેકટરોએ પત્રકો ચેક કરવાં જોઇએ. અને જીલ્લા બેંકમાં મંડળીની તે ધોરણે શાખ નક્કી કરાવવી જોઇએ. તેવી મંડળીની શાખ નક્કી કરાવવામાં મંડળીએ સભાસદોની એકંદર જરૂરીઆતો એટલે સભાસદોની શાખની રકમોની એકંદર રકમમાંથી મંડળીમાં સભાસદ થાપણ તથા રીઝર્વફંડની રકમ બાદ કરી બાકી રહે તે રકમ મંડળીએ બેંકમાંથી મેકસીમમ ક્રેડીટ તરીકે નક્કી કરાવવી જોઇએ. અને તેવી ક્રેડીટ બેંક નક્કી કરે તો જ્યારે જ્યારે જરૂર પડે ત્યારે ત્યારે જોઈતાં જોઈતાં નાણાં મંડળીને મળી શકે. આવી મેકસીમમ ક્રેડીટનો દશમો ભાગ રોકડ શાખ તરીકે મંડળીએ બેંકમાંથી મેળવવો જોઇએ. આવી રોકડ શાખ અણધારેલા પ્રસંગોને લઈને જો જરૂર પડે તો સારી રીતે વાપરી શકે. અને સભાસદોને જોઈતાં નાણાં વખતોવખત મુદતસર અપાય. આ ધોરણે કામ કરવા માટે અનુભવી અને શિક્ષિત સેક્રેટરીની ખાસ જરૂર છે એ ભુલવું જોઇએ નહિ.

પરમાવધિ શાખ વધારવા બાબત

લેખકઃ—**શ્રીયુત ચુનીલાલ માણેકલાલ ગાંધી** (ચેરમેન, સુરત ડી. કો-પ. બેન્ક)

સહકારી મંડળીઓનો મુખ્ય ઉદ્દેશ એ છે કે ખેડુતોને શાહુકારોના પંજામાંથી મુકત કરવા; પરંતુ ઘણાં ગામોમાં જ્યાં આજ પંદર પંદર વર્ષથી મંડળીઓ ચાલે છે ત્યાંના ખેડુતો હજુ શાહુકારના પંજામાંથી મુકત થયા નથી. કેટલાક મોટા ખેડુતો કે જેઓને વધારે પૈસાની જરૂર હોય છે તેઓ શાખની હદ ઘણી નીચી બાંધેલી હોવાથી મંડળીમાં જોડાતા નથી; કારણકે તેઓને વધારે નાણાંની જરૂર હોય છે; અને મંડળીએ નક્કી કરેલી રકમથી તેઓનું દેવું પતી શકતું નથી. જોઈતાં નાણાં નહિ મળવાથી કેટલાક ખેડુતો મંડળીમાંથી નાણાં ઉપાડે છે તેમજ શાહુકારો પાસેથી પણ ઉપાડે છે અને પાકની રકમ શાહુકારને ભરી દે છે. આને લીધે ગેરવ્યવસ્થા થાય છે અને ખેડુતો શાહુકારના પંજામાંથી છૂટતા નથી. આ વસ્તુસ્થિતિનો અનુભવ નાણાં ધીરધાર કરનારી બેન્કોને વધારે હોય છે; કારણકે બેન્કના ઇન્સ્પેકટરો વસુલાત માટે તેમજ ધીરધાર માટે દરેક મંડળીઓમાં ફરે છે અને ત્યાંના સભાસદોને સારી રીતે પીછાને છે. જો આ પ્રમાણે દરેક સભાસદ અને દરેક મંડળીની શાખનો અનુભવ બેન્કને હોય તો મંડળીની અને તેના સભાસદની પરમાવધિ શાખ વધારવાની અને ઘટાડવાની સત્તા પૈસા ધીરનારી બેન્કને હોવી જોઈએ. તેને બદલે આસીસ્ટન્ટ રજીસ્ટ્રાર સાહેબ પાસે આ સત્તા છે એ સંતોષકારક નથી. આસીસ્ટન્ટ રજીસ્ટ્રાર સાહેબ કરતાં પણ મંડળીઓનો અનુભવ બેન્કના અધિકારીને વધારે બહોળો ને ગાઢો હોય છે માટે આ સત્તા બેન્કને મળવી જોઈએ.

સામાન્ય શાખ બદલવાની સત્તા આસીસ્ટન્ટ રજીસ્ટ્રાર સાહેબના હાથમાં રાખવાની તરફેણમાં એક દલીલ એવી કરવામાં આવે છે કે તેઓને ઘણી મંડળીઓનો અનુભવ હોવાથી બધાને માટે સામાન્ય નિયમો વધારે સહેલાઈથી ઘડી શકે છે. આ નિયમ સામાન્ય શાખ વધારવાના કામમાં જરાયે લાગુ પડતો નથી. એ કામમાં, અમુક મંડળીઓ અને તેના અમુક સભાસદોના સંબંધમાં હોય તેનું ચારિત્ર્ય, વ્યવહાર સાચવવાની રીત, અને લાયકાત ઉપરજ તેમને વધારે પૈસા ધીરવાનો આધાર રાખી શકાય. જેમ બધા જાથુકના અમલદારોની નજર અમુક બાબતમાં સાંકડી અને જડ થઈ જાય છે તેમજ આ બાબતમાં પણ છે. કેટલાક સામાન્ય નિયમને વશ થઈ તેઓ વ્યકિતગત દાખલાને ઈન્સાફ આપી શકતા નથી.

ઘણી બેન્કોના સંચાલક આ. રજીસ્ટ્રાર સાહેબ જેટલાજ કેળવાયલા અને તેટલાજ અનુભવી છે. ઉપરાંત તેઓ સમાજસેવાની ભાવનાથી પોતાનો સમય અને

શકિતનો વ્યય એવાં કામોમાં કરે છે. અને બેંક ચલાવવાની તેઓની દક્ષતાની ઉપરજ લોકોમાં વિશ્વાસ ઉત્પન્ન થયેલો હોવાથી લાખો રૂપીઆ સુધીનું ભંડોળ તેઓ એકઠું કરી શકયા છે. એક પગારદાર નોકર જેનો આ હિલચાલનો પરિચય ઓછા સમયનો હોય તેમાં વિશ્વાસ મુકાય અને સ્વાર્થભોગ આપી વધારે લાંબા વખત સુધી કામ કરનારાઓમાં અણુવિશ્વાસ રહે તો એથી વગર પૈસાની નોકરી કરવા કોણ નીકળશે !

અનુભવથી એમ પણ કહેવાય કે આ શાખ આ. રજીસ્ટ્રાર સાહેબ મારફતે વધારવામાં ઘણીજ ઢીલ થાય છે. તા. ઓરપાડની નીચેની સોસાયટીઓની નીચે પ્રમાણે હકીકત છે:—

કારેલી સોસાયટીની પરમાવધિ શાખની હદ રૂા. ૧૫૦૦૦ થી રૂા. ૩૦૦૦૦ ની કરવા તેમજ સભાસદોને વાર્ષિક રૂા. ૪૦૦ તથા હપ્તાથી રૂા. ૫૦૦ સુધી ધીરવાની એક અરજી તા. ૯–૩–૨૯ ને દિને સુરત ડીસ્ટ્રીકટ કોઓપરેટીવ બેન્કના મેનેજર મારફત કરવામાં આવી હતી. સદરહુ સોસાયટીના મેમ્બરોની એકંદર જમીન રૂા. ૧૩૮૪૦૦ ની છે. મે. રજીસ્ટ્રાર સાહેબે કેટલીક પૂછપરછ કરાવી અને તેના જવાબો આપવામાં આવ્યા હતા. પરંતુ આ હદ વધારવામાં હજુ સુધી કાંઈ થયું નથી.

આજ પ્રમાણે મોજે ભારૂન્ડી તા. ઓરપાડની સોસાયટીએ તા. ૯–૩–૨૮ ને દિને પોતાની પરમાવધિ હદ રૂા. ૧૫૦૦૦ ની હતી તે રૂા. ૫૦૦૦૦ ની કરાવવાની અરજી સુરત ડીસ્ટ્રીકટ કોઓપરેટીવ બેન્કના મેનેજર મારફત કરી હતી. સદરહુ સોસાયટીના મેમ્બરોનાં નામે ચાલતી જમીનની એકંદર કીંમત રૂા. ૧૮૪૨૦૦ ની હતી. હજુ સુધી સદરહુ સોસાયટીની આ હદ વધી નથી.

ઉપરના દૃષ્ટાંતો ઉપરથી જણાશે કે આ હદો મે. રજીટ્રાર સાહેબની મારફતે વધારવામાં પુષ્કળ વખત નીકળી જાય છે. માટે આ હદો વધારવાનું કામ નાણાં ધીરનાર બેંકને સોંપવામાં આવે તોજ ખેડુતોની સ્થિતિ સુધારવાની સરળતા થઇ પડે.

છતાંએ આ ઠરાવમાં બધી બેન્કોને સામાન્ય શાખ વધારવાની સત્તા આપવાની માગણી નથી. જે બેન્ક અ વર્ગમાં છે, જેના કામ માટે ખાતાનાં વાર્ષિક રીપોર્ટમાં હંમેશાં પ્રશંસા કરવામાં આવે છે, તેને માત્ર અ અને બ વર્ગમાંની મંડળીમાંથી દશટકા મંડળીઓની સામાન્ય શાખ વધારવાની સત્તા એક અજમાયસ તરીકે આવી પસંદ કરેલી બેન્કોને આપવાની માંગણી છે અને તેમાં કાંઈ જોખમ નથી એ સહેલથી સમજાશે.

શરાફી વ્યવહાર ઉપર પ્રકીર્ણ વિચારો

(લેખકઃ—**શ્રી. બી. એમ. દ્વિવેદી;** બી. એ.)

ઠરાવ નં. ૧, (અ)

આ પ્રશ્ન હમણાં કેટલીક મંડળીઓમાં જણાયેલાં અનિષ્ટોને આભારી છે. દગાફટકાનું અસ્તિત્વ મનુષ્યનાં ચારિત્ર્યનાં ધોરણ ઉપર આધાર રાખે છે. બધાં મનુષ્ય ચારિત્ર્યવાન હોય શકે નહિ એટલે દગાફટકા તો થવાના; પરંતુ તેમને અટકાવવા માટે તમામ ઉપાય લેવા તે દરેક વ્યક્તિ અગર સંસ્થાની પ્રથમ ફરજ છે. ગ્રામશરાફી મંડળીઓમાં પ્રથમ બિનસભાસદ થાપણદારને થાપણની રકમનું જીલ્લાબેંકની પદ્ધતિ ઉપર ખત કરી આપવાનો વહિવટ હતો અને તેના ઉપર સત્તા મળેલા પંચના સભાસદો સહી કરી આપતા. આ પદ્ધતિથી થાપણનું સ્વરૂપ કરજમાં લખાવા માંડયું અને ખતને બદલે પાસબુક આપવાની પ્રથા દાખલ થઈ. ખતની પદ્ધતિ કરતાં પાસબુકની પદ્ધતિ પરિણામે બહુજ ગંભીર નીવડે છે એમ અનુભવ ઉપરથી જોઈ શકાયું છે. બિનસભાસદની થાપણ મધ્યસ્થ બેંક મારફતે ગ્રામ શરાફી મંડળી સ્વીકારે તો જરૂર અનિષ્ટ દૂર થાય તે દેખીતું છે. બિનસભાસદ થાપણદાર જે મંડળીમાં થાપણ મૂકવા ઇચ્છતો હોય તે મંડળીના મધ્યસ્થ બેંક સાથેના ચાલુ ખાતામાં થાપણ જમા કરાવે અને ત્યારપછી શરાફીમંડળી તરફથી અધિકાર પામેલા સભાસદો તે બિનસભાસદ થાપણદારને પોતાની સહીસીક્કા સાથેની રસીદ આપે એમ થવાની જરૂર છે. જે રસીદ ફાડવામાં આવે તેનો "કાઉન્ટર-ફોઈલ" અગર અડધિયું મંડળીના દફતરે રહે એટલે દફતરે દાખલો રહેશે અને નાણાં સહીસલામત રહેશે; પરંતુ આ નિયમ સભાસદોને લાગુ કરવો તે ઇષ્ટ નથી; કારણ સભાસદ માટે થાપણ બે પ્રકારની છે, મરજીઆત અને ફરજીઆત. કદાચ મરજીઆત થાપણ માટે આ નિયમ લાગુ કરવામાં આવે તો ખોટું નથી; પરંતુ ફરજીઆત થાપણો જે દરેક ધીરધાર વખતે લેવામાં આવે છે તેના માટે પણ આવી રસીદો ફાડવામાં આવે તો ગામડાંના ખેડુતોના હાથમાંથી આવી રસીદો ખોવાઈ જવાના પ્રસંગ ઉભા થશે અને અધિકાર પામેલા સભાસદોની સહી મેળવવામાં પણ વખત બહુજ જશે. ફરજીઆત થાપણો માટે તો રોકડની રસીદો જે હાલ ઉપયોગમાં છે તે પૂરતી છે.

ઠરાવ નં. ૧, (બ)

બિનસભાસદ થાપણ લેવા માટે ફક્ત **અ** વર્ગનીજ મંડળીઓને રજા આપવી તે બહુ સંકુચિત દૃષ્ટિ બતાવે છે. હાલમાં કેટલીક સોસાયટીઓ સારી રીતે અને વ્યવસ્થાસર ફક્ત બિનસભાસદોની થાપણ ઉપરજ પોતાનું કામકાજ ચલાવે છે; છતાં ખાતાના અમુક નિયમથી તે " અ " વર્ગમાં હોય નહીં તો શું આવી મંડળીઓને આવા ઠરાવથી અવ્યવસ્થિત થવા દેવી? બિનસભાસદ થાપણદારોની થાપણની સલામતી મધ્યસ્થ બેંક મારફત નાણાં લેવાથી સચવાશેજ. પછી ક્ષેત્ર શા માટે ટુંકું

કરવું જોઇએ! મારા મત મુજબ "અ અને બ" વર્ગની મંડળીઓને માટે બિન-સભાસદ થાપણુ પેટા કાયદાની હદને પાત્ર રહીને લેવા માટે છૂટ રાખવાની જરૂર છે.

સૂચવવામાં આવેલ ઠરાવ નીચે મુજબ છે.

"ગ્રામ વિભાગમાં દગા થતા અટકાવવાના હેતુથી ગ્રામ મંડળીઓમાં બિનસભાસદની થાપણુની આપલે હંમેશાં મધ્યસ્થ બેંક મારફતે થવી જોઇએ અને પાસબૂકને બદલે મંડળી તરફથી અધિકાર પામેલા પંચના સભાસદોની સહી-સીક્કાવાળી પાવતી આવી થાપણુ બદલ આપવામાં આવશે. બિનસભાસદ થાપણો ઉપરની શરતે અને પેટા કાયદાની હદને પાત્ર રહીને સ્વીકારવાની અ. અને "બ" વર્ગની મંડળીઓને છૂટ છે."

ઉપર જણાવેલો મુદ્દો જાળવી શકાય તેવી રીતે જાહેર પ્રજાને ખબર આપવા આ પરિષદ્ મહેરબાન રજીસ્ટ્રાર સાહેબને વિનંતિ કરે છે.

ઠરાવ નં. ૩.

આ ઠરાવથી ગ્રામ શરાફી મંડળીઓના પંચ પૈકીમાંથી દસ્તાવેજ ઉપર સહી કરવા અધિકાર પામેલા સભાસદોને વારંવાર મધ્યસ્થ બેંકમાં જઇ દરેક લોન વખતે કરવા પડતા દસ્તાવેજો અને તેના અંગેની ફરજીઆત હાજરીમાંથી ઘણે અંશે મુક્ત કરશે. આ પ્રથા ખાસ આવકારદાયક છે; પરંતુ સાથે સાથે એકજ ખત પેટે જે જે રકમો ઉપાડવામાં આવી હોય તે તે રકમો ચાલુ ખાતામાં જમા કરવામાં આવે એટલુંજ પુરતું નથી. કરજનો હિસાબ બતાવનાર પાસબુક દરેક મધ્યસ્થ બેંકે પોતાની ગ્રાહક-મંડળીને આપવાની પ્રથા પણ સાથે સાથે દાખલ થવાની જરૂર છે. જો તેમ કરવામાં નહિ આવે તો હિસાબ રાખવામાં તથા તેના ખરાપણા બદલ ગુંચવણુ ઉભી થવા સંભવ રહેશે; અને વારંવાર બેંકમાં પુછપરછ કરવાની જરૂરીઆત ઉભી થશે; માટે ઠરાવના છેલ્લા ભાગમાં "ચાલુ ખાતે જમા કરવાની" પછી "તથા કરજનો હિસાબ બતાવતી પાસબુક મધ્યસ્થ બેંક દરેક ગ્રાહક મંડળીને આપે તેવી" એટલા શબ્દો ઉમેરવા ભલામણુ છે.

ઠરાવ નં. ૪.

આ વિષય નાણું ધીરનાર મધ્યસ્થ સંસ્થાઓ માટે બહુજ અગત્યનો છે. એવડી હદ સુધી કોઈ પણ સભાસદને ચાલુ ખેતીખર્ચ માટે નાણું ધીરાવવા માટે મે. આસિસ્ટન્ટ રજીસ્ટ્રાર સાહેબ તરફથી પરવાનગી મેળવવામાં ખાસ કંઈ હરકત નડતી નથી. કદાચ જો કંઇ હરકત હોય તો પરમાવધિ શાખનાં પત્રકો બનાવતી વખતે મંડળીઓ આવા ખેડુતો માટે ખાસ હદ મુકરર કરતી નથી; અગર જો આવી હદ મુકરર કરી હોય તો જરૂરી હકીકત રજુ કરી પોતાનો કેસ સાદર કરતી નથી. નાણું ધીરવામાં મધ્યસ્થ બેંકનું હિત હોવાથી આ સત્તા તો આસિસ્ટન્ટ રજીસ્ટ્રાર સાહેબ પાસેજ રહે તે વધારે ઇષ્ટ છે; છતાં પણ ફક્ત "અ" વર્ગની મંડળીઓ માટે મધ્યસ્થ બેંકને આવી સત્તા આપવામાં આવે તો ખાસ વાંધા જેવું નથી.

સહકારી મંડળના મંત્રીઓ અને તેમના પગાર માટે

લેખકઃ—શ્રી૦ રમેશચન્દ્ર અંબાલાલ ભટ્ટ

સભાસદ—સહાયકારી મંડળ કહાનવા; તા. જંબુસર.

આપણે જો સહકારી ચળવળની ખીલવણી માટે વિચાર કરીએ તો એ ચળવળની ખીલવણી પ્રથમ ગ્રામ–સહકારી શરાફી મંડળીઓ દ્વારાજ છે. એ મંડળીઓ ચલાવવા મંત્રીઓ (સેક્રેટરીઓ) પ્રત્યેક ગ્રામ–સહકારી મંડળી નીમે છે; અને પેટા કાયદા મુજબ મહેનતાણું–પગાર આપવાનું વાર્ષિક સાધારણ સભામાં રજુ કરી નક્કી કરે છે.

"જે મંડળીઓમાં સેક્રેટરીઓ કામ કરતા હોય અને તેમાં જે વર્ષે ૫૦ ટકાથી ઓછી વસુલાત થઇ હોય તે વર્ષે યુનીયનની અને યુનીયન ન હોય ત્યાં સ્થાનિક ઓડીટરની પરવાનગી સિવાય સેક્રેટરીએ જે ગામે આવું બન્યું હોય તે ગામે અડધા ઉપરાંત પગારનું ખર્ચ પાડવું નહીં. આ બાબત યુનીયનના પેટા કાયદામાં સમાવવા મે. રજીસ્ટ્રાર સાહેબને વિનંતિ કરવી."

ઉપર જણાવેલ ઠરાવ નં. ૭ (બ)ની શી પરિસ્થિતિ થાય એ ખાસ વિચારવા જેવું છે. સેક્રેટરીઓ અને વસુલાત એ બન્નેને કોઈ જાતનો ગાઢ સંબંધ અત્યાર સુધીના ગ્રામ–સહકારી શરાફી મંડળીઓના પેટા કાયદામાં થયો હોય એવું જાણવામાં બીલકુલ નથી.

સેક્રેટરીની વસુલાત સંબંધી શી ફરજ છે તે જોઇએ. "કમીટિના હુકમને અનુસરી નાણાં ખર્ચ પાડવાં અને વસુલ લેવાં" સાથે કમીટિની ફરજ "થાપણો લેવી અને કરજ વસુલ કરવાં." આ બાબતમાં સેક્રેટરીને વસુલાતનો વધારે સંબંધ કહી શકીશું કે નામુ લખવા–રાખવા માટે વધારે સંબંધ કહીશું ? ખરી વસ્તુસ્થિતિ જોતાં સેક્રેટરી કરજનાં નાણાં વસુલ લેવા પ્રયત્ન કરે અને વસુલ ન આપે તેવા ઇસમ પાસેથી કરજ વસુલ લેવા કમિટિના હુકમથી નોટીશ કાઢી નાણાં લેવાં બનતું કરે છે.

આજે સહકારી ચળવળ ગુજરાતમાં વાયુવેગે પ્રસરી છે; અને ગ્રામ–સહકારી મંડળીઓના મંત્રીઓ કેળવવા ભરૂચ વિભાગી ઈન્સ્ટીટયુટ તરફથી ઘણાં સ્થળે શિક્ષણવર્ગો ભરવામાં આવ્યા. એવા શિક્ષણવર્ગનો જે હેતુ જોઇએ તે પૂરેપૂરો નથી સચવાતો એમ સ્પષ્ટ કહ્યા સિવાય ચાલતું નથી.

એ શિક્ષણવર્ગમાં ઉમેદવારો તરીકે મંડળીઓના મંત્રીઓનો કોઈ વખતે સારો સમૂહ ભેગો થએલો ? ના કહ્યા સિવાય છુટકોજ નથી થવાનો. જેઓએ સહકારી મંડળી શું છે ? કેવી રીતે સ્થાપન થઇ છે ? શા લાભાલાભ છે ? એ

સમજ્યા વિનાના ઉચ્ચ શિક્ષણ ધરાવતા ઘણા ઉમેદવારો શિક્ષણવર્ગમાં આવે છે તેથી તેનો અર્થ શું સરે છે ?

જો સેક્રેટરીઓનેજ શિક્ષણ આપવાનું ફરજીયાત બને તો પછીથી ગ્રામ સહકારી મંડળીઓના મંત્રીઓ શિક્ષણ વિહીન નહીંજ રહી શકે.

સેક્રેટરીઓનો પગાર વસુલાત ઉપરજ બંધાય તો તેથી કેટલીક મંડળીઓના સેક્રેટરીઓ સહકારી મંડળીઓનું કામ કરવામાં નાસીપાસ થઈ જાય એમાં નવાઇ છેજ નહીં. કેટલીક મંડળીઓ એવી છે કે કામ કરનાર મંત્રીને માસિક ૩ કે ૪ રૂપિયા પગાર આપે છે. હલકા પગારથી એવી મંડળીઓમાં સેક્રેટરીઓ ઉમંગથી કામ કરે છે કે હતાશાથી ?

કોઇ જગાએ મંડળીમાંથી કરજ લેનાર સભાસદો નાણાં વસુલ આપવા ઇન્કાર કરી આવતા વર્ષે આપવા કહી બિનકાળજીદાર બનેઃ સેક્રેટરી વધુ કહેવા જાય તો માત્ર ૧૯૨૫ ના ૭ મા એકટની કલમ મુજબ ઓફીસર–તે ખરેખર બિનસત્તાધારી બિલ્લાવાળો ઓફીસર–પર કરજદારની ખફા દૃષ્ટિ થાય અને કોઈ કોઈ સ્થળે વૈમનસ્ય વધવાનો પ્રસંગ આવી વહાણ ખરાબે ચઢે.

એટલે બધું તપાસતાં સેક્રેટરીનો પગાર કોઇ વખત વસુલાત ઉપર નજ હોવો જોઇએ. "મંડળીમાં જેટલું વર્કિંગ કેપીટલ હોય તે મુજબ રૂા. ૧૦૦) ના વર્કિંગ કેપીટલ ઉપર દર વર્ષ રૂા. ૧) પગારથી વધુ નહીં આપવા માટેનો યુનીયનના પેટા કાયદામાં સમાવેશ કરવા અને તે પગાર જે જે માસે કામ કર્યું હોય કે ન કર્યું હોય તો પણ એક માસ પૂરો થયા પછી છેલ્લી તારીખને દિવસે પગાર લેવો જોઈએ–" એવું ઠરાવવું વાજબી થશે.

વસુલાત ઉપર સેક્રેટરીઓના પગારનું ધોરણ રાખવું એ વાજબી તો નથી. ગામડાંની મંડળીના સેક્રેટરીઓ જુજ પગારથી કેવી રીત કામ કરી પોતાનું ખર્ચ નિભાવે છે એ ખાસ નિહાળવાનું છે.

વસુલાત કેમ નથી આવી ? તે બાબત મંડળીના યુનીયનના સુપરવાઇઝર પ્રત્યેક મંડળીની કમિટિને પૂછી તેમનો હેવાલ લે. અને વસુલાત ન આપતા સભાસદોને એકત્ર કરી વસુલ આપી દેવા સમજ પાડવી એ ખરૂં કર્તવ્ય સુપરવાઈઝરનું હોઈ શકે; કારણ ગામનો માણસ ગામની મંડળીનો મંત્રી હોય તે ગામના માણસો સાથે કરજ વસુલ લેવા તકરાર નહીંજ કરે અને ચોખ્ખી રીતે નાણાં ભરવાનું કહેશે. જો તેમ ન કહે તો કમિટિમાં રજુ કરે; પણ કમિટિની એવી સ્થિતિ હોય તે માટે વસુલાત કરવા માટે સુપરવાઈઝરે મંડળીઓની દરમાસે વિઝીટ કરી તે શેરો મે. આ. રજીષ્ટ્રાર સાહેબ તરફ મોકલવો; અને સભાસદોને વસુલાત ભરાવવા સમઝ પાડવી

એ પ્રમાણે યુનીયનના સુપરવાઈઝર મંડળીઓના સભાસદોને પૂરતી સમજ પાડી જાય તો વસુલાત મંડળીઓમાં થઈ શકશે. કોઈ કોઈ મંડળીઓમાં નિઃસ્વા-

આપણે કમિટિના સભ્યો કામ કરતા હોય અને તે વસુલ લેવા મંડળીના સભાસદો સાથે વૈમનસ્ય કરે તેથી પણ પરિણામ ખોટું આવે.

જેથી પરિષદ્‌માં જે ઠરાવ રજુ થવાનો છે એ ઠરાવ બધા હાજર રહેલા ગૃહસ્થોને ગમે અને સર્વાનુમતે કદાચ મંજુર કરે તો તેથી એકદમ નહીં પણ યુનીયનના પેટા કાયદામાં એ બાબત દાખલ થઈ તો મંડળીઓનું-અરે! કામ કરનારા સેક્રેટરીઓનું–શું અસ્તિત્વ જળવાશે તેનો પાછળથી ખ્યાલ આવ્યા વિના નહીં રહે.

ઘણી મંડળીઓમાં સેક્રેટરીઓને લખવાનું કામ ઘણું હોય છે; જ્યારે કોઈ વર્ષે વસુલાત ઓછી આવે તે વખતે મળતા પૂરા પગારમાં વાંધો ઉઠે. એટલે જે ઉદ્દેશથી આપણે મંડળીઓ આદર્શ કરવા ધારીએ છીએ તે ઉદ્દેશ પાર પાડવા માટે એક પગલું આપણે પાછળ હઠવાનું થશે.

વખતોવખત આપણે પોકાર કરીને કહીએ છીએ કે સહકારી મંડળીનો મંત્રી એ સહકારી ચળવળનો પ્રાણ છેઃ જીવન છેઃ સ્તંભ છેઃ સંરક્ષક છેઃ સ્વયં-સેવક છેઃ તેની ઉપર તેના મળતા પગારમાં વસુલાત માટે કામ મૂકવામાં આવે એ આપણી ચળવળને હાનિકર્તા નહીં તો બીજું શું હોઈ શકે? એવા મંત્રીઓને તો આપણે–અરે! ચળવળના નેતાઓએ–પેટ પૂરતો પગાર આપવા સમૂહમંત્રી (ગ્રુપ સેક્રેટરી) નીમવા પ્રયાસ કરવો જોઇએ. તેનાથી થતી ભૂલો માટે માફી બક્ષી ફરી ન કરવા ભલામણ થવી જોઇએ. જો એ પ્રમાણે થવાની તજવીજ થશે તો મંડળીઓના મંત્રીઓ ઉમંગથી મંડળીઓનું કામ કરી શકશે અને આપણી ચળવળનો એજ મંત્રીઓથી વિજય થશે.

લેન્ડ મોરગેજ બેન્ક

ગુજરાતમાં લેન્ડ મોરગેજ બેન્ક દાખલ કરવા સરકારી ઠરાવ થયો છે તો તે વેળાસર હાથપર લેવાય તો તેથી ખેડુત લોકોને હાલ ધીરધારમાં ઘણી મુશ્કેલી પડે છે, તેમને જમીન ગીરો આપતાં રૂપીઆ મલતા નથી એવી સ્થિતિ થઇ રહી છે તેમાંથી ખેડુતો બચે. અને તેમને આવી બેન્ક થવાથી ઘણોજ લાભ થાય એમ હોવાથી તે વેળાસર હાથ પર લેવાવી જોઈએ. તેને માટે નામદાર સરકાર વેળાસર પગલાં લે એવી મે. રજીસ્ટ્રાર સાહેબને વિનંતિ કરવી જોઇએ. હાલ ખેડુતોની સ્થિતિ કફોડી થઇ ગયેલી છે તેમાંથી તેમને બચાવવા માટે આ યોજના ઘણી આવકારદાયક છે.

અહમદખાન વી. પઠાણ
તા. ઓ. ઓરગેનાઇઝર–**બોરસદ.**

લેન્ડ મોર્ટગેજ બેંક

(લેખકઃ—દિ. બા. એ. યુ. મલજી; ઓન. ઓર્ગેનાઈઝર ઉત્તર વિભાગ)

આ પ્રશ્ન, ખુબ ચર્ચા થઈ, હવે વ્યવહારૂ રૂપ પકડી બેઠો છે અને નક્કી કરેલા ધારાધોરણે ગુજરાતમાં ભરૂચ જીલ્લા માટે એક લેન્ડ મોર્ટગેજ બેંક કરવા ઠર્યું છે. ધારાધોરણનો ખરડો, નમુના તરીકે, મે. રજીસ્ટ્રાર સાહેબે મંજુર કર્યો છે અને હવે શરૂઆત કરવાની ખોટી ફક્ત પ્રોવીન્શીઅલ કોઓપરટીવ બેંકના ચાર ટકાવાળા ડીબેંચર, નામદાર સરકારે ખરીદવાની છે. આ ખરીદીનો દર નક્કી કરવામાં બેંક સાથે તેઓ એકમત થતા નથી. નામદાર સરકાર તે દર સેંકડે રૂા. ૮૫) થી ખરીદવા માંગે છે જ્યારે પ્રોવીન્શીઅલ બેંક તે રૂા. ૮૮) થી કમતી દરે વેચે તેમ જણાતું નથી. સ્થાનિક સરકાર, પાંચ ટકાના દરે 'હિંદુસ્થાનની સરકાર તેમને નાણું ધીરે છે, તે ઉપર ખરીદીનો મદાર બાંધે છે જ્યારે પ્રોવીન્શીઅલ કોઓપરેટીવ બેંક નામદાર સરકાર જે દરે બજારમાંથી નાણું ઉભું કરી શકે છે તેનો આધાર પકડે છે.

૨. આ બાબત કયું ધોરણ ખરૂં છે તે વિષે બે મત ભાગ્યેજ પડે તેમ છે. ઘરઘરના અને ખાતાખાતાના હિસાબ માટે કે શાખાઓના હિસાબ માટે જે વ્યાજના દર જમા ખરચ કરવા પુરતા નક્કી થાય તે કાંઇ બજારભાવ કહેવાય નહીં એટલે દલીલ તો બજારભાવ મુજબજ ખરી કહેવાય.

૩. બીજા પ્રદેશોમાં અને ખુદ વિલાયતમાં જ્યારે આવી સંસ્થાઓને એગ્રીકલ્ચરલ ક્રેડીટ બીલ લાવી, તે મંજુર કરાવી, કાયદાથી ઘણીજ કીમતી મદદ સરળતાથી કરી દેવામાં આવે છે ત્યારે અત્રે વ્યાજના દરનો પણ નીકાલ સરળતાથી આવી શકતો નથી એ ખેદજનક છે. નામદાર સરકાર ડીબેંચર લઇને નાણું આપનાર છે અને ડીબેંચર, ટ્રસ્ટ એક્ટની મંજુર થયલી જામીનગીરીના હોવાથી, લોનોની જેમ બજારભાવેજ ખરીદી શકાય. આ બધો નીકાલ દર પુરતો ફોન ઉપર કરવા જેવું છતાં એ વાત કાગળીએ ચઢી છે. પ્રોવીન્શીઅલ બેંકે રૂા. ૮૫) ના ભાવની ના પાડીને પોતાની બચત રકમ પૈકી નામદાર સરકારની મદદ વગર તે જોઈતી રકમ હાલ તુરત ફાજલ પાડી દેશે અને ભવિષ્યમાં દર બાબત ઘટતું થઇ રહેશે એમ ઠરાવ્યું છે.

૪ ઉપલા બંદોબસ્તથી કામનો ઉકેલ થતો નથી. લેન્ડ મોર્ટગેજ બેંક છ ટકા વ્યાજે ચાલુ કરવાનો વિચાર હતો. જ્યારે પ્રોવીન્શીઅલ બેંક સાત ટકાથી કમતી દરે આ નાણું ધીરી શકશે નહિ; એટલે આ મુજબ કામમાં ઢીલ પડવાથી શરૂઆત સારી થઈ શકતી નથી. નામદાર સરકારે આ બાબત ઉદારચિત્તે કામ લઈ બેંકનું કામ છ ટકાના વ્યાજથી હાર પડે એવી દરેક સગવડ જેમ બને તેમ જલદીથી કરી દેવી જોઈએ.

ગ્રામ સહકારી મંડળીઓ અને સેક્રેટરીઓ

લેખકઃ—**રા. રા. હરિલાલ પોપટલાલ વકીલ**; બી. કોમ.

ઓડીટર સહકારી મંડળીઓ–**સુરત.**

ગામડાંમાં જે સહકારી પરસ્પર શાખવાળી મંડળીઓ કાઢવામાં આવેલી છે તે મોટે ભાગે જોઇએ તેવા વિકાસને પામેલી નથી. મંડળીનો કારોબાર ચલાવવા વ્યવસ્થાપક પંચની ચુંટણી કરવી ઘણીજ મુશ્કેલ હોય છે. વાર્ષિક સભાઓ જો કે પેટા કાયદાનુસાર દર વરસે એપ્રીલ માસમાં ભરવી જોઇએ પરંતુ આ નિયમ જળવાતો નથી. સભાસદો મોટે ભાગે રૂા. ૧) પ્રવેશ ફી આપીને પૈસા કરજે લેવા માટેજ મંડળીમાં દાખલ થયા હોય છે. મંડળીનો ખરો ઉદ્દેશ સમજવાને કોઇ પ્રયત્ન કરતું નથી. અને અનાયાસે જો કોઈના મનમાં ખરી વાત આવી તોપણ ઘણા આગળ મારૂં શું ચાલે એમ સમજીને નિરુઘમી રહે છે. સભાસદોનો મોટો ભાગ અભણ અને પછાત વર્ગનો હોવાથી વ્યવસ્થાપક પંચ માંડ માંડ સમજાવીને ઉભો કરેલો હોય છે. આ વર્ગ પોતાની ફરજ અથવા તો જવાબદારી સમજતો નથી; સમજવાની જરૂર તેને જણાતી નથી. કેમકે મંડળીમાંથી પૈસા લઈને વખતસર પાછા નહીં ભરાય તો મે. ઓડીટર સાહેબ અથવા તો બેંક ટાંચ લાવીને પણ પૈસા વસુલ કરશે એવી ખાત્રી હોવાથી અંદર અંદર સભાસદો પાસે ઉઘરાણી કરી કડવાશ ઉત્પન્ન કરવી એ એમને યોગ્ય લાગતું નથી. હીસાબનું કામ સેક્રેટરી કરે છે. અને તે પોતાની ફરજ બરોબર બજાવે છે કે કેમ તે પોતે અજ્ઞાન હોઈ તપાસી શકે એમ ન હોવાથી મે. ઑડીટર સાહેબ આવે ત્યાં સુધી મુલતવી રાખે છે. ઘણી વખત એવું પણ બને છે કે વ્યવસ્થાપક પંચમાં ચેરમેનજ માત્ર કરતા હરતા હોય છે; બાકીના તો માત્ર સંખ્યા બતાવવાની ખાતર નામનાજ હોય છે. તેઓ મંડળીમાં ચેરમેન કહે ત્યાં અંગુઠા આપવા સિવાય બીજી ફરજ પોતાની સમજતા નથી. ચેરમેન કાંઇક ભણેલો હોય તો સેક્રેટરીનું કામ પોતેજ ભાંગ્યું તુટયું કરે છે. અને વર્ષ આખરે સેક્રેટરીને જે મહેનતાણું મળતું હોય તે પોતાને ઓનરેરીયમ તરીકે મળે તેવી ઈચ્છા રાખે છે. આવી મંડળીઓમાં ચેરમેન, સેક્રેટરી અને વ્યવસ્થાપક પંચના સભાસદો બધામાં પોતેજ હોય છે. અને કાયદા વિરુદ્ધ ન લાગે માટે જુદાં જુદાં નામો મંડળીના દફતરે બતાવી મંડળીનું કામ ધપાવે છે. આવી મંડળીઓમાં વસુલાતનું કામ બહુજ નામનું હોય છે; અને મોટે ભાગે એક પાઈ પણ જમે આવ્યા વગર ચાલાકીથી ખાતાંઓ જમે ઉધાર દર વરસે થયા કરે છે. ચેરમેનને પણ જો બરાબર નામું રાખતાં ન આવડતું હોય તો તે એક જુદા કાગળ ઉપર અથવા મોઢે નોંધ રાખે છે અને મે. ઓડીટર

સાહેબ, બેંક ઈન્સ્પેકટર અથવા તો કોઇ અમલદાર આવે ત્યારે તેની પાસે પોતાનાથી બનતું નામું લખાવી મંડળીનું કામ ધપાવે છે. આવી મંડળીઓના ચેરમેન, ઓડીટર સાહેબ ગામે વરસમાં એક વખત ઓડીટ કરવા આવે ત્યારે અનેક બહાનાં બતાવી બધા સભાસદોને હાજર થવા દેતા નથી. અને પોતાના અંગત ચાર પાંચ માણસોને બોલાવી મંડળીમાં રજુઆત કરાવે છે. મે. ઓડીટર સાહેબને સરેરાશ બે દિવસથી વધારે ગામે રોકાવું પરવડે એમ ન હોવાથી બધા સભાસદોની રજુઆત થઈ શકતી નથી જે ચેરમેનને ફાવતું આવે છે. આવી સ્થિતિ ઘણે ઠેકાણે હોવાથી એ જરૂરનું છે કે જ્યાં સેક્રેટરી સારો મળી શકે એમ ન હોય તે ગામે મંડળી ચાલવા દેવી એ ચેરમેન અથવા તો વ્યવસ્થાપક પંચને અપ્રમાણિક થવાના પ્રસંગો આપવા જેવું છે. સેક્રેટરી નહીં હોવાથી ચેરમેન પોતે જો કોઈ વસુલાત આવે તો તે પૈસા પોતાના ખાનગી કામમાં વાપરે છે. અને જ્યારે નામુ લખાય ત્યારે પોતાને અનુકૂલ તારીખ લખાવી પોતે કરેલો વાંક જણાવા દેતો નથી. આવા ગુન્હાઓ અટકાવવા માટે જરૂરનું છે કે જે સભાસદ પૈસા ભરવા આવે તેણે પાવતી માંગી લેવી જોઇએ અને જ્યારે મે. ઓડીટર સાહેબ વરસમાં એક વખત ઓડીટ કરવા આવે ત્યારે હાજર રહી પોતાને મળેલી પાવતી ચેક કરાવવી જોઇએ. એ પણ જરૂરનું છે કે દરેક સભાસદે ઓડીટ વખતે હાજર રહેવું જોઇએ. અને જો તે ખાસ કારણ વિના હાજર રહી ન શકે તો મંડળીના એકંદર લાભ માટે એવો નિયમ કરવો જોઈએ કે જે સભાસદો વાર્ષિક સભામાં તેમજ મે. ઓડીટર સાહેબ બોલાવે ત્યારે ખાસ લેખિત કારણ સિવાય હાજર ન થઇ શકે તેવાઓને મંડળીમાંથી કમી કરવા જોઇએ.

જે ગામમાં પછાત વર્ગ વિશેષ હોય છે અને ગામમાંથી એક પણ ભણેલો માણસ મળી આવતો નથી ત્યાં સ્કુલના માસ્તરને સેક્રેટરીનું કામ સોંપાય છે. જ્યાં સ્કુલ માસ્તર પરગજુ અને પ્રમાણિક હોય છે ત્યાં મંડળી સારી ચાલે છે; અને નામુ પણ સુવ્યવસ્થિત રહે છે. પણ આવા માણસો મળવા બહુ મુશ્કેલ હોય છે. જો તે અપ્રમાણિક અને લુચ્ચો નિવડે છે તો આખી મંડળીને તે બગાડે છે; વસુલાત સારી થતી નથી; અને જો મે. ઓડીટર સાહેબ અથવા તો બેંક તરફથી ચાંપતા ઉપાય લેવામાં આવે છે તો પેપર એન્ટ્રી થાય છે અથવા તો ખોટી મુદતો આપવામાં આવે છે. મુદતો આપવામાં એવું પણ બને છે કે સભાસદો કે જેના પૈસા પાકી ગયા હોય છે તે સેક્રેટરી અથવા તો ચેરમેનને રૂપીયો બે રૂપીયા ખવરાવી મુદત મેળવી શકે છે એવું માનવાને અનેક કારણો મળે છે. જ્યાં ચેરમેન અભણ અને ભોળો હોય છે ત્યાં સેક્રેટરી આવી લુચ્ચાઇનો લાભ પોતે એકલોજ લે છે.

જે ગામે સ્કુલ નથી હોતી ત્યાં તલાટીને દફતર સોંપવામાં આવે છે. આથી અભણ સભાસદો એમ સમજે છે કે મંડળીઓ સરકાર માબાપનીજ છે. સરકાર માબાપ ખેડુતોને રાહત આપવાને પૈસા ધીરે છે અને વસુલાત તલાટી મારફત કરાવે છે. વસુલાત કરે છે ત્યારે વધારે દુઃખ થાય છે. કેટલાક તલાટીઓ આવી તેઓની અજ્ઞાનતાનો દુરુપયોગ કરવા ચુકતા નથી. છુપી રીતે મુદત વધારી આપવાને બહાને પાનસોપારી પણ કઢાવે છે.

તલાટી અથવા તો સ્કુલ માસ્તર જે ગામે મળી આવતા નથી ત્યાં મંડળીના દફતરની બહુજ અવ્યવસ્થા હોય છે. જો સદ્દભાગ્યે સુપરવાઈઝર ગામે જાય અને જો ચેરમેન મળે તો દફતર લખી આપે છે. જો મંડળીએ બેંકમાંથી પૈસા લીધા હોય તો ત્યાં કોઈ વખત બેંક ઇન્સ્પેક્ટર પણ કાર્યવશાત્ જઈ ચઢે તો તે વખતે યાદ આવે તેટલું નામુ મંડળીમાં લખાવી લે છે. આવે ઠેકાણે સારા કાર્યકરનારા સેક્રેટરીને અભાવે ગ્રુપ સેક્રેટરી રાખવાની યોજના અવારનવાર થયા કરે છે. પણ આ યોજના ઘણે ઠેકાણે ફતેહમંદ નીવડી નથી, અને ફતેહમંદ નીવડશે કે કેમ તે શંકાભરેલું છે. એમ ધારવામાં આવે છે કે જ્યાં સુપરવાઈઝીંગ યુનીયન હોય ત્યાં ગ્રુપ સેક્રેટરી રાખવામાં કોઇપણ જાતની અડચણ નથી; કેમકે સુપરવાઈઝર ગ્રુપ સેક્રેટરી ઉપર સારી દેખરેખ રાખી શકશે અને તેનીપાસે ફરજ બજાવવામાં જોઇતો અંકુશ રાખી, મંડળીનું કામ સારી રીતે કરાવશે. આ માન્યતામાં ઝાઝું સત્ય રહેલું નથી; કેમકે ગ્રામ મંડળીઓમાં મોટો ભાગ ઘણીજ ખરાબ મંડળીઓનો છે કે જેને સુધારવામાં સુપરવાઇઝર પોતે પહોંચી વળે એમ નથી તો તે ગ્રુપ સેક્રેટરી ઉપર દેખરેખ રાખવામાં વખત મેળવી શકશે કે કેમ એ શંકાભરેલું છે. બીજું મંડળીઓ બગડવાનું મુખ્ય કારણ વસુલાત ઉપર રખાતી બેદરકારી છે; અને ગ્રુપ સેક્રેટરી રાખવાથી મંડળીની વસુલાતના કામમાં તે કોઇ રીતે ઉપયોગી થશે એમ માનવું અયોગ્ય ગણાશે. જ્યાં સુધી વ્યવસ્થાપક પંચ પોતે પોતાની ફરજ તેમજ જવાબદારી નહીં સમજે અથવા તો જ્યાં સુધી મંડળીમાં લાયક વ્યવસ્થાપક ચુંટાશે નહીં ત્યાં સુધી મંડળીને માટે સારી આશા રાખવી તે નકામી છે. ગ્રુપ સેક્રેટરીને એક કરતાં વધારે શેઠીઆઓના હાથ નીચે કામ કરવાનું હોવાથી એકનું કામ કરવા જતાં બીજાનું કામ બગડશે કે નહીં તે કહી શકાય એમ નથી.

હાલની પરિષદમાં એવો ઠરાવ લાવવામાં આવેલ છે કે "સેક્રેટરીઓના પગાર મંડળીઓએ વાર્ષિક મુકરર કરવા અને તેમને જરૂર હોય તો પગારના ફાળાથી વધે નહીં એવી રકમ એડવાન્સ તરીકે મેનેજીંગ કમીટીએ ઉપાડવા દેવી" આ ઠરાવ (અ) તથા (બ) વર્ગની મંડળીઓમાં અમલમાં મુકતા અડચણ નહીં પડે પરંતુ જે મંડળીઓના વ્યવસ્થાપક પંચ નામનાજ છે અને જ્યાં સેક્રેટરીજ કર્તાહર્તા છે ત્યાં આ સત્તા આપવી તે અયોગ્યજ ગણાય.

એવું મોટે ભાગે જોવામાં આવે છે કે સેક્રેટરી માત્ર પૈસા સભાસદોને વહેંચતી વખતે ઉત્સાહી હોય છે. પછી તો મંડળીના દફ્તરને અભરાઇએ મુકી દેછે. માત્ર મહીનાની પહેલી તારીખે પગાર લેવા માટે જરા દફ્તરમાં એક બે આંકડા પાડે છે. બાકી તો દફ્તર ધૂળ સાથેજ મે. ઓડીટર સાહેબ આવે ત્યારે ઉઘડે છે.

આ ઠરાવના પેટા ભાગ (બ)માં જે લખેલું છે તે બાબતમાં વસુલાતને અંગે સેક્રેટરીનો પગાર અટકાવવાને જરા વિચાર કરવા જેવું જણાય છે; કેમકે વ્યવસ્થાપક પંચની સત્તાથીજ ધીરધાર થાય છે અને વસુલાતનું કામ કરવામાં પંચેજ પોતે સાવધાન રહેવાનું છે. સેક્રેટરી તો માત્ર પંચના હુકમ મુજબ ઉઘરાણી કરે અને ઉઘરાણી કર્યા છતાં જો વસુલાત ૫૦ ટકાથી ઓછી થાય તો તેને માટે સેક્રેટરીને જવાબદાર ગણુવો અથવા તો તેણે યુનીયન અગર સ્થાનિક ઑડીટરની પરવાનગી વિના અમુક પગાર ઉપાડવો નહીં તે સમજાય એમ નથી. અલબત સેક્રેટરી પોતે વ્યવસ્થાપક પંચ અજાણુ તેમજ પછાત વર્ગના હોય તો મદદ કરે પરંતુ આ કામની જવાબદારી પંચ ઉપરજ રાખવી તે વધારે યોગ્ય ગણાશે.

(અ) આ ઠરાવ જે ઇરાદાથી આ પરિષદ્ આગળ મુકવામાં આવે છે તે ઇરાદો પુરેપુરો સચવાય એવી ઇચ્છા જો કે સૌ કોઈને હોય પણ તે અમલમાં મુકી શકાશે કે કેમ તે વિચારવાનું છે. અને તેટલા માટે નિચેનો સુધારો મુકવા હું ભલામણ કરૂં છું.

"દરેક મંડળીએ સેક્રેટરી તરીકે મંડળીનું કામ કરવા માટે એક સારા હીસાબીકામ જાણનારા માણસની નિમણુક કરવી પડશે અને તે કામ બરોબર થાય છે કે કેમ તે જોવા માટે યોગ્ય વ્યવસ્થાપક પંચની દર વરસે ચુંટણી કરવી પડશે. આવી મંડળીઓમાં જો સેક્રેટરીઓનું કામ સંતોષકારક મેનેજીંગ કમીટીને લાગે તો વાર્ષિક સભામાં મુકરર થયેલી રકમથી વધે નહીં એવી રકમ એડવાન્સ તરીકે ઉપાડવા દેવી."

ઠરાવ (બ) તો પડતોજ મુકવો પડશે કેમકે તેથી કાંઈ અર્થ સરે એમ માનવું ભુલભરેલું છે. સેક્રેટરીને ૫૦ ટકાથી વધારે પગાર આપતા અટકાવવાને કેટલીક મંડળીઓ કે જ્યાં સેક્રેટરીઓનો પગાર માસિક રૂા. ૨ કે ૩) હોય છે ત્યાં અસરકારક નીવડશે કે કેમ તે કહી શકાતું નથી. કેટલીક મંડળીઓને તો સેક્રેટરી મેળવતાં એટલી મુંઝવણ પડે છે કે પગાર આપીને સેક્રેટરીની પાસેથી કામ લેવામાં પણ સેક્રેટરી આખી મંડળીને ઉપકારના ભાર નીચે રાખતો ન હોય એમ સમજે છે.

આશા છે કે સહકાર પ્રવૃત્તિમાં રસ લેનારા આગેવાનો ખાસ ધ્યાન રાખે કે હવે પછીની નવી મંડળીઓ એવી સ્થિતિમાં ન કાઢવી કે જ્યાં મંડળીઓને પગાર આપવા છતાં પણ સેક્રેટરીઓના ઉપકાર નીચે દબાઈ રહેવું પડે!

ગુજરાત માટે લેન્ડ મોર્ટગેજ બેન્કની જરૂરીઆત

લેખક—**મી૦ પેસ્તનજી મેનાભાઇ ખેરગામવાળા જાગીરદાર,**
ખેરગામ તાલુકા ચીખલી.

હાલમાં નાણું ધીરનારી સહકારી મંડળીઓ જે પદ્ધતિ ઉપર કામ કરી રહી છે તે ઉપરથી એવો અનુભવ થાય છે કે નાના અને મધ્યમ સ્થિતિના ખેડુતોજ તેનો લાભ લઇ શકે છે. પરંતુ મોટા ખાતેદારો અને મોટા જમીનદારો અને ઇનામદારો આવી મંડળીમાં જોડાવાથી પોતાનું કાર્ય સાધી શકતા નથી. તેઓ કેળવાએલા, ભણેલા, સમજુ, અક્કલમંદ હોય છે અને પોતાની ખેતી આબાદ કરવાને યથામતિ પ્રયાસ કરી રહ્યા છે. કેટલીક વખતે તેઓ પાસે કામ કરવાને બધાં સાધન હોય છે; પરંતુ એમનાં નાણું કોઈ વખતે રોકાઈ જવાથી અને તે વખતસર પાછાં નહીં ફરવાથી એમનાં કામમાં નાણુંની તંગીને લીધે અડચણ પડે છે. ખેતીની આબાદી કરી બતાવવી હોય તો આવી જાતના સાધનવાળા મોટા જમીનદારોને બનતી બધી સગવડ આપવા સહકારી ચળવળમાં એ માટે પ્રયત્ન થવા જોઇએ, કે જેથી તેઓ પોતાની જમીનોમાં સારી જાતનાં બી વાપરી તેમજ નવી જાતનાં ખેતી ઉપયોગનાં હથીઆર, ઓજારો, વાપરી પોતાની જમીન સુધારી શકે. હાલમાં મારા જાણવા મુજબ આવી જાતના મોટા ખેડુતોની જમીન વાવેતર કરતાં ઘાસ અને બાવળમાં ઘણા મોટા પ્રમાણમાં રોકાએલી છે. ગુજરાતમાં ઘાસ અને બાવળની જમીન લગભગ પચાસ હજાર એકર ઉપરાંત હશે; અને જો તે બધીજ ખેડાણ કરવામાં આવે તો જરૂર તેથી ગુજરાતને મોટો લાભ થાય. ખેતીની પેદાશ અને તેની આવક ગુજરાતના ખેડુતોને મળે; અને તેને અંગે સેંકડો મજુરોને પણ રોજી મળે. અત્યાર સુધી આ પ્રશ્નનો ઉકેલ મુંબઈ ઈલાકામાં સહકારી પદ્ધતિએ કરવામાં આવ્યો નથી; જ્યારે હિંદુસ્થાનના બીજા ઇલાકાઓમાં દાખલા તરીકે પંજાબમાં આ વિષય છેલ્લા પાંચ વરસથી હાથપર લઇ લેન્ડ મોરગેજ બેન્ક સ્થાપવામાં આવી છે. જ્યારે આપણા ઇલાકામાં ૨ વરસ વહી ગયાં તો પણ એક પણ આવી જાતની બેન્ક સ્થાપવામાં આવી નથી. લગભગ એક વર્ષથી આવી બેન્ક ગુજરાતમાં ખોલવામાં આવનાર છે એવું અમે સાંભળ્યા કરીએ છીએ પરંતુ આવી ઉમદા અને જરૂરી બેન્ક ખોલતાં આટલી બધી ઢીલ થવી જોઇએ નહીં અને જેમ બને તેમ તાકીદે આ જાતની બેન્ક ગુજરાતમાં અને ખાસ કરીને સુરત જીલ્લામાં ખોલીને મોટા ખેડુતોને મદદ આપવા માટે તાકીદની જરૂર છે. જરૂર એ બેન્ક ખેડુતોને આબાદ કરશે; અને તેથી સહકારી ચળવળને અને ખેતીના ધંધાને એક જાતનું નવું જોસ મળશે. તેથી ટુંકમાં નામદાર સરકારને ગુજરાત માટે આવી લેન્ડ મોરગેજ બેન્ક તાકીદે સ્થાપવા વિનંતિ કરી આ લેખ હું પૂરો કરૂં છું.

સેન્ટ્રલ બેંકમાંથી પરમાવધિને ધોરણે ધિરાણ મંજુર કરવાની જરૂર

લેખકઃ—**શ્રીયુત કેશવલાલ એ. ઠક્કર**
આસી. રજીટ્રાર; સહકારી મંડળીઓ, વડોદરા રાજ્ય.

ગામડાંની શરાફી સહકારી મંડળીઓમાં સભાસદો વિશેષ અભણ અને ખેડુત વર્ગના હોય છે. અને સેન્ટ્રલ બેંકમાં મોટા ભાગે આવી મંડળીઓ સભાસદ હોય છે તેથી સેન્ટ્રલ બેંકમાંથી કરજ મળવાની માગણી કરવામાં બહુ ભૂલો થાય છે. અને ઘણી વખત તો એવું બને છે કે જ્યારે જોઈએ ત્યારે ખપ પુરતાં નાણાં સેન્ટ્રલ બેંકમાંથી મંડળીને મળતાં નથી. તેથી સેન્ટ્રલ બેંક અને શરાફી મંડળીઓ વચ્ચે વૈમનસ્ય ઉત્પન્ન થાય છે. અને તેથી ખેડુતોને શરાફી સહકારી મંડળી કરતાં ગામડાંના શાહુકારનો આશ્રય લેવાનું ગમે છે. આ વાત અનુભવીઓને સુવિદિત છે અને તેથી અત્રે વિશેષ ઉહાપોહ કરવો ઉચિત નથી. આ વાત અટકાવવાને માટે અને શરાફી સહકારી મંડળીઓને જ્યારે જોઇએ ત્યારે શાખ પ્રમાણે ખપ પુરતાં નાણાં વખતસર મળે તેવી યોજના થવાની બહુ જરૂર છે. ઠરાવ નં. ૩માં આવીજ યોજના રજુ કરવામાં આવી છે તે સ્વીકારવા જેવી છે. જે નાણાં ધીરવામાં આવે તે સુરક્ષિત તો હોવાંજ જોઈએ એ નિર્વિવાદ છે; તેથી ધિરાણ બરાબર તપાસ કરીનેજ થાય એ વાજબી છે. અને દર વખતે સેંન્ટ્રલ બેંકમાં કરજની માગણી મંજુર કરવી પડે નહિ અને એકજ વખતે પરમાવધિ (Maximum Credit) શાખને પાત્ર રહીને મંડળીની માગણી મંજુર કરી, મંજુર કરેલી રકમના કરજ ખતનો દસ્તાવેજ કરી લેવાની સેન્ટ્રલ બેંકે તજવીજ કરવી જોઈએ. અને આ રકમ માગણી પ્રમાણે બેંકે પુનઃ મંજુરીની વિધિ કર્યા વગર તત્કાળ ધીરવી જોઈએ. આથી ખેડુતોનું દુઃખ દૂર થશે, મંડળીઓની પ્રતિષ્ટા જામશે અને વિશેષ સભાસદો મંડળીઓમાં જોડાવા પ્રેરાશે. સેન્ટ્રલ બેંકે મંડળીઓને ધીરવાની રકમ બાબત આવી સવડ કરી આપવી જોઇએ. આમાં કાયદાનો કાંઈ પણ બાધ આવતો નથી; અને સર્વ મંડળીના હિતની વાત છે.

ધિરાણના વ્યાજનો દર

લેખકઃ—**શ્રીયુત કેશવલાલ એ. ઠક્કર**
આસી. રજીસ્ટ્રાર, સરકારી મંડળીઓ વડોદરા રાજ્ય.

આ બાબત સેન્ટ્રલબેંક અને શરાફી મંડળીની આંતર વ્યવસ્થાની છે. સેન્ટ્રલ બેંકના વ્યવસ્થાપકોને ધિરાણના વ્યાજનો દર ઠરાવવાનો અધિકાર છે. અને શરાફી

મંડળીઓ પોતાની સમગ્ર સભામાં ઠરાવ કરીને સહકારી અધિકારીની સમંતિથી ધિરાણુના વ્યાજના દરમાં ફેરફાર કરી શકે છે. તેથી આ બાબત પરિષદ્માં ઠરાવ કરવાની ખાસ આવશ્યકતા અમોને લાગતી નથી. વિશેષમાં શરાફી મંડળીઓએ સભાસદ સિવાયની થાપણો નહિ લેવાનું ધોરણ ઠરાવવું તે પણ ઈષ્ટ નથી. સેન્ટ્રલ બેંકના વ્યાજના દરની અસર એ સ્થળસીમામાં આવેલી સર્વ શરાફી મંડળીઓ ઉપર થાય છે. અને શરાફી મંડળીઓની પ્રગતિનો આધાર કરજ નહિ પણ થાપણો ઉપર છે. તેથી દિનપરદિન શરાફી મંડળીમાં સભાસદની અને બિનસભાસદની થાપણો વિશેષ પ્રમાણમાં આવે એવા ઉપાયો યોજવાની જરૂર છે. તેથી ગુજરાત વિભાગની મંડળીઓ બિનસભાસદની થાપણો લેવા લલચાય નહિ એવું ધોરણ ઠરાવવું એ કોઇ પણ રીતે હિતાવહ નથી એમ અમોને લાગે છે.

ઠરાવ નં. ૫, મા સંબંધે થોડુંક વિવેચન

લેખક:—શ્રી૰ જસવંતરાય જમીયતરામ
વ્યારા વિભાગ સહકારી મંડળીના ઓડીટર

મંડળીઓનું કામકાજ કરવાને મંડળી તરફથી સેક્રેટરી નીમવામાં આવે છે. આ સેક્રેટરીઓના પગાર મંડળી પોતાની મરજી પ્રમાણે ઠરાવે છે. તે બદલ કાંઈ ચોક્કસ ધોરણ ઠર્યાનું જણાતું નથી. માટે મારી સૂચના એવી છે કે સેક્રેટરીઓના પગાર માટે પણ કાંઈ ચોક્કસ ધોરણ હાલના ઠરાવ સાથે ઠરાવવામાં આવે તો સારૂં. બધી મંડળીઓમાં મંડળીઓના કાર્યવાહકો કુશળ હોતા નથી અને તેવી મંડળીઓમાં સેક્રેટરીઓની મરજી પ્રમાણે પગારની રકમ ઠરાવે છે. આ પદ્ધતિ બંધ થઈ મંડળીના વહેવાર ઉપર નજર રાખી કાંઈ ધોરણ ઠરાવવાની ખાસ જરૂર છે અને તેવું ધોરણ ઠરાવવા મારી સૂચના છે.

ઠરાવની કલમ અમાં સેક્રેટરીના પગારની રકમ એડવાન્સ આપવા ઠરાવેલું છે; પરંતુ કેટલીક મંડળીઓમાં એવું જણાઈ આવે છે કે સેક્રેટરીઓ કાંઈપણ કામ કાળજીથી કરતા નથી અને પગાર ખર્ચ પાડી લે છે તેથી ઠરાવના છેવટના ભાગમાં નીચે પ્રમાણે વધારો થવા મારી સૂચના છે:—

"પરંતુ આ પ્રમાણે એડવાન્સ તરીકે ઉપાડેલી રકમ જ્યાં સુધી મંડળીની તપાસણી થઈ ઓડીટરની તે બદલ સંમતિ થાય નહિ ત્યાં સુધી પાકે ખાતે ખર્ચ પાડવી નહિ. મંડળીના સેક્રેટરીનું કામ સંતોષકારક જણાશે નહિ તો એડવાન્સ ઉપાડેલી રકમ પરત વસુલ લેવા પાત્ર થશે."

ઉપરનો વધારો મંડળીના કામકાજના હિતની ખાતર થવા મારી સૂચના છે.

શરાફી વિષયના સંબંધે

(લેખકઃ—**શ્રીયુત સી. એન. લકડાવાલા**)

ઠરાવ નં. ૫ (બ)

યુનિયન ન હોય ત્યાં સ્થાનિક ઓડીટરની પરવાનગી સિવાય સેક્રેટરીએ પોતાની મંડળીમાં જે વર્ષે ૫૦ ટકાથી ઓછી વસુલાત થઈ હોય તે વર્ષે અર્ધા ઉપરાંતનું ખરચ પાડવું નહિ એવી મતલબતો દેખાય છે. તે અમલમાં કેવી રીતે મુકવો તે ઠરાવમાં લખાયલું જણાતું નથી. જ્યાં યુનિયન નથી ત્યાં તેના પેટા કાયદામાં તે સુધારો કેવી રીતે સમાવી શકાય ? જ્યાં યુનિયન હોય ત્યાં યુનિયનના પેટા કાયદામાં તે સમાવવા મે. રજીસ્ટ્રાર સાહેબને વિનંતિ કરવામાં આવશે પરંતુ જ્યાં યુનિયન ન હોય ત્યાં શું ? તે માટે કંઈ ચોક્કસ કરવામાં આવે તો સારૂં, અને તેને માટે પણ રજીસ્ટ્રાર સાહેબને કંઈ ભલામણ થવી જોઇએ. ઠરાવમાં બે વસ્તુઓ છે. જ્યાં યુનિયન હોય ત્યાં યુનિયનના પેટા કાયદા પ્રમાણે અમલમાં લાવી વસુલાત ૫૦ ટકા ઉપર કરાવવા સેક્રેટરીના પગાર ઉપર કામ મુકી તેના ઉપર ફરજ પાડવામાં આવી છે તેથી યુનિયનમાં સંયોજિત થયેલી તમામ મંડળીઓને તે બંધન કરતા થશે અને તે કરવું યોગ્ય છે. બીજી વસ્તુ જે મંડળીઓ યુનિયનમાં જોડાઈ નથી અગર જેના તાલુકામાં યુનિયન સ્થપાયું નથી ત્યાં ઓડીટરની પરવાનગી લેવાનો અંકુશ દર્શાવવામાં આવ્યો છે. પહેલામાં જે સૂચવવામાં આવ્યું છે કે જે સુધારો કરવા યોગ્ય લાગે છે તે સુધારો યુનિયનના પેટા કાયદામાં સમાવવો જ્યારે બીજી મંડળીઓ માટે તેવું કંઈ દર્શાવવામાં આવ્યું નથી.

જો ૫ (બ) પાસ થાય તો ૫ (અ) માં દર્શાવ્યા પ્રમાણે જો સેક્રેટરી એડવાન્સ રકમ ઉપાડે તો તે પાછી વસુલ કરવી ભારે થઈ પડશે. જો તે સેક્રેટરી તરીકે કાયમ રહેશે તો તેના ભવિષ્યના પગારમાંથી જો કાપવામાં આવે તો તે જાણ્યા પછી તે બરાબર કામ કરવામાં ઢીલ કરશે અને એ તે નોકરી છોડી ચાલ્યો જશે તો વસુલ કરવી ભારે થઇ પડશે; માટે એડવાન્સની રકમ અમુક મંડળીઓમાં જરૂર હોય તો તે મંડળીઓ પોતાની મેળે આપે પરંતુ કોન્ફરન્સના ઠરાવથી તે ન અપાય તો વધારે સારૂં.

બિનસભાસદની થાપણો વગેરે

બિનસભાસદોની થાપણોની આપલે હંમેશાં મધ્યસ્થ બેન્ક મારફત થાય એ અશકય છે. તેથી થાપણદારને ઘણી તકલીફ વેઠવી પડે છે. અને તકલીફ થવાથી તેવી રકમો આવતી અટકી જાય છે. અને થાપણનું ઓછું વ્યાજ પડે છે તે લાભ

મળતો નથી. પરંતુ તે થાપણ સંબંધી દગો અટકાવવા માટે થાપણ જમા થયા બદલની ચેરમેન અને સેક્રેટરીની સહીની પાવતી આપવી અને તે પાવતી કોઈ જવાબદાર અમલદાર જેવા કે તા. ઑ. ઓર્ગેનાઇઝર અગર ડી. ઓ. ઓર્ગેનાઇઝર તેમને બતાવવામાં આવે કે જે તે રકમ રોકડ લેવામાં જમા થયેલી છે કે નહિ તેની પુરતી તપાસ કરી પછી તે પાવતી ઉપર સહી કરીને આપે. એવા જવાબદાર અમલદારની સહીવાળી પાવતી દરેક બિનસભાસદ થાપણદારને આપવી જોઈએ એવું મહેરબાન રજીસ્ટ્રાર સાહેબે જાહેર પ્રજાને જણાવવું જોઇએ.

જો અ વર્ગની મંડળીઓનેજ બિનસભાસદ થાપણો લેવાને રજા આપવામાં આવે તો બીજી મંડળીઓને તેનો લાભ મળતો નથી. અને પેટા કાયદામાં તેવો ફેરફાર કરાવવો યોગ્ય જણાતું નથી. અ અને બ વર્ગની મંડળીઓને તે થાપણનો લાભ મળવો જોઇએ. જે સોસાઇટી સારી ચાલતી ન હોય તેને માટે તે થાપણ લેવાની ના પાડવામાં આવે તે ઠીક છે પણ તેવો સુધારો પેટા કાયદામાં કરી દરેક સોસાઇટીને લાગુ કરવો તે ઠીક નથી.

સેક્રેટરીઓના પગાર

સેક્રેટરીઓના પગાર વાર્ષિક નહિ પણ માસિક મુકરર કરવા જોઇએ. કારણ જો માસિક પગાર મળે તો તેઓને તેથી પૈસાની સવડ રહે. પોતાના કામ જેટલી તેને રકમ મળી રહે છે. વાર્ષિક પગાર આપવાથી કોઈ સેક્રેટરી વરસની શરૂઆતના બે માસ કામ કરે અને તે દરમિયાન પોતાની જરૂરીયાત બતાવી મેનેજીંગ કમીટીની રજા લઇ વાર્ષિક પગારની મુકરર કરેલી રકમનો મોટો ભાગ લઈ લે અને પછી પોતાનું કામ છોડી દે. જેથી તેણે કરેલા કામ કરતાં તેને વધારે મળે છે. અને કામ બરાબર થતું નથી. પણ જો પગાર માસિક મળે તો તેને કામ કરવામાં ઉત્સાહ રહે છે. પોતાની મહેનત કરતાં વધુ મળવાનું તેને રહેતું નથી કારણ દર માસે તેણે શું કામ કર્યું તે જોયા પછી તેને પગાર મળે તેવી ગોઠવણ થઇ શકે.

(બ) ૫૦ ટકાથી જ્યાં ઓછી વસુલાત થઈ હોય ત્યાં એ વિચાર થવો જોઇએ કે વરસ સારૂં હતું કે નબળું હતું. જો વરસ નબળું હોય તો ૫૦ ટકાથી ઓછી વસુલાત કરવામાં અને તેથી વધુ વસુલ કરવામાં (સારા વરસમાં) સરખી મહેનત પડે છે. એટલે સારા નરસા વરસનો પણ તેમાં વિચાર થવો ઘટે છે. એટલે જે યુનીયનની અગર ઓડીટરની પરવાનગી લેવાનું જણાવ્યું છે તે એટલાજ પુરતી છે.

લેખકઃ—રા. રા. **અહમદખાન વી. પઠાણ**

તા. ઓ. ઓરગેનાઇઝર—**બોરસદ.**

સબકમિટિ નં. ૨

છઠ્ઠી ગુજરાત વિભાગી સહકારી પરિષદ્

માં

બિનશરાફી વ્યવહાર સંબંધે

ચર્ચવાના વિષયો

પરિષદ્ ભરાયાની તારીખઃ—
૩ જી ને ૪ થી જુન; ૧૯૨૮

પ્રમુખઃ—
રા. બા. ગોવિંદભાઇ હાથીભાઈ દેસાઇ
નાયબ દિવાન; વડોદરા રાજ્ય.

બિનશરાફી વ્યવહારના વિષયોને લગતા ઠરાવો

ઠરાવ નં. ૧

મે. રજીસ્ટ્રાર સાહેબને વિનંતિ કરવી કે શાખવાળી મંડળી માટે નમુનાના પેટા કાયદામાં નીચે મુજબ, પેટા કાયદા સમાવવાઃ—

(અ) મંડળીના દરેક સભાસદે પોતાનો બજારૂ પાક (Money crops) માલ વેચાણની મંડળી, યુનિયન, અથવા નાણાં ધીરનારી સંસ્થા કે જેની સાથે મંડળી સંયોજિત થઈ હોય તેની મારફતે વેચવો જોઇશે.

(બ) જ્યારે ગ્રામ મંડળી મારફતે આવતો માલ કમીશનથી વેચાવી આપવા નાણાં ધીરનારી સંસ્થા તૈયાર હોય ત્યારે જે ઇસમ પોતાનો બજારૂ પાક (Money crops) મંડળી મારફતે વેચવા કબુલ ન કરે તેને મંડળીમાં સભાસદ તરીકે દાખલ કરવો નહિ.

(ક) જ્યારે નાણાં ધીરનારી સંસ્થાઓ મદદ કરવા તૈયાર હોય ત્યારે તે સંસ્થા સાથે સંયોજિત થયેલી મંડળીના સભાસદોનો બજારૂ પાક (Money crops) નાણાં ધીરનાર સંસ્થા મારફતે વેચવા કબુલ થાય નહિ તો તવી મંડળીઓને તે નાણાં ધીરશે નહિ.

(ડ) ઉપલા પેટા કાયદા અમલમાં મુકવા અર્થે મધ્યસ્થ નાણાં ધીરનારી સંસ્થાઓએ સઘળી શકય ગોઠવણો કરવી જોઈશે અને તેમણે આવાં વેચાણો ઉપર વાજબી ધોરણે પોતાનું કમીશન મુકરર કરવું જોઇશે.

ઠરાવ નં. ૨

ઉત્તર ગુજરાતના પ્રદેશમાં બિનશરાફી સહકારનું કામ ખીલવવા માટે એક એગ્રીકલ્ચર ઓરગેનાઈઝર નીમવા આ પરિષદ્ નામદાર સરકારને ભલામણ કરે છે.

સભાસદોનો બજારૂ પાક

(MONEY CROPS OF THE AGRICULTURISTS)

લેખકઃ—**રા. રા. હરિલાલ પોપટલાલ વકીલ;** બી. કોમ;

ઓડીટર, સહકારી મંડળીઓ–**સુરત.**

ખેડુતો પોતાના ખેતરની અંદર જે પાક ઉત્પન્ન કરે છે તેમાંનો મોટો ભાગ તેઓ બજારમાં વેચી નાખી પોતાને જોઇતી વસ્તુઓ ખરીદે છે; અથવા તો શાહુકારોને જુના દેવા પેટે આપી દે છે. જ્યારે પાક સારા પ્રમાણમાં થયો હોય છે ત્યારે તેઓ પોતાની વાર્ષિક જરૂરિયાત જેટલું રાખી બાકીનું બધું વેચી નાખી પૈસા ઉત્પન્ન કરે છે. વરસ નબળું હોય તોપણ પોતાને જોઈતી વસ્તુઓ જેવી કે કપડાં, વાસણો, ગંધીયાણું, તેમજ પોતાની ખેતીને લગતી વસ્તુઓ જેવાં કે ઢોર, ઓજાર, વગેરે ખરીદવા માટે પોતાની ઉપજનો મોટો ભાગ વેચી નાખે છે. ઘણી વખતે એવું પણ બને છે કે તેઓનો માલ સારા પ્રમાણમાં નહીં હોવાથી તેમજ બજાર ભાવ સારો નહીં આવવાથી શાહુકારોનો આશ્રય ખેડુતોને વારંવાર લેવો પડે છે, એટલુંજ નહીં પણ લગ્ન, શ્રાદ્ધ, ઉત્તર ક્રિયા માટે ન્યાતો જમાડવી વગેરે વ્યાવહારિક ખર્ચો પણ શાહુકારનાં ખોટાં દેવાં કરી કરવાં પડે છે. આ રીતથી ખેડુતનું દેવું વધતું ચાલે છે; વ્યાજનો દર પણ એટલો બધો હોય છે કે ખેડુત માંડ માંડ વ્યાજ જેટલુંજ દર વરસે બચાવી શકે છે; અને કેટલીક વખતે તો વ્યાજ પણ મુદ્દલ તરીકે ઉમેરાઈ ચક્રવૃદ્ધિ વ્યાજ દેવા તરીકે દર વરસે ઉમેરાયા કરે છે. કેટલાક શાહુકારો તો વરસમાં બે વખત ખાતાં સરભર કરવાની રૂઢી દાખલ કરી, છ છ માસે નવા ખાતાઓ દોરી, ચક્રવૃદ્ધિ વ્યાજને વિશેષ ગતિ આપવામાં પોતાની ચાલાકીનો ઉપયોગ કરવા ચુકતા નથી. ખેડુતોની સ્થિતિ વરસે વરસે બગડવામાં આટલાંજ કારણો બસ નથી. ખેડુતો પોતાની જરૂરીયાતો અને વ્યાવહારિક ખરચો શાહુકારદ્વારા પુરાં પાડવા ઉપરાંત પોતાનો માલ તેમની મારફતજ બજારમાં વેચાવે છે. મોટે ભાગે એવું બને છે કે ખેડુત જે શાહુકારને ત્યાંથી પૈસાની ઉપાડ કરતો હોય તેને પોતાનો બધો માલ સોંપી દે છે. ભાવ તેમજ હિસાબ બાબતમાં તે બરોબર ન સમજતો હોવાથી શાહુકારને પોતાનો આશ્રયદાતા ગણી તેના કહેવા પ્રમાણેજ વર્તે છે. શાહુકાર તેને માટે ઇશ્વિર તુલ્ય છે. તે ખોટું કરે નહીં તેવો તેને પૂર્ણ વિશ્વાસ હોય છે. અને કદાચ કોઈ તેના શાહુકાર વિરુદ્ધ બોલે તો તે બોલનાર તેના શાહુકારનો દુશ્મન હશે અથવા તો તેને કાંઈ સ્વાર્થ હશે એમ સમજી તે વાત કાને ધરતો નથી. વધારામાં તે એમ સમજે છે કે માણસને જેમ અન્ન, કપડાં, અને ઘર વિના ચાલતું નથી તેમજ જે ખેડુતને ખેતી કરવી છે અને દુનિયામાં રહી વ્યવહાર કરવો છે તેને

શાહુકાર વિના ચાલેજ નહીં! શાહુકાર વિનાનો ખેડુત ધણી વિનાના ઢોર જેવો છે! આવી માન્યતા હોવાનું કારણ ખેડુતોની ગરીબાઈ તેમજ અજ્ઞાનતા છે. અક્ષર-જ્ઞાન નહીં હોવાથી ખેડુતને ભણેલા માણસ ઉપર વિશ્વાસ રાખી પોતાનો વ્યવહાર કર્યા વિના છુટકોજ નથી. તે સમજે છે કે જે શાહુકાર પોતાને અણીને વખતે પૈસા આપે છે, અને તેના બદલામાં જે શાહુકારની પુરેપુરી સેવા તેમજ તાબેદારી ઉઠાવે છે, તે દગો નહીં દે. કદાચ દગો દેવાની તેની ઇચ્છા થશે તો તે દુઃખી થશે. અને પરમાત્માનો તે ગુન્હેગાર બનશે. માટે જ્યાં સુધી ખેડુતની અજ્ઞાનતા દૂર ન થાય ત્યાં સુધી પૈસાવાળા અને ભણેલા શાહુકાર વિના ખેડુતોને ઘડીભર ન ચાલે. "જેનો શાહુકાર વધારે ગબ્બર, તેનો ખેડુત વધારે જબ્બર" આ કહેતી તેઓના હૃદયમાં જમાના થયા ઘર કરી બેઠી છે. અને જમાનો પલટાતાં તો કહેતી પલટાશે એમ માનવું તે કુદરતી છે. ખેડુતોને હવે જણાયું છે કે શાહુકારો હવે અસલના જેવા નથી રહ્યા. કેટલાક શાહુકારો તેઓની અજ્ઞાનતાનો દુરુપયોગ કરતા થયા છે. અને વખત જતાં તેઓ પોતાની ખેતીનું ધણીપણું ગુમાવી મજુરીયા થઈ જશે એવું કાંઈક કાંઈક ભાન તેઓને થવા માંડયું છે. મોંઘવારી વધતી જાય છે, ખોટાં ખરચ વધ્યાં છે, અને આવક ત્યાંની ત્યાંજ રહી છે, બલ્કે કેટલીક બાબતમાં ઘટાડો થયો છે.

નામદાર સરકાર તરફથી પરસ્પર સહાયકારી મંડળીઓ જ્યારથી ખેડુત વર્ગમાં દાખલ કરવામાં આવી છે ત્યારથી વ્યાજના દરમાં ખેડુતોને રાહત મળી છે; પરંતુ આ રાહત થોડા અંશેજ છે; કેમકે ખેડુતોની જરૂરીયાતો અને જમાનાને અનુસરતાં કેટલાંક ખરચો એટલાં બધાં વધ્યાં છે કે સહકારી મંડળીઓ તેઓની જરૂરીઆતો માટે પુરતા પૈસા આપી શકતી નથી અને ખેડુતોથી શાહુકારોનો આશ્રય છોડાતો નથી. ગરીબાઈ અને અજ્ઞાનતાને અંગે માલ શાહુકાર હસ્તક વેચાયા વગર છુટકોજ થતો નથી. કેટલીક બાબતોમાં જ્યાં ખેડુત શાહુકારના પંજામાં સપડાયો હોય છે ત્યાં તો જેવો માલ તૈયાર થાય કે તરતજ શાહુકાર ગાડું લઈને ખેડુતને ત્યાં ધામો નાખે છે; અને બધો માલ પોતાના દેવા પેટે ખેડુતની મરજીથી કે જબરદસ્તીથી પોતાને ઘરે લઈ જાય છે. જો ખેડુત મંડળીનો દેવાદાર હોય તો મંડળી વા ખાતી રહે છે. અને જ્યાં કમીટીના મેંબરો કાંઈક સમજુ હોય છે તો તે પણ શાહુકારના મારેલા હોવાથી આંખ આડા કાન કરે છે. આવી બાબતો હાલની દરેક સહાયકારી મંડળીમાં મોટે ભાગે જોવામાં આવે છે; અને મંડળીઓની પ્રગતિ અટકાવનારૂં ખાસ મોટું કારણ આજ છે. જ્યાં સુધી સહકારી મંડળીઓ પોતાના સભાસદ ને શાહુકારને ત્યાં જતા અટકાવશે નહીં ત્યાં સુધી મંડળીઓ સારા પાયા ઉપર આવે એમ ઇચ્છવું વૃથા છે.

સહકારી મંડળીઓમાં રસ લેનારાઓને મારી ખાસ વિનંતિ છે કે તેઓએ સરવાયાના આંકડાઓ જોઈને મંડળીની સ્થિતિનો ખ્યાલ પૂરેપૂરો આવે છે એમ

સમજવું નહીં. કેટલીક મંડળીઓનાં સરવાયાં એવાં છે કે કાગળના બનાવેલા મહેલને જોઇને આ ખરેખર મહેલ છે એમ લાગે છે. મારા આ કથનમાં જરાપણ અતિશયોક્તિ નથી. જેઓ પ્રચારમાં અંગત સંડોવાયલા છે તે મારા આ કથનમાં સામેલ થયા વગર રહેશેજ નહીં.

મંડળીઓને કેમ સુધારવી, તેઓની અંદરનો સડો કેમ દૂર કરવો, એ સહકાર પ્રવૃત્તિમાં રસ લેનારાઓનું મહાભારત કામ થઈ પડેલું છે. મંડળીઓ ઘણી વધી છે; અને વરસે વરસે વધતી જાય છે. મે. રજીસ્ટ્રાર સાહેબને ત્યાં આ મંડળીઓનું વધતું જતું કામ અસહ્ય લાગે તો તેમાં નવાઇ નથી. તેઓ સાહેબ નવી મંડળીઓ ઉપસ્થિત કરવા કરતાં ચાલુ મંડળીઓ સુધારવા પોતાનો અમૂલ્ય વખત રોકે તો તે વધારે લાભદાયક ગણાય એમ હવે તો તેઓ સાહેબને પણ જણાયું છે. કેટલાક એમ ભલે માનતા હોય કે સહકારનો ફેલાવો વધારવામાં સંખ્યા સારો ભાગ ભજવે છે. બહુ રીતે તપાસતાં આ મત ઠીક નથી લાગતો. સારી રીતે સુવ્યવસ્થિત મંડળીઓ સહકારનો જે ફેલાવો કરે છે તે ફેલાવો ગમે તેમ ઉભી કરેલી મંડળીઓ નથી કરી શકતી ભલે પછી તેવી મંડળીઓની સંખ્યા વધારે હોય. ઉલટું આવી મંડળીઓ સહકારનો ફેલાવો અટકાવે છે; અને પ્રજામાં સહકાર તરફ અણગમો, અવિશ્વાસ અને શંકા ઉત્પન્ન કરે છે.

મંડળીઓને સુધારવામાં જે અથાગ પરિશ્રમ હાલમાં નામદાર સરકાર તરફથી તેમજ ઇન્સ્ટીટ્યુટ, બેંક, અને સુપરવાઇઝીંગ યુનીયન તરફથી કરવામાં આવે છે તે મંડળીઓના સભાસદોને શાહુકારને ત્યાં જતા અટકાવવાનો રામબાણ ઇલાજ છે. આ ઇલાજ વાપરવામાં શાહુકારનું બધું કામ સહકારી મંડળીઓદ્વારા થવું જોઈએ અને જ્યાં સુધી આ કામ પુરેપુરૂં હાથ ન ધરાય ત્યાં સુધી સભાસદોની સ્થિતિ સુધરે એમ નથી.

આજની પરિષદમાં જે ઠરાવ મુકવામાં આવે છે તે આવીજ કોઇ વ્યવસ્થા કરવા માટેનો છે અને આ વ્યવસ્થા મંડળીના નમુનાના પેટા કાયદામાં (Model Bye-laws) દાખલ કરવા મે. રજીસ્ટ્રાર સાહેબને વિનંતિ કરવા બાબતનો છે.

આપણા દેશની અંદર સહકારનો ફેલાવો નામદાર સરકાર મારફત થયો છે; અને તેમની મદદ વગર આપણે કાંઈ કરી શકતા નથી એ ખરેખર દીલગીરીની વાત છે. જ્યાં સુધી આપણો ખેડુત વર્ગ પૂરેપૂરો કેળવાયલો નથી ત્યાં સુધી પોતાનો સ્વાર્થ શેમાં સમાયલો છે તે સમજી શકે એમ નથી; એટલે આવી પરિષદોમાં આવા ઠરાવો પાસ કરી મે. રજીસ્ટ્રાર સાહેબની હકુમત દ્વારા ખેડુત પાસે અમલ કરાવવા એજ આપણે માટે સ્હેલો રસ્તો છે.

પરંતુ આવા ઠરાવો પસાર કરાવવા તે પહેલાં તે અમલમાં મૂકી શકાશે કે કેમ અને માત્ર હુકુમતથી અમલમાં મુકાવા કરતાં જો ખેડુતો રાજીખુશીથી પોતાનો સ્વાર્થ સમજીને તે અમલમાં મૂકી શકે એવો કાંઈ રસ્તો છે કે કેમ તે બાબત વિચાર કરવો આવશ્યક છે.

જ્યાં સુધી મંડળીની મેનેજીંગ કમીટી અજ્ઞાન અને પોતાની ફરજ સમજી શકે એવી ન હોય ત્યાં સુધી નમુનાના પેટા કાયદામાં આપણે આ ઠરાવ દાખલ કરાવીએ તેથી કાંઈ અર્થ સરે એમ નથી. આવી મંડળીઓમાં સભાસદોને કેળવવા બનતો પ્રયાસ કરવો અને જો યોગ્ય વખતમાં મેનેજીંગ કમીટી સારી ન બની શકે તો તે મંડળી નાબુદ કરવી તેજ યોગ્ય ગણાય. જ્યાં મેનેજીંગ કમીટી કેળવાયલી અને પોતાની ફરજ સમજી શકે તેવી હોય ત્યાં સભાસદોની ચાલુ જરૂરીઆતનાં પત્રકો તૈયાર થવાં જોઇએ; એટલુંજ નહીં પણ આવાં પત્રકો બેંક ઈન્સ્પેક્ટરદ્વારા અથવા તો જ્યાં યુનીયનની હયાતી હોય ત્યાં સુપરવાઇઝરદ્વારા ચેક થવાં જોઇએ. આ કામ બનતી ત્વરાએ થવું જોઇએ; નહીં તો વખતસર પૈસા ન મળતાં સભાસદો શાહુકારનો આશ્રય લે તે સ્વાભાવિક છે. આવી જરૂરીઆતનાં પત્રકો તૈયાર થયે સભાસદોને તેમની જરૂરીયાતના પ્રમાણમાં પૈસા, નાણાં ધીરનારી મંડળીઓ પાસેથી ધીરાવાંજ જોઇએ એવું જ્યાં સુધી નક્કી ન થાય ત્યાં સુધી સભાસદોને શાહુકારનો આશ્રય લેતાં અટકાવવા એ ગેરવાજબી ગણાય. જો સભાસદો શાહુકારને ત્યાં જતાં અટકે નહીં તો તેઓનો માલ, વેચાણની મંડળી, યુનીયન, અથવા બેંક દ્વારા વેચવાની ફરજ પાડવી તે અમલમાં મૂકી શકવાને બહુજ મુશ્કેલ પડશે એટલુંજ નહીં પણ છુપી રીતે સભાસદો અપ્રમાણિકતા વાપરશે. એવા ઘણા દાખલા જોવામાં આવે છે કે સભાસદો કેટલીક વખતે અધીરા બને છે અને પૈસાની તંગીને લીધે પોતાનો માલ પાણીના મૂલે આપી દે છે. મંડળીમાંથી પૈસા મેળવાની એક બે દિવસની વાર હોય તો પણ કેટલાક અજ્ઞાન ખેડુતો તેટલી વાર પણ થોભી શકતા નથી; અને આવા સભાસદોની મોટી સંખ્યા હોવાથી જ્યાં સુધી તેઓને મંડળીમાં વિશ્વાસ ઉત્પન્ન નહીં થાય ત્યાં સુધી તેઓ પોતાનો માલ મંડળીદ્વારા વેચશે નહીં.

જે સભાસદો આવી મંડળીઓદ્વારા પોતાનો માલ વેચશે નહીં તેમને સભાસદ તરીકે દાખલ કરવા નહીં અથવા તો સભાસદપણામાંથી રદ કરવા એ બાબતનો ઠરાવ બહુ અસરકારક થશે એમ માનવું પણ ભુલભરેલું છે. હાલમાં મોટે ભાગે મંડળીઓની સ્થિતિ સભાસદની સંખ્યા ઉપરજ ટકી રહેલી છે. કેટલીક મંડળીઓમાં સભાસદની સંખ્યા નામનીજ હોય છે. ઘણી વખત ૫૦ ટકા જેટલાજ પૈસાની લેવડદેવડ કરતા હોય છે. બાકીના તો ઊંઘતા સભાસદો (sleeping members) તરીકે

રાખવામાં આવેલા હોય છે. મંડળીઓ ટકાવવા માટે જ્યાં નવા સભાસદોને સમજાવીને દાખલ કરવાની જરૂર પડતી હોય ત્યાં આવા ઠરાવો મંડળીને વિનાશરૂપ થાય તે સ્હેજે સમજાય એમ છે.

પહેલા ઠરાવની અંદર પેટા નિયમ (ક)માં એમ લખેલ છે કે જ્યારે નાણાં ધીરનારી સંસ્થાઓ મદદ કરવા તૈયાર હોય ત્યારે તે સંસ્થા સાથે સંયોજિત થયેલી મંડળીના સભાસદોનો બજારૂપાક (Money crops) નાણાં ધીરધાર સંસ્થા મારફતે વેચવા કબુલ થાય નહીં તો તેવી મંડળીઓને તે નાણાં ધીરશે નહીં. આ ઠરાવ જોકે બેંકને માટે ધીરેલા પૈસા વસુલ કરવામાં તેમજ સભાસદને સારો ભાવ ઉત્પન્ન કરી આપવામાં એમ બન્નેને ફાયદાકારક છે; છતાં વ્યાવહારિક દૃષ્ટિએ અમલમાં મૂકી શકાય એમ નથી. કેમકે બેંક જ્યાં સુધી પોતે જોઈતા પૈસા આપી મંડળીનો વિશ્વાસ સંપાદન નહીં કરે ત્યાં સુધી મંડળીના કાર્યવાહકો પોતાનો માલ વેચવા જેવો તૈયાર કરીને બેંકને સ્વાધીન કરે તેમ નથી. ખેડુતો દેવામાં અને અજ્ઞાનતામાં એટલા બધા ડુબેલા છે કે માલ પાકયા પહેલાં તો શાહુકારોને ત્યાં પોતાના અંગુઠા માલ વેચાણ પેટે એટલા બધા ચીતરેલા હોય છે કે બેંકને તેનો માલ પોતાના કબજામાં લે તે પહેલાં તો તે કયાંયે ગેપ થઈ ગયો હોય છે. કેટલીક મંડળીઓની સ્થિતિ તો એવી દયાજનક હોય છે કે વસુલાતમાં સ્હેજ આંચ આવી કે બેંક પોતાની કોથળી સજ્જડ બંધ કરી રાખે છે.

આ ઠરાવ ચાલુ પરિષદ્‌માં રજુ કરતાં પહેલાં એમાં એવો સુધારો થવાની જરૂર છે કે બેંકે અથવા તો યુનીયને દરેક મંડળીના સભાસદોનું મીલ્કત પત્રક બનાવવું; તેના પ્રમાણમાં તેઓની ચાલુ જરૂરીયાતો તેમજ વાર્ષિક વ્યાવહારિક ખરચનાં પત્રકો તૈયાર કરવાં; અને તે બધી બાબતોનો વિચાર કરી પૂરતા પૈસા ધીરવા; અને જે સભાસદને શાહુકારને ત્યાં દેવું કરવાની જરૂર પડે તેણે પોતાની મંડળીની મેનેજીંગ કમીટીની, બેંકની, યુનીયનની, સંમતિ મેળવીનેજ દેવું કરવું; અને જે સભાસદ એ પ્રમાણે વર્તે તેનેજ રાખવો, બીજાને નાબુદ કરવો—એવો સુધારો જ્યાં સુધી થાય નહીં ત્યાં સુધી આ ઠરાવનો અમલ મંડળીને લાભદાયક થશે કે કેમ તે શંકાસ્પદ રહેશે.

ખેડુતની સ્થિતિ સુધારવાના રસ્તા

લેખકઃ—**શ્રી૦ પોપટલાલ-ટી-પરીખ,**

ઈન્સ્પેકટર, સુરત ડીસ્ટ્રીકટ કોઓપરેટીવ બેન્ક લીમીટેડ

(૧)

સહકારી મંડળીઓનો મુખ્ય હેતુ પોતાના સભાસદોની આર્થિક સ્થિતિ સુધારવાનો છે અને તેને અંગે જે જે રસ્તે સભાસદની આર્થિક સ્થિતિ સુધરે તે તે રસ્તે સભાસદને દોરી જવાની મંડળીની ફરજ છે. આવા સીધા રસ્તાઓ કે જેના વડે સભાસદ પોતાની સ્થિતિ સુધારી શકે તે પ્રમાણે જો કોઈ સભાસદ ચાલવાને રાજી ન હોય તો એનો એક અર્થ એમ નીકળે કે સભાસદ પોતાની હાલની સ્થિતિને પસંદ કરે છે. આવા સભાસદો પોતાની સોબતથી બીજા સીધે રસ્તે ચાલનાર સભાસદોને આડે રસ્તે દોરવી જાય એ સંભવિત છે. માટે સારા સભા-સભાસદોને આવા માણસોથી જેમ બને તેમ દૂર રાખવા જોઇએ. ઉપરની નોંધને આધારે કહી શકાય કે ખેડુતોની સ્થિતિ સુધારવાના મુખ્ય રસ્તા નીચે પ્રમાણે છેઃ— (૧) તેઓની આવકમાં વધારો કરવો (૨) તેઓના ખર્ચમાં ઘટાડો કરવો (૩) અને તેઓને કેળવણી વધારે આપવી. હવે આવકમાં વધારો કરવા માટે તેઓ નવી રીતથી પોતાની ખેતીમાં સુધારો કરે અને વધુ પાક પકવે. પાક વધુ પાકે છતાં જો આ પાક તદ્દન મામુલી કિંમતે ગરજને લીધે વેચાઈ જાય તો ખેડુતના હાથમાં કશુંજ રહેતું નથી. આવાં કારણોને લીધેજ સહકારી મંડળીઓ મારફત ખેડુતોના પાક વેચાય તો સારૂં. જો ખેડુતોના પાક મંડળીઓ મારફત વેચાય તો ખેડુતોને ચોક્કસ વાજબી ભાવ ઉત્પન્ન થાય તે ઉપરાંત જે શાહુકારોને ત્યાં હાલ ખેડુતો પોતાનો માલ વેચે છે તેઓના જુદી જુદી જાતના દગાઓમાંથી ખેડુત સહેલાઈથી બચી જાય. એટલું જોવું જોઈએ કે માલ વેચનારી મંડળીઓની અંદર ગેરવ્યવસ્થા ન થાય. હવે કોઇક એમ કહેશે કે આવી રીત ફરજીયાત ન જોઇએ. પરંતુ આને ફરજીયાત બનાવવાથી ખેડુતોને ખાસ નુકશાન નથી થતું ઉલટો ફાયદો થશે. જ્યાં સુધી ખેડુતોમાં કેળવણી અને સમજશક્તિનો સારો પ્રચાર નથી થયો ત્યાંસુધીજ આવી વસ્તુઓને ફરજીયાત કરવી પડે છે. ત્યારબાદ ખેડુતો સમજતા થાય એટલે આપોઆપ આ નિયમોના ફાયદાઓ તેઓ સહેલાઈથી મેળવશે. હવે ખેડુતોને ખર્ચ કમી કરતાં શીખવવા માટે એક તો સહકારી મંડળીઓ હદમાં નાણું ધીરે એટલે ખેડુતો કરકસરથી પોતાનું કામ ચલાવી લેતાં શીખશે; તેમજ જે શાહુકારોને ત્યાં વ્યાજ અને વટાવમાં તેઓના પૈસા ખેંચાઈ જાય તે પણ બચશે. તે ઉપરાંત

સહકારી વેચાણ મંડળીઓ જો સ્થાપવામાં આવે તો તેની મારફતે પોતાનો માલ ખરીદવાથી પણ પૈસાનો બચાવ કરી શકશે. ત્રીજીવાત તેઓને કેળવવા માટે સહકારી સંસ્થાઓએ પોતાથી બને તેટલું કરવું જરૂરનું છે.

(૨)

જો મધ્યસ્થ નાણું ધીરનારી મંડળી પોતાનાં બધાં નાણું મંડળીને ધીરવા કબુલ થાય તો પછી મંડળીના સભાસદોએ આવી મધ્યસ્થ સંસ્થા મારફતે પોતાનો માલ વેચવામાં કોઈ જાતની હરકત જણાવી નથી. મધ્યસ્થ સંસ્થાને ત્યાં હિસાબો ચોક્કસ રહેશે અને માલના ભાવ ખેડુતોને સારા આવશે. આ રીતે ખેડુતોને ફાયદો છે. તેમજ મધ્યસ્થ નાણું ધીરનાર મંડળીને વસુલાતનું કામ પણ સહેલ થઈ પડે છે. આ જીલ્લાની અંદર વધતી જતી સહકારી કપાસ વેચાણની મંડળીઓ અને તેનાં વધતા જતા સભાસદો અને ક્ષેત્ર ઉપરથી માલમ પડશે કે સહકારી મંડળીઓ મારફત બીજા પાકો પણ વેચાય તો કંઈ ખોટું નથી. હવે જો મધ્યસ્થ નાણું ધીરનાર સંસ્થા, ઉપરનું કામ લેવા તૈયાર થાય તો સદર્હુ સંસ્થાએ ખેડુતોના પાકો એકઠા કરવાની, પાકોને એકત્ર કરી એક ઠેકાણે લાવવાની, સારા બજાર ભાવે વેચવાની વ્યવસ્થા કરવી જોઈએ; તે ઉપરાંત ખેડુતોને જમા થએલા માલના અમુક ટકા નાણું પોતાની ચાલુ જરૂરિયાતો માટે આગળથી આપવાની ચોક્કસ વ્યવસ્થા કરવી જોઈએ; અને દરેકના હિસાબકિતાબ બરાબર રહેવા જોઈએ. જો આવી વ્યવસ્થામાં ખામીઓ આવે તો સ્વાભાવિક છે કે ખેડુતો પોતાનો માલ આવી રીતે વેચવાને બીલકુલ રાજી રહે નહિ–તે ઉપરાંત મધ્યસ્થ મંડળીઓનું કમીશન વધારે પડતું નજ હોવું જોઈએ. જો આ પ્રમાણેની બંધી થાય તો આવી રીતની યોજના ઘણીજ સહેલાઈથી પાર પડે છે. આવી યોજનાઓ પશ્ચિમના ઘણા દેશોમાં જોવામાં આવે છે અને ત્યાંના ખેડુતોની આબાદી ઘણે અંશે તેને લીધેજ છે.

સામટો માલ વેચાણ બાબત

લેખકઃ—**શ્રી. ગોપાળરામ એન. મહેતા, સુરત.**

સહકારી મંડળીઓમાં સભાસદને પૈસા ધીરાયા એટલે મંડળી પોતાનું કાર્ય પૂરૂં થયેલું સમજે છે. પણ મંડળી એટલે ગ્રામ શરાફજ છે. જેવી રીતે શાહુકાર પોતાના આસામીને જોઈતો માલ આપે છે, જોઈતાં નાણાં આપે છે, અને ખેતીનો પાક પોતાને ત્યાં ભરી લાવી વેચી આપે છે તેમ મંડળી ન કરે તો ખેડુતોની આર્થિક સ્થિતિ જોઇએ તેવી રીતે સુધરી ન શકે. ખેડુતો માલ વેચાણમાં દલાલો મારફતે બહુ ચગદાય છે, અને સેલમંડળીઓદ્વારા અગર જીલ્લા અથવા ઇલાકાની બેંક મારફત માલ વેચતાં ખેડુતોને સારો લાભ થયો છે, એ વાત નિર્વિવાદ રીતે સિદ્ધ થયેલી છે. અને તેના દાખલા ઘણા સહકારીઓએ અનુભવેલા છે. દરેક માલને સારૂ જુદી જુદી મંડળીઓ કાઢવી શકય નથી. તેમજ એકજ મંડળી ઘણા વિસ્તાર વાળી બધો માલ વેચે તે પણ બની શકે એમ નથી. માટે જીલ્લા અગર ઈલાકા બેંક પોતાની શાખા ખોલે, તેની સાથે એક માલ વેચનારી દુકાન ખોલે, તેમાં પોતાના તાબાની દરેક મંડળીના સભાસદનો ખેતીનો માલ કમીશનથી વેચી આપે તો ખેડુતોને માલનો ભાવ સારો ઉપજે, બેંકને સોસાયટીનાં નાણાં વસુલ કરતાં હરકત ન પડે, અને ખેડુતોને મધ્ય વર્ગના દલાલો અગર વેપારીને ત્યાં જવું ન પડે. બોમ્બે પ્રોવીન્શીયલ બેંકે જ્યાં જ્યાં બ્રાંચ ખોલી છે ત્યાં ત્યાં બની શક્યું છે ત્યાં માલ વેચવાની ગોઠવણ કરી છે અને દક્ષિણમાં એવી રીતે ગોળ સામટો વેચતી બારામતી અને નીરાવેલીની સોસાયટીઓ આજ પંદર વર્ષથી કામ કરી રહી છે.

જે પેટા કાયદા શાખવાળી મંડળીમાં સમાવવાના છે તે અમલમાં મુકવાને ગામડાના ખેડુતોને પોતાને કાંઇ કામ કરવાનું નથી. ઉલટું જીલ્લા બેંકે તે કામ કરવાનું છે. એટલે જીલ્લા બેંકને માથે કામ ફતેહમંદ રીતે પાર પાડવાની જવાબદારી આવે છે. મંડળીઓમાં તો જે સભાસદો આ યોજનાને કબુલ કરનારા હશે તેઓનુંજ મંડળ આગળ જતાં રહેશે.

જીલ્લા બેંક, પોતાના જીલ્લામાં જ્યાં જ્યાં બજારનાં સ્થળો છે ત્યાં પોતાની શાખા તથા દુકાન ખોલે, અને તેનું ક્ષેત્રફલ નક્કી કરે તો વધારે સુગમ થાય. આવાં ક્ષેત્રફળો તે બજારના સ્થળથી ઓછામાં ઓછા દશ માઈલના અંતરના સ્થળનાજ હોવાં જોઇએ.

શરૂઆતમાં કામ કરતાં જીલ્લા બેંકને ત્યાંના બજારના વેપારીઓ સાથે હરિફાઈમાં ઉતરી કામ કરવું મુશ્કેલ તો પડશે; પણ અંતે સહકારી સંસ્થાજ ફાવે છે.

શરાફી મંડળીઓનો વહીવટ સુધારવા બાબત

લેખકઃ—**રા. સા. વી. સી. જાદવ**

સહકારી હીલચાલમાં કામ કરનાર ગૃહસ્થોને કેટલાંક વર્ષો થયાં સમજાયું છે કે, જ્યાંસુધી નાણાંની ધીરધાર સાથે માલ વેચાણનું કામ સહકારી મંડળીઓ મારફતે કરાવવાની વ્યવસ્થા કરવામાં આવશે નહિ, ત્યાંસુધી ખેડુતોને સહકારી મંડળીઓથી ખરેખરો લાભ મળી શકશે નહિ. સહકારી હીલચાલની નેમ ખેડુતોને બની શકે ત્યાંસુધી શાહુકારોથી છૂટા કરી, તેમનો વહિવટ તેઓ પોતાની મેળે કરી શકે તેવી સ્થિતિપર લાવવાની છે. સહકાર નાણાંની ધીરધાર કરે છે એટલુંજ નહિ, પણ ખેડુતનો માલ વેચી આપવાનું કામ, તથા ખેડુતને જોઈતી ચીજો પૂરી પાડવાનું કામ પણ તેજ કરે છે અને જ્યાંસુધી સહકારી મંડળીઓ આ બધી જાતની વ્યવસ્થા કરે નહિ, ત્યાંસુધી ખેડુતોને સહકારી મંડળીમાં જોડાવાથી લાભ મળે નહિ; બલ્કે ખેડુત બે ઠેકાણેથી નાણાં લેતો થાય અને તેની સ્થિતિ સુધરવાને બદલે વધારે ખરાબ થાય.

આ બાબતમાં મદ્રાસ ઈલાકાની ગ્રામ શરાફી મંડળીઓના પેટા નિયમોમાં દર્શાવેલા મંડળીના આશયો વધારે ઉપયોગી માલમ પડશે. મદ્રાસ ઈલાકાની સહકારી મંડળીઓની સ્થિતિ તપાસવાને તથા તેમાં સુધારાવધારા સૂચવવાને એક કમિટિ ગયા વર્ષમાં મદ્રાસ ઈલાકાની સરકાર તરફથી નીમવામાં આવી હતી. તેણે પોતાના રીપોર્ટના નવમા પાનાપર મદ્રાસ ઈલાકાની ગ્રામ શરાફી મંડળીઓના ઉદ્દેશ તથા આશયો ગણાવ્યા છે તેમાં નીચેના ત્રણ ઉદ્દેશો ખાસ ધ્યાનમાં લેવા જેવા છેઃ—

(૧) મંડળીના સભાસદોએ ઉત્પન્ન કરેલો માલ એકત્રરીતે વેચવા માટે તથા સભાસદોના ઉપયોગની ખેતીની ઘરકામની તથા બીજી જરૂરીયાતો એકત્રરીતે પુરી પાડવા માટે આડતીયા તરીકે કામ કરવું.

(૨) પોતાના સભાસદોને ભાડે આપવા માટે ખેતીનાં ઓજારો, બીજાં સાંચાકામ તથા જાનવરો ખરીદ કરવાં.

(૩) ખેતી હાથકારીગરી તથા વણાટકામને લગતી છેલ્લી ઢબના સુધારાના જ્ઞાનનો ફેલાવો કરવો અને પોતાના સભાસદોને તે અમલમાં મૂકવા સ્હમજાવવા.

મુંબઈ ઈલાકાની સહકારી ગ્રામ શરાફી મંડળીઓના આશય ફક્ત નાણાં બચાવતાં શીખવવાનું કામ કરવું એવા છે. માલ વેચાણનું કામ અગર જરૂરીઆતની ચીજો પૂરી પાડવાનું કામ—એજન્ટ તરીકે પણ આ ઈલાકાની મંડળીઓ કરી શકતી નથી. એટલે તેનું પરિણામ એ આવ્યું છે કે મંડળીઓમાંથી નાણાં ઉપાડનારા

સાચા ખેડુતો કેટલા છે અને તેઓએ કેટલો માલ ઉત્પન્ન કર્યો છે તેનો બીલકુલ ખ્યાલ આવી શકતો નથી; અને તેથી મંડળીમાં નાણાંની આપલે બરાબર થતી નથી. અને ઘણીખરી મંડળીઓમાં સભાસદોના ખાતાં Dead જેવા (જે ખાતાઓમાં નાણાંની આપલે થતી નથી તેવા) થઈ ગયા છે અગર નાણાં શાહુકારને ત્યાંથી ભારે વ્યાજે આઠ દિવસ માટે લાવી મંડળીમાં ભરી ચાર આઠ દિવસમાં પાછા મંડળીમાંથી વ્યાજે કાઢી, શાહુકારને તે ભરી દેવામાં આવે છે. જ્યાં આ પદ્ધતિ ચાલતી નથી ત્યાં ખાતાઓ Dead જેવા જોવામાં આવે છે. કેટલીક મંડળીઓમાં નાણાં જમે આવ્યાં અને પાછાં ધીર્યાંનો જમા ખર્ચેજ હોય છે અને રોકડ પૈસા આવેલા હોતા નથી. આ સ્થિતિ બીલકુલ ઇચ્છવા જોગ નથી, એટલુંજ નહિ પણ સહકારી મંડળીઓનો મૂળ સિદ્ધાંત સભાસદોને પ્રામાણિક અને કરકસર કરનારા બનાવવાનો છે તેને બદલે મંડળીના સભાસદોને મંડળીમાં રહી મંડળીને અને પોતાની જાતને છેતરતા શીખે છે. આ સ્થિતિ સુધારવી હોય તો માલ વેચાણનું કામ સહકારી મંડળી મારફતે કરાવ્યા વગર બીજો ઉપાય નથી. આમ કરવાથી ખેડુતોનો બજારૂ પાક "Money crop" કેટલો થયો છે તે જાણી શકાય અને તે ઉપરથી તેની ખેતીના ધંધાનો ખરેખરો ખ્યાલ આવી શકે, તેમજ માલની ઉપજેલી કીમતની રકમનો કેવી રીતે ઉપયોગ થાય છે તે પણ જાણી શકાય.

આ વિષય માલ વેચાણનો હોવાથી તેને બિનશરાફી વ્યવહારને લગતા વિષયોનો વિચાર કરનારી કમિટિમાં મૂકવામાં આવ્યો છે. પણ આ વિષયને શરાફી વ્યવહાર સાથે ઘણોજ સંબંધ છે. જેઓ ગામડાંમાં ફરે છે, જેઓ મંડળીના સભાસદોની ખરી સ્થિતિથી વાકેફ છે તથા તેમને કરવામાં આવેલી ધીરધાર સંબંધે માહીતી છે, તેઓને જે ઠરાવ પર આપણે આ પરિષદ્‌માં વિચાર કરવાનો છે તે વિષયની ઉપયોગિતા વિષે સંદેહ રહેશે નહિ. આમ શરાફી મંડળીની ખીલવણીના સંબંધમાં આપણે એવી સ્થિતિપર આવી પહોંચ્યા છીએ કે હાલની મંડળીઓના ધોરણે સંગીનપણે કામ વધારી શકાય તેમ નથી. મંડળીઓની સંખ્યામાં વધારો થાય અને વધારે માણસો મંડળીમાંથી લાભ લે એટલુંજ નહિ પણ મંડળીના સભાસદોને વધુ પ્રમાણમાં ધીરધાર કરી શકાય એવું ઈચ્છતા હોઈએ તો મંડળીઓના સભાસદોની ખેતીની પેદાશનો બજારૂપાક એકત્રપણે વેચવાની પદ્ધતિ અખત્યાર કર્યા વગર છુટકો નથી.

બજારૂ માલ કેમ વેચવો ?

લેખકઃ—**શ્રીયુત બી. એમ. દ્વિવેદી.** બી. એ.

ગ્રામ શરાફી મંડળીઓના સભાસદો પોતાનો બજારૂ પાક (money crops) વેચાણની મંડળી, યુનીઅન, અગર મધ્યસ્થ નાણાં ધીરનારી સંસ્થા મારફતે વેચે તે બહુજ મહત્ત્વનું છે. મંડળીમાંથી નાણાં લેવાથી અમુક અંશે સભાસદોને આર્થિક રાહત મળે છે એ ખરૂં; પરંતુ તેની આર્થિક ઉન્નતિ સાધવા માટે તેટલુંજ કામ પુરતું નથી. ખેડુતની કમાણીનો આધાર તેણે પકવેલા પાક ઉપર છે અને જો પાકની કીંમત બરાબર ઉપજાવી શકાય તેવી સ્થિતિમાં સભાસદને મૂકવામાં આવે તો જરૂર તેટલે અંશે તેને ફાયદો થાય તે સ્વાભાવિક છે. નબળી આર્થિક સ્થિતિ અને પાક ખળીમાં આવ્યો હોય તે અરસામાંજ સરકારધારો, અગર કીસ્ત, અગર લેણુદારોની ઉઘરાણીથી ખેડુત પોતાના માલની પૂરતી કીંમત ઉપજાવી શકે તેટલી મુદત સુધી ટકી શકતો નથી; સસ્તા બજારે તેને માલ વેચી નાંખવાની ફરજ પડે છે. અગર કાચો માલ બારોબાર શાહુકાર લેઈ જાય છે અને સસ્તા બજારે તેને ખંડી નાખે છે. આવી સ્થિતિમાં ખેડુત સભાસદને આર્થિક નુકશાની પહોંચે છે અને પરિણામે જે મંડળીમાં તે સભાસદ હોય છે તે સંસ્થાને પણ ઘણુંજ સહન કરવું પડે છે; એટલે કે સભાસદ બાકીદાર તરીકે નીકળી આવે છે અને તેની તેમજ મંડળીની શાખને નુકશાન પહોંચે છે. આ પ્રશ્ન જેટલો મહત્ત્વનો છે તેટલોજ અગર તેથી પણ અધિક અમલમાં મુકવા, મુકાવવા માટે કઠણ છે. જે સભાસદો રોકડ નાણાં મધ્યસ્થ બેંકમાંથી લેવાને બદલે થોડે અંશે પણ જરૂરીઆતો વસ્તુરૂપે (In kind) સ્વીકારવા માટે તૈયાર નથી તેમના માટે આ પ્રશ્ન બહુ વિકટ છે. લાંબા સમયથી ચાલતી આવેલી પ્રથાને ફક્ત એકજ ઠરાવથી તોડી શકાય એમ સમજવું વાસ્તવિક લાગતું નથી. કદાચ એકાદ તાલુકો અગર તાલુકાનો ભાગ તૈયાર હોય તો પણ નમુનાના પેટા કાયદામાં આ સવાલ ઉતાવળથી દાખલ કરાવવો તે હિતાવહ નથી. સગવડ છતાં ચેકથી નાણાં મધ્યસ્થ બેંકમાંથી ઉપાડવા જે સભાસદો તૈયાર નથી તે સભાસદો, અગર તે વિભાગ માટે ફરજયાત પાકનું વેચાણ અમુક સંસ્થા મારફતે કરાવવું, અગર તેની ઈચ્છા રાખવી તે સ્હેજ ભારે પડતી વાત છે–વિચાર ઇષ્ટ છે પરંતુ વિચારને આચારમાં ફતેહમંદીથી મૂકવા માટે યોગ્ય વાતાવરણની આવશ્યકતા છે.

માલ વેચાણ કરી આપનાર સંસ્થા તૈયાર હોય છતાં માલ ઉત્પન્ન કરનાર ખેડુત સભાસદો ઉપર જણાવ્યા મુજબ તે સંસ્થા મારફત પોતાનો પાક વેચાણ માટે મોકલવા નારાજ હોય તો વસ્તુસ્થિતિ કફોડી બને છે. નવા સભાસદને દાખલ કરતી વખતે અમુક શરતો કરવામાં આવે તો તેના સામે કંઇ કહી શકાય નહિ; પરંતુ જે સભાસદો હાલ દાખલ છે તે પૈકીમાંથી કોઇ ના પાડે તો શું

તેને અગર તેમને કમી કરવા ? અમુક મંડળીમાં જો તમામ સભાસદો મક્કમપણે આ નવી પ્રથા દાખલ કરવા ના પાડે તો તેથી મંડળીને માટે જે રસ્તો (ક) માં જણાવ્યો છે તે બહુજ ભારે છે. મધ્યસ્થ એક તેવી મંડળીને કરજે નાણાં ધીરે નહિ એટલે તે મંડળીના અસ્તિત્વ ઉપરજ ફટકો લગાવવો એ વિચાર શરૂઆતમાં તો ખરેખર ખેડુતોને માટે ઉશ્કેરણીનો છે.

આવી સ્થિતિમાં જે ભાગ યા પ્રદેશ તૈયાર હોય તેને માટે મરજીઆત અખતારરૂપે આ રીતે કામ કરવા દેવા માટે ખોટું નથી; અને અનુભવથી જોઈ શકાશે કે તે પ્રથા બીજા કયા ભાગ યા પ્રદેશને લાગુ કરી શકાય. મારા નમ્ર વિચાર મુજબ આખા ગુજરાતનું આ દિશામાં વલણ તપાસવા માટે તેમજ જરૂરી વાતાવરણ ઉભું કરવા માટે વેચાણનાં કામમાં રસલેનાર વ્યકિતઓની એક કમિટિ નીમવી, જેનો રીપોર્ટ આવતી પરિષદ્‌માં સાદર થયેથી યોગ્ય લાગે તે પગલાં લેવાં; માટે આ પ્રશ્ન હાલ તુરત મુલતવી રાખવો.

બિનશરાફી સહકારનું કામ ખીલવવા માટે

બિનશરાફી સહકારનું કામ ખીલવવા માટે ગુજરાત ખાસ ક્ષેત્ર છે અને આ બાબતે જેટલું કામ સહકારી દૃષ્ટિએ થઇ શકે તેટલું ઓછું છે. શરાફી સહકાર કરતાં બિનશરાફી સહકારનું કામ અટપટું છે અને તેટલા માટે તે કામ માટેની એક જવાબદાર કાર્યકર્તાની જરૂર રહે તે વાસ્તવિક છે. દક્ષિણ ગુજરાતમાં બિન-શરાફી સહકારનું જે કામ ચાલે છે તેમાં સંગીન કામ કયી મંડળીઓનું છે તે જોવાની પ્રથમ આવશ્યકતા છે અને આવી સંસ્થાઓનું અસ્તિત્વ અગર તેમનું ફતેહમંદ ચાલતું કામકાજ કયાં કારણોને લીધે છે તે પણ ખાસ જોવાની જરૂર છે, આ કાર્ય માટે એક પગારદાર અને જવાબદાર વ્યક્તિની જરૂરીઆત અનિવાર્ય છે; પરંતુ તેટલાથીજ બિનશરાફી સહકાર ખીલી નીકળશે એમ માનવું તે ભ્રમ છે. દક્ષિણ ગુજરાતમાં જે જે સંસ્થાઓ આવું કામ કરી રહી છે તે માનદ કામ કરનાર વ્યકિતઓને આભારી છે, એમ હું મારા જાત અનુભવ ઉપરથી કહી શકું છું; માટે ઉત્તર ગુજરાતમાં પણ જો બિનશરાફી સહકારની ખીલવણીની આશા રાખવી હોય તો ફક્ત પગારદાર એગ્રીકલ્ચર ઓર્ગેનાઈઝર નીમવાથી થઇ શકશે નહિ; સાથે સાથે બિનશરાફી સહકારમાં રસ લેનાર અને કામ કરી બતાવનાર બિનશરાફી માનદ પ્રચારકોની ખાસ જરૂર છે. સદરહુ પ્રચારકોની પસંદગીનું કામ ઈન્સ્ટીટયુટે કરવું જોઈએ અને તેમની નીમણુક કરાવવા માટે ઇન્સ્ટીટયુટે મહેરબાન રજીસ્ટ્રાર સાહેબને વિનંતિ કરવી જોઇએ. મારા નમ્ર મત મુજબ ઠરાવ નીચે મુજબ રાખવો;

" ઉત્તર ગુજરાતના પ્રદેશમાં બિનશરાફી સહકારનું કામ ખીલવવા માટે એક એગ્રીકલ્ચર ઓર્ગેનાઇઝર તથા તેજ વિષય માટે ઈલાયદા સ્થાનિક માનદ પ્રચારકો ઈન્સ્ટીટ્યુટની સંમતિથી નીમવા આ પરિષદ્ નામદાર સરકારને ભલામણ કરે છે.

ગુજરાતમાં હાઉસીંગની પ્રગતિ

લેખકઃ—**શ્રી૦ પ્રીતમરાય વ્રજરાય દેસાઈ**

અર્વાચીન જમાનાના ઔદ્યોગિક પરિવર્તનને લીધે ગામડાં ભાગી શહેરો વધવા લાગ્યાં. શહેરોની વૃદ્ધિના પ્રમાણમાં ઘરોની સંખ્યા વધી નહિ તેથી એક કુટુંબને માટે બંધાએલાં ઘરોમાં ત્રણચાર કુટુંબ રહેવા લાગ્યાં. ગીચતા વધી. ઘરની સંખ્યા કરતાં રહેનારાની માગણી વધારે હોવાથી ભાડાં હદપાર વધી ગયાં તેથી શહેરમાં રહેનાર મધ્યમ અને ગરીબ વર્ગની આવકનો મોટો ભાગ ભાડામાં ખર્ચાવા લાગ્યો.

ઘરના માલિક ભાડવાતને અનેક રીતે હેરાન કરવા લાગ્યા. ભાડવાતની લાગણી કે સ્વમાનનો વિચાર ધનના મદમાં છકેલાને શેનો હોય ?

ભાડવાતને આટલુંજ દુઃખ નહોતું. ગુજરાતનાં શહેરોની રચના અંધાધુંધીના સમયને વધારે અનુકૂળ છે. લુંટફાટના સમયે ધન ન લુંટાય એજ ઉદ્દેશથી તે રચાએલાં છે એટલે તેમાં હવાઉજાસનો ખ્યાલ જોઇએ તેવો રખાએલો નથી. આવી જાતનાં ઘરોમાં જ્યારે ગીચતા વધે અને એક કુટુંબને બદલે ચાર કુટુંબ રહે એટલે આરોગ્ય બગડે તેમાં નવાઈ નથી. તેથી ભાડવાતોના કુટુંબીઓમાંથી વારાફરતી કોઈ માંદુ હોય અને દરરોજ દાક્તરના બાટલા ભરવા પડે એટલે મંદવાડનાં ખર્ચ પણ કરવાં પડે. મંદવાડને અંગે ચિંતા અને મહેનત વધે તે તો જુદાં.

ઘરોની અછતની અસર એકલા ભાડવાત ઉપર થઈ નથી પણ સમગ્ર પ્રજા અને પ્રજાના જીવન ઉપર થએલી છે. ગુજરાતનાં શહેરોનું મરણપ્રમાણ બીજા સુધરેલા દેશોના પ્રમાણમાં ઘણુંજ વધારે છે. દિનપ્રતિદિન શરીર વધારે ને વધારે નબળાં પડતાં જાય છે તેનાં અનેક કારણોમાં ચોખ્ખી હવાનો અભાવ તે એક મુખ્ય કારણ છે.

આ સ્થિતિ ગુજરાતનાં બધાં શહેરો કરતાં અમદાવાદમાં વધારે ખરાબ છે. બી. એ.નો અભ્યાસ કરતી વખતે અર્થશાસ્ત્રમાંના સહકારના વિષયે મારા મન ઉપર અસર કરી હતી. ચોખ્ખી હવામાં લોકોનો સમૂહ રહેવા જાય એવી કાંઈ ગોઠવણ કરવાના વિચાર તે સમયથીજ ઘોળાયા કરતા હતા.

ત્યારબાદ ત્રણેક વર્ષે લગભગ ૧૯૧૫માં રા. બા. તાલમકીની પહેલી સારસ્વત હાઉસીંગ સોસાયટીની સ્થાપના થઈ તે ઉપર મારૂં લક્ષ ખેંચાયું. ૧૯૧૯માં અમદાવાદમાં સહકારી હાઉસીંગ સોસાયટી સ્થાપવા પ્રયત્ન કરવામાં આવ્યો. ખાતા જોડે પત્ર-વ્યવહાર થયો; પરંતુ લઢાઇને અંગે ઉભી થએલી મોંઘવારીને લીધે મકાનોનાં ખર્ચ ઘણાં વધી જાય તેમ લાગવાથી તે પ્રયત્ન બંધ કરવા પડ્યા.

લડાઈ મટ્યા પછી જ્યારે ભાવ લગભગ મૂલ સ્થિતિએ પહોંચેલા લાગ્યા ત્યારે અમારી સોસાયટીની સ્થાપનાનો વિચાર થયો.

૧૯૨૪ના ઓગષ્ટમાં શરૂઆતનો વિચાર કરવા નાની સભા મારે ઘેર ભરવામાં આવી અને ત્યાંજ સોસાયટી સ્થાપવાનો નિશ્ચય થયો. સોસાયટી તેજ ડીસેંબરમાં રજીષ્ટર થઈ અને ૧૯૨૫ના જાન્યુઆરીની પહેલી તારીખે તેની પહેલી સભા મળી. કેટલાક મિત્રો અને સંબંધીઓ ધીમેધીમે સોસાયટીમાં જોડાયા અને કામની શરૂઆત થઈ.

સોસાયટીની શરૂઆત થઈ તે વખતે "સહકાર એટલે અસહકારનો વિરોધી" એવી સામાન્ય માન્યતા હતી. સહકાર પ્રવૃત્તિની સામાન્ય માહિતી પણ પ્રજાના આગેવાનો કે મધ્યમવર્ગને નહોતી. જે થોડુંઘણું જાણતા હતા તેમને ફક્ત ગામડાંની અનિયમિત જવાબદારીવાળી શરાફી મંડળીઓનોજ ખ્યાલ હતો. એટલે કાયદાના થોડાપણ જ્ઞાનવાળા બીજાનું જોખમ પોતાને માથે પડશે તેઓ તો એમજ માનતા કે દરેક જાતની સહકારી મંડળી અનિયમિત જવાબદારીવાળીજ હોય એ ડરથી સહકારી સોસાયટીમાં જોડાતાં ડરતા હતા. તેજ અરસામાં કેટલાએ લોકો શેરસટ્ટામાં પછડાએલા હોવાથી "આ વળી લોકોને છેતરવાની નવી તદબીર છે!" એમ માનતા હતા.

મુંબાઈની હાઉસીંગ સોસાયટીઓની તકરારો કે નિષ્ફળતાની આડીઅવળી સાંભળેલી વાતોને મોટું સ્વરૂપ આપી આવી જાતની સોસાયટી તો ફતેહમંદ થાયજ નહિ એમ કેટલાક માનતા હતા.

ભાડવાતોને આર્થિક દૃષ્ટિએ મકાનોની ઘણીજ જરૂર હતી એટલે દરજ્જે વાતાવરણ અનુકૂળ હતું; પરંતુ ઉપર જણાવેલાં કારણોને લીધે માનસિક પ્રતિકૂલતા ઘણીજ હતી એ સંજોગોમાં અમારી બ્રહ્મક્ષત્રિય કોઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી.નો જન્મ થયો. કાર્યવાહકોને પ્રચારકાર્ય અને વહીવટ એ બન્ને સાથે સાથે કરવાં પડયાં.

ધીમે ધીમે લોકોને કાર્યવાહકો ઉપર શ્રદ્ધા થવા માંડી અને સભાસદોની સંખ્યા વધવા લાગી. જમીનની ખરીદી થઈ ત્યાં સુધી લોકો તેમજ સભાસદોનાં મન ડામાડોલ રહ્યાં. એલીસ બ્રીજના વિસ્તારમાં પુલ ઉતર્યા પછી પાંચ મિનિટમાં ચાલતા પહોંચી જવાય એટલા અંતરમાં અઢાર એકર અને અગીઆર ગુંઠા સનંદી જમીન અંદર મોટા કુવા સાથેની રૂપીઆ સત્યાશી હજારમાં ખરીદ થએલી લોકોએ જોઈ ત્યારથી લોકમત તરફેણમાં આવતો ગયો. જેમ જેમ બાંધકામ થતું ગયું તેમ તેમ લોકોનાં ટોળેટોળાં બાંધકામ જોવા આવવા લાગ્યાં. સહકારથી વહીવટ થઇ શકે છે, લોન મળી શકે છે, કામ સસ્તાં થાય છે વગેરે બાબતની ખાત્રી થવાથી આવી

જાતની યોજનામાં જોડાવા લોકોની ઇચ્છા થવા લાગી. અમારી સોસાયટીમાં વધુ સભાસદો લઈ શકાય તેમ નહિ હોવાથી બીજી સોસાયટીઓ સ્થાપવામાં આવી. હાલ અમદાવાદમાં નવ હાઉસીંગ સોસાયટીઓ રજીષ્ટર થઈ છે અને બીજી બેના પત્રો રજીષ્ટર થવા ગએલા છે. આ અગીઆર સોસાયટીઓમાંની દસ એક બીજાની પાસે આવેલી છે અને એક સોસાયટી કાંકરિયાના વિસ્તારમાં છે. એલીસબ્રીજ ટાઉન પ્લેનીંગની યોજના સરકારે કરવા ધારેલી છે તેમાંના અડધા વિસ્તારની પશ્ચિમ તરફની લગભગ બધી ખુલ્લી જમીનો આ સોસાયટીઓએ રોકેલી છે અને આને લીધે એક મોટું સહકારી શહેર નદીને સામે કિનારે થશે. આ સહકારી નગરમાં સહકારી સ્ટોર, સહકારી ડેરી, સહકારી બેંક તેમજ સહકારી બીજી સંસ્થાઓ ભવિષ્યમાં આવ્યા સિવાય નહિ રહે.

આરોગ્ય અને નગર રચનાની દૃષ્ટિએ આ સોસાયટીઓનો સમૂહ નમુનેદાર બનવાની આશા રાખીએ છીએ. એક એકર જેટલી જમીનમાં વધારેમાં વધારે ચારજ મકાન બાંધવા દેવામાં આવે છે. દરેક મકાનની આસપાસ બગીચાને માટે જમીન ખુલ્લી રાખવામાં આવે છે. દરેક મકાનને ભાગે આવેલી જમીનના ચોથા ભાગમાંજ મકાન બાંધવા દેવામાં આવે છે અને ત્રણ ભાગ ખુલ્લા રાખવામાં આવે છે. દરેક મકાન આગળ સગવડવાળો રસ્તો હોય છે.

આ ઉપરાંત જરૂરીઆત પ્રમાણે દરેક સોસાયટી કલબ, લાયબ્રેરી, મંદીર, બગીચા, રમતના મેદાન વગેરે માટે ઈલાયદી જગ્યા રાખે છે.

જે વાત અમદાવાદમાં બની શકી છે તે ગુજરાતનાં ગીચ વસ્તીવાળાં શહેરો અને ગામડાંમાં બની શકે તેવી છે. કોઈ પણ સાધારણ કાર્ય કરીએ તેમાં મુશ્કેલી પડેજ; તો આ રચનાત્મક કાર્યમાં મુશ્કેલી ન પડે તે કેમ બને ?

સૌથી મોટી મુશ્કેલી તો કાર્યકર્ત્તાની છે. શરૂઆતના મુશ્કેલ સમયમાં હમેશાં મદદ આપવા તત્પર અને ખરી સહાનુભૂતિવાળા મારા મિત્રો રા. જયન્તીલાલ નરસિંહલાલ ઠાકોર અને રા. પાંડુરાવ ભાઇલાલ દેસાઈ મારી સાથમાં ન હોત તો કદાચ મારી સોસાયટીનું કામ અટકી ગયું હોત. તેવીજ રીતે સોસાયટીનાં બાંધકામ શરૂ થયાં ત્યારે હિસાબી કામ ઉપાડી લેવા રા. કૃષ્ણલાલ નરભેરામ દેસાઇ ન હોત તો અમારી સુવ્યવસ્થા ટકત કે કેમ તે એક સવાલ છે. સાધારણ શરાફી મંડળી કે સ્ટોર કે જીન કરતાં હાઉસીંગ સોસાયટીનું કામ અટપટું, થકવી નાખનારૂં, અને ધીરજ ભાગી નાખનારૂં છે. સોસાયટીના હિત માટે દરરોજ ઓછામાં ઓછો અડધો કલાક પણ ચિંતવન કરનારા ચાર પાંચ સભાસદ ન હોય તો આવી મંડળી નભે નહિ. જો કે મુખ્ય કાર્યકર્તાઓએ તો ત્રણ ચાર વર્ષ સુધી રોજના ત્રણ ચાર કલાકનો ભોગ આપવા તૈયાર થવું જોઇએ.

જમીન પસંદ કરવા ઉપર સોસાયટીની ફતેહનો બીજો આધાર રહે છે. જે સભાસદો માટે મકાન બાંધવાનાં હોય તેમના સંજોગોનો વિચાર કરી તેમને અનુકૂલ પડે તેવી જમીન પસંદ થઇ હોય તો સારૂં. આ કામની અંદર અનુભવીઓની સલાહ અને દીર્ઘ દૃષ્ટિની જરૂર છે. ખાનગી રીતે જમીન ખરીદ થઈ શકે તો ઘણો સમય બચે. પણ જો તેમ ન બને તો લેન્ડ એક્વીઝીશન એક્ટનો લાભ લઇ શકાય. પણ આમ કરવામાં અમદાવાદમાં વિલંબ ઘણો થયો છે.

હાઉસીંગ સોસાયટીનાં ધારાધોરણ અંગ્રેજીમાં છે અને કેટલેક અંશે ગુંચવણવાળાં છે; તેથી તદન સામાન્ય વર્ગના લોકોને હાથે તેનો વહીવટ થઈ શકે તેમ નથી. મજુરવર્ગ કે ગરીબવર્ગને માટે હાઉસીંગ સોસાયટીઓ કાઢવામાં ખરી મુશ્કેલી કાર્યકર્તાઓની અને આ ધારાધોરણના અટપટાપણાની નડે છે. ખાતા તરફથી આખો વખત કામ કરનાર એક અમલદાર આ કામ માટે રોકવામાં આવે તોજ મજુરવગ, અને પછાત અને અભણ વર્ગને આ હીલચાલનો લાભ આપી શકાય. અમદાવાદમાં મજુરવર્ગને ઘર બાંધી આપવાની હીલચાલ નાણાં વગર અટકી નથી પણ કાર્યકર્ત્તા વગર અટકી છે.

મજુરવર્ગ માટેનાં ધારાધોરણ જો સરળ થઈ શકે તો તેમ કરવા ખાતાએ પ્રયત્ન કરવો જોઇએ.

હાઉસીંગ સોસાયટીઓ માટેની લોનના વ્યાજનો દર સાડાપાંચ ટકાનો છે તે વધારે પડતો ગણાવો જોઇએ. જો સરકાર દીર્ઘ દૃષ્ટિએ વિચાર કરે તો પ્રજાનું આરોગ્ય સુધરે તેમાં સરકારને લાભજ છે. સરકારને મધ્યમવર્ગ પાસેથી સેવિંગ્ઝ બેંકમાં જે દરે નાણું મળે છે તેજ દરે હાઉસીંગ સોસાયટીઓને ધીરવું જોઇએ.

જે મોટાં શહેરોમાં સરકારે ટાઉન પ્લૅનીંગની ખર્ચાળ યોજનાઓ ઘડવા ધારી છે તેનાથી લાભ થવા સંભવ છે તેના કરતાં તેટલીજ રકમની લોન હાઉસીંગ સોસાયટીઓને વગર વ્યાજે ધીરવાથી સરકાર તેમજ મ્યુનિસિપાલિટિને વધુ લાભ છે. આના પુરાવામાં હું અમદાવાદ શહેરનોજ દાખલો આપીશ. અમદાવાદમાં જમાલપુર ટાઉન પ્લેનીંગની યોજના ભારે ખર્ચે કરવામાં આવી છે. તે વિસ્તારમાં યોજનાને અંગે દરરોજ રાતના વિજળીના દીવા ઝગઝગાટ બળે છે; મોટા રસ્તા પાડવામાં આવ્યા છે; પાણીના વીસ ઇંચ વ્યાસના નળ જમીનમાં નાંખવામાં આવ્યા છે; પણ એકપણ ઘર તે વિસ્તારમાં બંધાયું નથી; કે દિવસના કે રાતના ત્યાં કોઈ ચાલનાર નથી. આ યોજનાને અંગે તે વિસ્તારના લોકો જો એમ સાબિત કરે કે ટાઉન પ્લેનીંગની યોજનાથી જમીનની કિંમત ઘટી છે તો તેની નુકશાની સત્તાવાળાઓએ ભરી આપવી પડે. અત્યારે ઘણા જમીનવાળાને નુકશાની આપવી પડે તેવો સંભવ ઉભો થયો છે. કદાચ લોકોના કાયદાના અજ્ઞાનને લીધે દાવા નોંધાયા નહિ હોય.

આ રીતે રૂપીઆ ખર્ચાયા તે પાછા ફરવાના નથી અને તે છતાં શહેરને લાભ થયો નથી.

એલીસ બ્રીજના વિસ્તારમાં ટાઉન પ્લેનીંગની યોજના થએલી છે તે ખાતે ૨૭૩ લાખ રૂપીઆનું ખર્ચ અડસટવામાં આવેલું છે. આ વિસ્તારમાં હાઉસીંગ સોસાયટી સિવાય બીજાં મકાનો ખાસ થતાં નથી. આ ૨૭૩ લાખ રૂપીઆ ખર્ચાય અને જો હાઉસીંગ સોસાયટીઓ ન હોય તો આ રૂપીઆનો પણ જમાલપુર યોજનાની માફક ધૂમાડો થાય. અને કદાચ ખાતર પછાડી દીવેલ રૂપે ટાઉન પ્લેનીંગ એકટ મુજબ જમીનોની કિંમત ઘટેલી સાબિત થાય તો બીજા રૂપીઆ જોડવાના આવે. ટાઉન પ્લેનીંગની યોજનામાં ખર્ચાએલા રૂપીઆ પાછા મળવાના નથી–તેનો લાભ થાય કે ન થાય. આને બદલે જો આ રૂપીઆ હાઉસીંગ સોસાયટીઓને વગર વ્યાજે ધીરવામાં આવે તો રૂપીઆ પાછા ફરી વળે અને તે વિસ્તારમાં એકદમ વસ્તી થાય.

ખેતીવાડીની જમીનનો ખેતી સિવાયનાં કામમાં ઉપયોગ થાય તો તે બદલ સરકાર દંડ લે છે. શહેરોમાં વસ્તી વધી ગઈ હોય અને ગીચતા દૂર કરવા માટે સરકારેજ ટાઉન પ્લેનીંગની યોજનાઓ ઘડી હોય તે વિસ્તારમાં ઘરો બાંધનારી હાઉસીંગ સોસાયટીઓ પાસે આ દંડ લેવો વાજબી નથી.

આ મુશ્કેલીઓ છતાં હાઉસીંગની હીલચાલ અમદાવાદમાં પગભર થવા માંડી તે દરમિયાન ગયા ચોમાસામાં અતિવૃષ્ટિ અને રેલને પરિણામે ગુજરાતમાં અસંખ્ય ઘર પડી ગયાં તેને ફરી બાંધવા માટે “ પુનર્રચના સોસાયટીઓ ” ધોળકા, ઉત્તર દસ્કોઈ અને દક્ષિણ દસ્કોઇ તાલુકાઓમાં મુખ્યત્વે સ્થપાઈ છે. સાબરમતીને કાંઠે આવેલું અચેર ગામ આખુંએ ફરી બાંધવાનું છે અને ગામનાં લગભગ બધાં કુટુંબ પુનર્રચના મંડળીમાં સભાસદ તરીકે જોડાયાં છે. આ પુનર્રચના મંડળીઓ મારફત પડેલાં ઘરો ફરી બંધાશે તેટલો લાભ તો છે જ; પરંતુ ખરો લાભ તો મીશનરીના જુસ્સાથી આ ગામોને ખરૂં પુનર્જીવન આપવા સમાજસેવકો થાણાં નાખી પડે તોજ થાય. પુનર્રચના મંડળીવાળાં ગામોમાં સહકારની બીજી પ્રવૃત્તિઓ પણ કરી શકાય.

હાઉસીંગની યોજના લોકપ્રિય થવાનું મોટામાં મોટું કારણ તો એ છે કે મધ્યમ સ્થિતિના જે માણસો મકાન ખરીદી શકે તેમ નહોય તેમને ભાડાની રકમ જેટલા માસિક હફતા ભરવાથી મોકળી હવાવાળા પ્રદેશમાં પોતાને અનુકૂળ પાડોશીઓની સાથે હવાઉજાસવાળું ઘર મળે છે.

હાઉસીંગની પ્રવૃત્તિથી સીધા અને આડકતરા ઘણા લાભ થવા સંભવ છે અને તે દ્વારા આખી સહકારી હીલચાલને વેગ મળી શકે તેમ લાગે છે તેથી આ પ્રયોગ તરફ બધા સહકારી ભાઈઓએ ધ્યાન આપવું ઘટે છે.

બિનશરાફી વ્યવહારને લગતું

લેખકઃ—શ્રીયુત રમણીકરાય એન. મ્હેતા.
મેનેજરઃ—બોમ્બે પ્રોવીન્શીઅલ કો-ઓપરેટીવ બેંક લી.

ઠરાવ નં. ૧.

દરેકે દરેક ખેડુતને માલના વેચાણની જરૂરીયાત હોય છે પણ તેને માટે બેંક તરફથી ફરજીયાત કરવું બહુ સલાહ ભરેલું નથી. કોઇ મંડળીનું ભંડોળ એક લાખ રૂપીયા હોય અને બેંક પાસેથી કોઇકિવારજ પૈસા લેતી હોય તો તે મંડળીને બેંક ફરજ નાંખવા માગે તો તે અયોગ્ય કહેવાય. કોઈ મંકળીને અથવા સભાસદને પૈસાની લેવડદેવડની બાબતમાં બેંકની વ્યવસ્થા કબુલ થાય પણ આ બાબતમાં કબુલાત ન હોય તો ફરજ પાડવી અયોગ્ય થશે. સહકારી પેઢીઓનું આવા જીલ્લા માટે માલના વેચાણનું એક યુનીયન કાઢી તેની ઠેકઠેકાણે શાખાઓ અને એજન્સીઓ ખોલી હોય તો ઠીક કહેવાય. આવાં યુનીયનમાં ફરજ પાડવા હરકત નથી; કારણ દરેક સભાસદ પોતાની મંડળી મારફત વેચાણનાં યુનીયન ઉપર કાબુ રાખી શકે છે. બેંકમાં વ્યકિત સભાસદ હોવાને લઇને તેટલે દરજ્જે કાબુ ઓછો થાય છે. સેઈલ-યુનીયનના પેટા નીયમોમાં યુનીયનના મેનેજરની નીમાણુંક બેંક તરફથી રહેવી જોઈએ અને યુનીયનની કમીટીમાં એક સભાસદ બેંક તરફથી નીમવો જોઈએ. આથી કરીને બેંકનું હિત સંપૂર્ણપણે જળવાશે અને યુનીયનને બેંક પાસેથી જોઇતું ભંડોળ મેળવવામાં હરકત આવશે નહીં. મે. રજીસ્ટ્રાર સાહેબ દરેક મંડળીને આવાં સેઈલ-યુનીયનમાં સામીલ થવા ફરજ પાડે તો યોગ્ય છે.

ઠરાવ નં. ૨.

બિનશરાફી સહકારનું કામ ઑર્ગેનાઇઝરને અભાવે ખીલતું નથી એમ નથી. તેવી સંસ્થાનો મુખ્ય ખર્ચ ગોડાઉન ભાડાનો છે અને તેવું ભાડું અથવા મકાન બંધાવવાનો ખર્ચ સરકાર ઉપાડી લે તો કામ આગળ વધે. બીજા પ્રાંતોમાં સરકારે આ બાબત ઉપર ઘણુંએ કર્યું છે તો આ પ્રાંતમાં આપણે પછાત શા માટે રહેવું ?

ઑર્ગેનાઇઝરની મારફત આવી મંડળીઓ ખીલવવા જતાં ઘણીવાર ફાયદા કરતાં નુકશાન વધારે થાય છે તેવો બીજા વિભાગોનો અનુભવ છે. આવા અમલદારની નીમણુંક સુધી કામ ઠીક ચાલતું દેખાય છે અને સરકાર તેને પાછો ખેંચી લે કે તરતજ સંસ્થા ભાંગી પડે છે. બીજું ઑર્ગેનાઇઝર કંઈ ભૂલ કરે તો તેનાં ફળ સભાસદોને સોસવાં પડે તે વાજબી ન કહેવાય.

માલના વેચાણ સંબંધે

લેખકઃ—**શ્રીયુત જસવંતરાવ જમીયતરામ**

વ્યારા વિભાગ સહકારી મંડળીના ઓડીટર.

સહકારી હિલચાલની પ્રગતિ પૈકી શાખવાળી મંડળીઓ જેનું મુખ્ય કર્તવ્ય નાણાંની ધીરધાર કરવાનું છે તેવી મંડળીઓની પ્રગતિમાં મુખ્યત્વે તે મંડળીમાં ડહાપણ ભરેલી રીતે અને કાળજીપૂર્વક તેના સભ્યોને તેમનાં ધંધાર્થે જોઇતાં નાણાં જેમ જેમ જોઇએ તેમ તેમ ધીરાય છે કે કેમ, તે નાણાંનો સભ્યો તરફથી સદુપયોગ થાય છે કે કેમ અર્થાત્ જે કામ માટે નાણાં ધીરવામાં આવ્યાં હોય તેજ કામે તેનો ઉપયોગ સભ્યો તરફથી થાય છે કે કેમ અને ઠરાવેલા વાયદા પ્રમાણે નિયમિતપણે તે નાણાં સભ્યો તરફથી વસુલ આવે છે કે કેમ તે ખાસ જોવાનું છે.

આજ સુધીના અનુભવ ઉપરથી એવું માલુમ પડે છે કે મોટે ભાગે શાખવાળી મંડળીઓમાં વસુલાતનું કામ જેવી રીતે જોઇએ તેવું સંતોષકારક થતું નથી; અને તેનું મુખ્ય કારણ મારા અનુભવ ઉપરથી એવું જણાય છે કે સભાસદોનો બજારૂ પાક (Money crops) ના વેચાણની વ્યવસ્થા જેવી રીતે થવી જોઇએ તેવી રીતે થતી નથી અને તેથી મંડળીના સભ્યો મંડળીમાંથી લીધેલાં નાણાં વખતસર ભરી શકતા નથી.

મંડળીના સભાસદો પૈકી મોટા ભાગને શાહુકારોનાં જુનાં દેવાં હોય છે. શાહુકારો મંડળીઓના સભ્યોનો ખેતી પેદાશનો માલ તેનો ભાવ ઠરાવ્યા વગર લઇ જાય છે. તે તેને મંડળીના પૈસા ભરવા માટે નાણાં આપવાનું વચન આપે છે. મંડળીનો સભાસદ શાહુકારના કર્જ માટે કેટલીક પેઢીથી દબાયલો હોવાથી માલ લઇ જતા તેને અટકાવી શકતો નથી; અગર તો તે માલનાં નાણાં આપશે એવો તેના વચન ઉપર વિશ્વાસ રાખી માલ તેને આપે છે. આવી રીતે માલ વેચવાથી મંડળીના સભ્યો પોતાના માલનો ભાવ પૂરતો ઉપજાવી શકતા નથી અને તેના રોકડાં નાણાં મેળવી શકતા નથી. શાહુકાર તેની મરજીમાં આવે તે ભાવ પાછળથી ખરે છે એટલુંજ નહિ પણ તોલમાં પણ તેને છેતરી માલનાં નાણાં જુના દેવા પેટે જમા કરે છે-આ વહેવારના હિસાબ પણ જે તે વખતે થતા નથી અને તેથી હિસાબમાં પણ અનેક પ્રકારના ગોટાળા થાય છે. શાહુકારો માલ લઈ જવાથી અને તેનાં નાણાં રોકડા નહિ મળવાથી મંડળીના સભાસદો પોતાની મંડળીમાંથી લીધેલાં નાણાં નિયમિત રીતે વસુલ આપી શકતા નથી. કદાચ શાહુકાર બીજે વરસે માલ લઈ જવાના હેતુથી નાણાં આપે છે તો તે

નાણાં માલ પેટે નહિ આપતાં મંડળીનાં નાણાં ભરવા માટે કર્જ તરીકે આપે છે; અને તે નાણાં બદલ તેના નિયમ પ્રમાણે વ્યાજ અને વટાવ લે છે. આથી સભાસદોને પોતાનો માલ વેચવામાં ઘણું નુકશાન થાય છે. ખેડુતોની મહેનતનો સર્વ લાભ શાહુકારો પૂરેપૂરી રીતે લે છે અને ખેડુત બિચારો તેની તે દશામાં રહે છે. કરોળીઆની જાળમાં ફસાયલી માખી છુટી થવા પામતી નથી; તેમ શાહુકારની જાળમાં ફસાયલો ગરીબ અને અભણ ખેડુત છુટવા પામી શકતો નથી. તેઓ કેવા કેવા પ્રપંચો રચે છે એ વિસ્તારથી વર્ણવવાની જરૂર નથી; પરંતુ એટલી વાત સાચી છે કે શાહુકારના પંજામાં સપડાયલો ખેડુત ખુવાર થયા સિવાય છુટી શકતો નથી.

આ તો મેં અભણ અને પછાત કોમના કાળીપરજ જેવા સભાસદોની વાત કહી. પરંતુ જે ભણેલા અને ઉજળિયાત સભ્યો હોય છે તેઓ પણ પોતાના માલનું વેચાણ સારી રીતે કરી શકતા નથી અને પુરતો ભાવ ઉપજાવી શકતા નથી. તેઓ પોતાના માલનું વેચાણ ઘણે ભાગે દલાલો મારફત કરે છે અને તેમાં તેઓ છેતરાય છે. વળી આવા સભાસદો તરફથી માલ વેચાણનાં નાણાંનો ભળતો ઉપયોગ થઈ જાય છે અને તેથી મંડળીનાં નાણાં વસુલ આવવામાં હરકત આવે છે.

મંડળીના સભાસદોના માલનું વેચાણ સારી રીતે થાય અને તેનો પૂરો ભાવ ઉપજાવી શકાય, તેમજ શાખવાળી મંડળીઓનું વસુલ નિયમિત રીતે આવે તે માટે ઠરાવ નં. ૧ થી શાખવાળી મંડળીના પેટા કાયદાના નમુનામાં કલમ **अ-ब क** અને **ड** માં જે પેટા કાયદાનો સમાવેશ કરવા ઠરાવેલું છે તે કેવળ યોગ્ય છે. ફક્ત આ કલમોમાં જ્યાં "જોઈશે" એમ લખેલું છે તેને બદલે "જોઈએ" એવા ફરજીયાત શબ્દો રાખવામાં આવે તો વધુ ઠીક થશે.

જો આ કલમોનો સમાવેશ પેટા કાયદામાં નહિ થાય તો વસુલાતના કામમાં હરકતો આવશે અને સભાસદોની સ્થિતિમાં સુધારો થઇ શકશે નહિ. આ કલમો પેટા કાયદામાં દાખલ કરવાથી કદાચ કેટલાક સભાસદો ગ્રામ મંડળીમાંથી નીકળી જવાનો અને કેટલીક મંડળીઓ બંધ થવાના પ્રસંગ આવશે તો તે માટે વધુ કાળજી નહિ કરતાં દાખલ કરેલી કલમોનો ચીવટાઇથી અમલ થવાની ખાસ અનિવાર્ય જરૂર છે. કારણ મનસ્વીપણે કાયદા વિરુદ્ધ વર્તન કરનાર સભાસદોને અને મંડળીઓને ચાલુ રાખવામાં હું તો કાંઈ અર્થ જોતો નથી. થોડા પણ મક્કમપણે કામ કરનાર સભ્યો અને મંડળીઓથી સહકારી હિલચાલમાં સારી પ્રગતિ થશે એમાં સંદેહ નથી.

સહકારીમંડળી મારફતે માલ વેચાણ સંબંધે

લેખકઃ—રા. કેશવલાલ એ. ઠક્કર

આ. રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ વડોદરા સ્ટેટ.

સહકારી શરાફી મંડળી અને મધ્યસ્થ નાણાં ધીરનારી સંસ્થા આ બન્નેનો હેતુ એકજ છે. ફેર માત્ર એટલોજ છે કે મંડળી વ્યક્તિઓને નાણાં ધીરે છે; અને મધ્યસ્થ નાણાં ધીરનારી સંસ્થા મંડળીઓને નાણાં ધીરે છે. આવી રીતે ધીરેલાં નાણાં હપ્તા પ્રમાણે મુદતસર વસુલ કરવાની ખાસ જરૂર છે. આ હેતુ પાર પાડવા માટે મંડળીના દરેક સભાસદે પોતાનો બજારૂપાક મંડળી મારફતે વેચવો જોઈએ; કે જેથી કરીને માલનું મૂલ મંડળીના હાથમાં પ્રથમ આવવાથી મંડળીની લહેણી રકમ વસુલ કરવામાં કાંઈપણ હરકત આવે નહિ. અને આથી ઉત્તરોત્તર સભાસદનો મંડળી સાથેનો વ્યવહાર સારો અને નિયમિત રહ્યા કરશે. સભાસદની શાખ સારી રહેશે અને તેથી કરીને સમગ્ર મંડળીની શાખ પણ સારી જામશે. કારણકે મંડળીની હયાતીનો અને સારી કારકીર્દીનો મુખ્ય આધાર "સફા અને વફા"ના મહાસુત્ર ઉપર અવલંબી રહે છે. જો સભાસદ "સફા" એટલે મંડળી સાથે દિલ સાફ રાખે નહિ તો પોતાના સ્વાર્થ માટે મંડળીનું અહિત કર્યા વિના રહે નહિ. અને "વફા" એટલે મંડળીને વફાદારીથી વળગી રહે નહિ તો મંડળીનું કંઈ પણ હિત સાધી શકે નહિ. ઉલટું મંડળીને લાભને બદલે હાંનિ થવા સંભવ રહે છે. બેવફા સભાસદ મંડળીમાં હોય તે કરતાં એવા સભાસદ ન હોય એજ વિશેષ હિતાવહ છે, કારણકે ખોટા સિક્કાવાળો રૂપીઓ રાખવા કરતાં પોતાની પાસે રૂપીઓ નજ રાખવો એ વિશેષ ગુણકારી છે. કામ ખોટી રીતે કરવું એના કરતાં નજ કરવું એ બહુ સારૂં છે. આનું નામજ વિધિ વૈદિક ગ્રંથોમાં "યજ્ઞ" વિધિપૂર્વક થાય નહિ તો ફળ પ્રાપ્તિને બદલે હાનિજ થાય છે એ વાત સુપ્રસિદ્ધ છે. રક્ષણને બદલે ભક્ષણ થાય છે. કસ્તુરી જેવી અમૃતતુલ્ય ચીજ પણ વિધિ વિના લેવામાં આવે તો લાભને બદલે હાનિ કરે છે. અને સોમલ જેવું કાતિલ ઝેર પણ વિધિપૂર્વક લેવામાં આવેતો અમૃત-તુલ્ય અસર કરે છે. માટે જે જે કર્તવ્ય કરવું હોય તે **વિધિ અને વ્યવસ્થાપૂર્વક** કરવું જોઇએ. સહકારી મંડળીઓના કામકાજને પણ આજ વાત લાગુ પડે છે. તેથી મંડળીની વ્યવસ્થા સારી સચવાઈ રહે એ હેતુથી ઠરાવ નં ૧ અ, બમાં જણાવેલી વાતો શરાફી મંડળીના પેટા નિયમમાં દાખલ કરવાની ખાસ અપેક્ષા રહે છે. આટલે સુધી મંડળીની વાત. હવે મધ્યસ્થ નાણાં ધીરનારી સંસ્થાનો વિચાર કરીશું. મંડળી અને સેન્ટ્રલબેંકનો સંબંધ મુખ્યત્વે કરીને લેણદાર દેણદાર જેવો છે. તેથી સેન્ટ્રલ બેંક સાથે સંબંધ ધરાવતી મંડળીઓ પોતાના સભાસદોનો બજારૂપાક આ સેન્ટ્રલ બેંક મારફતે વેચે તો સેન્ટ્રલ બેંકનું મંડળીઓ પાસેનું લહેણું વસુલ કરવામાં હરકત

આવે નહિ એ ખુલ્લી વાત છે. અને વિશેષતઃ સેન્ટ્રલબેંક મંડળીઓના કેન્દ્રસ્થળમાં હોવાથી બજારૂપાકનો સારો ભાવ આવે એમ લાગે છે. વળી જથાબંધ માલનું વેચાણ થવાથી પણ માલનું વિશેષ મૂલ ઉપજે છે, અને મંડળીઓના સભાસદોનો માલ પોતાનાં ગામડાંઓમાં ખાનગી શાહુકારોને ત્યાં વેચાવાથી શાહુકારોને ત્યાં નાણાંની જમાખર્ચી અને અવ્યવસ્થા થાય છે. મંડળી મારફત માલ વેચવાથી આ અસર-માંથી મુક્ત રહેવાય છે. પરંતુ નાણાં ધીરનારી મધ્યસ્થ સંસ્થાએ સભાસદનો માલ વેચવાનું સ્વીકારતાં પહેલાં બરાબર તૈયારી કરવી જોઇએ. અને જ્યાં માલ વેચી આપનારી મંડળીઓ હોય ત્યાં આવું કામ આવી મંડળીઓજ કરે તેવી છુટ રહેવી જોઇએ. માલ વેચી આપનારી મંડળીઓના અભાવેજ સેન્ટ્રલબેંકે મંડળીઓનો માલ વેચી આપવા તજવીજ કરવી જોઇએ. આવાં વેચાણ ઉપર સેન્ટ્રલબેંક વાજબી ધોરણે પોતાનું કમીશન લે તેમાં કંઈ વાંધાભરેલું લાગતું નથી. સેન્ટ્રલબેંકોને પોતાની મહેનતનું ફળ મળવુંજ જોઇએ. તેથી ઠરાવ નં. ૧ ક, ડમાં જણાવેલી વાતો સેન્ટ્રલ બેંકોએ પોતાના પેટા નિયમોમાં દાખલ કરવી જોઇએ. બે હાથ વિના તાલી પડે નહિ; માટે શરાફી મંડળીઓ અને સેન્ટ્રલબેંકોએ સહકારી અધિકારીની સંમતિથી પોતપોતાના પેટા નિયમમાં ઠરાવ નં ૧ને અનુસરીને સુધારા કરવા જોઇએ. ગામડાંઓમાં શાહુકારો સાથે જ્યાં લેણદેણનો સંબંધ હોય છે ત્યાં પણ ખેડુતો પોતાનો પાક શાહુકારોને કે શાહુકારો મારફતજ વેચે છે. આ પુરાણી પ્રથા છે; અને શરાફી મંડળીઓ જ્યારે શાહુકારનું સ્થાન લે છે ત્યારે આવી સારી પુરાણી પ્રથાનું દુર્લક્ષ થવું ન જોઇએ.

બિનશરાફી સહકાર અને વેચાણની મંડળીઓ

લેખકઃ—રા. રા. વાઈ. ટી. દેસાઈ; બી. એજી; આઇ-ડી-સી-ડી.
એગ્રીકલ્ચરલ ઓર્ગેનાઇઝર સહકારી મંડળીઓ ઉત્તર વિભાગ, સુરત.

ઠરાવ નં. ૨

હિંદુસ્તાન ખેતીપ્રધાન દેશ છે. હિંદુસ્તાનની વસ્તીનો એંસી ટકા જેટલો ભાગ ખેતી પર આધાર રાખે છે. એટલે જો આપણા દેશની ઉન્નતિ સાધવી હોય તો ખેડુતોની ઉન્નતિ સાધવાના પ્રયાસો કરવા જોઇએ. જ્યાંસુધી એમની આર્થિક સ્થિતિ સુધારવા રચનાત્મક કાર્યક્રમ આપણા સમક્ષ રજુ થયો નથી ત્યાંસુધી આપણે દુનિયાના બીજા દેશોએ જે સર્વમાન્ય પદ્ધતિ ગ્રહણ કરી છે, તેનો અભ્યાસ કરી, તેમાં ઘટતા સુધારાવધારા કરી આપણે જો આપણા પ્રયત્નો આદરીશું તો જરૂર આપણને લાભદાયક થઈ પડશે.

ખેડુતોમાં સૌથી સાદી અને સરળ સમજ એ હોવી જોઈએ કે ખેડુતે પોતાનો માલ ઓછામાં ઓછે ખર્ચે, વધારેમાં વધારે ઉત્પન્ન કરવો જોઇએ; અને એટલેથીજ ખેડુતે પોતાની ખેડુત તરીકેની ફરજ અદા કરી છે એમ માનવું જોઇએ નહિ. પરંતુ પોતાના માલની વધુમાં વધુ કિંમત ઉપજાવી શકવાની શક્તિ એનામાં હોવી જોઇએ. આપણો ખેડુત ૧૦૦માંથી ૯૫ ટકા ભાગ્યેજ પોતાના ખર્ચની—ખેતીના તેમજ ઘરના—ગણત્રી કરતો હશે. વાર્ષિક બજેટ એટલે અંદાજ પત્રક, તેની આવક અને જાવકનું, કોઈ ખેડુત કરતો હોય એવું મારા જોવામાં આવ્યું નથી. કોઈ કોઈ ખેડુત ૧૦૦માં ૨ ટકા જેટલા ખેતીનો અમુક પાક પકવવા કેટલો ખર્ચ થયો અને તે પાકનું ઉત્પન્ન શું થયું તેની નોંધ રાખતો માલમ પડે છે, પણ ઘરવ્યવહાર માટે ખર્ચ શું થયો છે અગર થશે એવી નોંધ રાખતો ખેડુત ૧૦૦માં ૧ માલમ પડે છે. આવી સ્થિતિની અંદર ખેડુત પોતાની આર્થિક સ્થિતિનું સરવાયું વર્ષ આખરે કાઢે એ બનવું કેટલું શક્ય છે એ સમજવું, હું વાંચકને સોંપી દઉં છું. જ્યાં આવી વિષમ સ્થિતિ હોય ત્યાં ખેડુતનો આર્થિક ઉદ્ધાર તે જાતે કરશે તેવી ખેડુત પાસે કેટલી આશા રાખવી? મ્હારૂં એમ માનવું છે કે દરેક કેળવાયલા, સુશિક્ષિત ગૃહસ્થે, ભલે તે ખેડુત હોય કે શહેરી હોય, તેની મનુષ્ય તરીકે ફરજ છે કે પોતાના દેશબંધુઓને પોતાનું હિત શેમાં છે, પોતાની ઉન્નતિ શાથી થઈ શકે એ દિશા તેમને બતાવવી જોઇએ. કોઈપણ શહેરીના જીવનનો અગર શહેરના ઉદ્યોગનો ખેતીની નિકાસ ઉપર આધાર હોય છે. શહેરોની ખીલવણીનો આધાર પણ ખેતીજ છે. એટલે કે જ્યાંસુધી ખેડુતને આપણે આપણી સ્થિતિનો બરાબરીયો કરીશું નહિ, જ્યાંસુધી આપણા જેટલી સમાનતા એનામાં લાવીશું નહિ, ત્યાંસુધી આપણા દેશની સામાન્ય ઉન્નતિ સધાવી શક્ય નથી. આપણે એવું ઇચ્છતા નથી કે આપણામાં મુડીવાદ અને મજુરવાદ (Capitalists and labourites)

કાયમનો ઉભો રહે. આપણે તો બધાએ એક સાથે મળીને બધાને સરખા બનાવવા છે, બંધુત્વનો ફેલાવો કરવો છે, એક બીજાને સરખા બનાવવાનો હક સાબીત કરવો છે, અને એક બીજાએ ખાંધેખાંધ મેળવીને સહકાર કરીને એક બીજાની ઉન્નતિ કરવાનું રચનાત્મક કાર્ય કરવાનું છે.

સહકારી ચળવળ એ આપણી વડી ચાવી (Master Key) છે, એ આપણા વિજયની ચાવી છે અને તેજ પદ્ધતિ ઉપર આપણું કાર્ય રચાયલું છે. સહકારી પ્રવૃત્તિ આપણા દેશમાં દાખલ થયાને આજે લગભગ ૩૦ વર્ષ થયાં છે; એટલે કે સહકારી પ્રવૃત્તિ આજે તેના યૌવનના પૂર બહારમાં ખીલી રહી છે. સહકારી પ્રવૃત્તિથી આપણા દેશમાં અત્યાર સુધી ખેડુતોને ફક્ત સસ્તા વ્યાજના દરે નાણાં ધીરવાનું કામ થયું છે. પરંતુ હજુ તો બીમાં પાણી સીંચી સીંચીને તેમાંથી છોડ ઉગ્યો છે. હજી તેને ફળ આવવાનું તો બાકી રહ્યું છે. સહકારી પ્રવૃત્તિનું બી રોપાઈ હજી તેનો છોડજ તૈયાર થયો છે, હજુ તેને ફળ આવવાના અને તે ફળ ચાખવાનું અહોભાગ્ય આપણને સાંપડયું નથી. "સહકારી છોડને" ફુલ આવવા માંડયાં છે એટલે એનાં ફળ જરૂર થશે એવી આશા આપણે બાંધીએ છીએ. એ છોડને કોઈ પણ જાતનો વ્યાધિ ન લાગુ પડે તેની સાવચેતી રાખવાની જરૂર છે. અને તોજ એ છોડ તંદુરસ્ત રહેશે, બરાબર પોષાશે અને એને પુષ્કળ મોટાં મીઠાં ફળ આવશે. એ ફળ આવવાની કાંઈક ઝાંખી આશા આપણને દેખાય છે, અને તે આશા તે કઈ? બધાએ એકઠા મળીને પદ્ધતિ સર પોતેજ ઘડી કાઢેલા અને સ્વીકારેલા નિયમો પ્રમાણે કામ કરવું તે છે. અંગત રાગદ્વેષ, મતભેદ વગેરે તજી દઈ સામાન્ય રીતના કામ માટે ભેગા મળીને તે કામ ઉપાડી લેવું જોઈએ, પછી ભલે તે નાનું હોય કે મોટું હોય, એક ગામડાનું હોય કે ગામડાંઓના જુથનું હોય, શહેરનું હોય અગર શહેરોનું હોય. કોઈ પણ પ્રમાણિક પ્રકારે એકત્ર થઈ સંઘબળ ખીલવવામાં દેશની આબાદી અવલંબે છે. સહકારી ચળવળ એજ સંદેશ આપી રહી છે. એણે માનદ કાર્યકર્તાઓ સ્વયંસેવકોની માફક કામ કરવાને તૈયાર કર્યા છે. પણ આ કાર્ય એટલું ગંભીર અને વિશાળ છે કે એમાં જેટલા કાર્યકર્તાઓ હોય તેટલા ઓછા. આ કાર્યમાં ભાગ લેવા માટે માણસો પ્રમાણિક હોવા જોઇએ, તેનામાં કર્તવ્યબુદ્ધિ હોવી જોઈએ, તેમજ યથાશક્તિ તનમનધન અને સમયનો ભોગ આપવો જોઇએ. અત્યારે જે કાર્યકર્તાઓ છે તે પ્રમાણમાં બહુજ જુજ છે એમ જ્યારે આપણે આ કામનું વિશાળ સ્વરૂપ જોઈએ છીએ ત્યારે લાગે છે. આપણા દેશમાં નાણાં ધીરનારી સહકારી શરાફી સંસ્થાઓ કામ કરી રહી છે અને તેથી ખેડુતો શાહુકારને જે વ્યાજ ભરે છે, અને આ મંડળીમાં જે વ્યાજ ભરે છે, તે બેમાં જેટલો તફાવત રહે છે તેટલોજ ફાયદો મેળવે છે. અલબત સાથે સાથે એમ કહેવું જોઈએ કે

બધાએ સાથે મળીને પોતાનો વ્યવહાર કેવી રીતે નિયમસર ચલાવવો તેની કેળવણી પણ તેમને મળી રહી છે. પરંતુ આ તો ફક્ત સહકારનો છોડ તૈયાર કર્યો એમ કહેવાય. મુખ્ય મુદ્દાની વાત જે હજુ બાકી રહે છે, તે એ છે કે ખેડુતોએ પોતાનો માલ એકત્ર કરીને વેચાણ કરવાનું કામ આદરવું જોઈએ. Marketting નો પ્રશ્ન જેટલો વિકટ અને વિશાળ તેટલો ગુચવાડા ભરેલો અને તેટલો ઝીણવટનો છે. એમાં ખેડુત પોતે એકલો તેનો ઉકેલ કરી શકે એમ નથી. સંઘબળ ઉપરાંત વેપારની માહીતી, પ્રમાણિકતા, અને કાર્યદક્ષતાની જરૂર છે. અને આ ગુણો ખેડુતોમાં ભાગ્યે જોવામાં આવે છે. દરેકમાં કંઈ કંઇ ગુણનો અભાવ હોય છે. એક ખેડુતમાં બધા ગુણો ભેગા થયા હોય એવું જવલ્લે જોવામાં આવે છે. તેથી જે લોકો ખેડુતોની આબાદીમાં આપણી અને આપણા દેશની આબાદી છે એમ માનતા હોય તેવા દરેક માણસની ફરજ છે, અને તેવા દરેકને હું આગ્રહપૂર્વક વિનંતિ કરૂં છું કે તેમણે પોતાનો યત્કિંચત્ પરંતુ સક્રિય ફાળો આપવો જોઇએ.

ખેડુતોના માલના વેચાણ માટે કંઈક જુજજાજ પ્રયત્નો થઈ રહ્યા છે. ખેતીનો જે જે માલ ઉત્પન્ન થાય તેનો નિકાસ કરવાને Marketting ના અભ્યાસની જરૂર છે. અને એ માલ જ્યાં વપરાતો હોય ત્યાં ઓછામાં ઓછા ખર્ચે પહોંચાડવા માટે આપણે તેનું વેચાણ કેવી રીતે કરવું અને તેના દામ વધારેમાં વધારે કેવી રીતે મેળવવા એ બાબતનો અભ્યાસ કરી એ દિશામાં આપણે પ્રયત્ન કરીએ તેમાંજ આપણા ખેતીપ્રધાન દેશની આબાદી રહેલી છે; અને એ માટે દરેક મનુષ્યે પોતાની ફરજ અદા કરવી જોઈએ. India expects everyman to do his duty અને નામદાર પંચમ જ્યોર્જે પણ સને ૧૯૧૧-૧૨માં એવા ઉદ્ગારો કાઢ્યા હતા કે "If the system of co-operation can be introduced and utilized to the full, I foresee a great and glorious future for the Agricultural Improvement of this country." ગુજરાતની અંદર મુખ્ય પાકો (Money crops) માં તો એક પાક કપાસ છે અને એ માલની માંગ પણ એટલી બહોળી અને વિશાળ છે કે દેશપરદેશના-જાપાન અને ઇંગ્લાંડના લોકો પણ મોટી મોટી કંપનીઓ અને પેઢીઓ સ્થાપી કેટલાંએ વર્ષથી ખરીદી કરી રહ્યા છે. ભરૂચ જીલ્લાનું રૂ વિલાયતના બજારમાં તેની Quality ને માટે મશહૂર છે. સુરત જીલ્લાનું રૂ પણ આજે તેજ પ્રમાણે પંકાઈ રહ્યું છે. ગુજરાતમાં કપાસનું વાવેતર દરેક વર્ષે લગભગ બાર લાખ એકરમાં થાય છે. ખેડુત કપાસ પકવીને તેનું વેચાણ કરવામાં એટલાં બધાં ગોથાં ખાય છે, એટલી બધી છક્કડો ખાય છે, એટલા બધા કડવા અનુભવો વેઠે છે કે જો તેનો ચિતાર અહીંઆ આપવા બેસું તો એક મોટો લેખ લખાય.

ગુજરાતમાં કપાસ વેચાણની પદ્ધતિ દરેક જીલ્લામાં જુદી જુદી જાતની છે. એ બધી પદ્ધતિઓનું વર્ણન કરવાને આ સ્થાન નથી. પરંતુ સામાન્ય પદ્ધતિ વિષે કંઈક ઈસારો કરીશ. રૂના વેપારીઓ, ભલે તે એકલા રૂના વેપારીજ હોય અગર તો જમીનના માલીક અને સાથે સાથે રૂનો પણ વેપાર કરતા હોય, અગર જીનવાળાઓ પોતાના એજંટો, દલાલો, સબ એજંટો અને સબ દલાલો ગામડે ગામડે રૂની મોસમ વખતે મોકલે છે અને કપાસની ખરીદી કરે છે. કપાસ ખેડુતો જીનમાં વહી જાય છે, કેટલી વખત કડદા કરવામાં આવે છે, કેટલી વખત નાણાંને માટે વાયદા થાય છે, કેટલી વખતે નાણાં બીલકુલ ખોટા થાય છે, આવા અનુભવો ખેડુતોને થયેલા માલમ પડયા છે. આ સ્થિતિમાંથી તેમને ઉગારવા માટે જો ખેડુતો એકત્ર થઇને પોતાનો માલ વેચતા થઈ જાય તો જરૂર તેમાં તેમને ફાયદો છે. મુખ્ય ફાયદા ત્રણ પ્રકારના છે. (૧) આર્થિક-એટલે કે વધારે નાણાં મળે. વેપારી, દલાલો વગેરેને ઉંચા મૂકી, તેમને તિલાંજલિ આપી, માલ વાપરનારાઓ જોડે સીધો સંબંધ રાખવાથી પોતાના માલના જરૂર વધારે નાણાં મળી શકે. અને (૨) સ્વમાનનો:-જ્યાં ખેડુતોના માલના કડદા થતા હોય, નાણાંના વાયદા થતા હોય, ત્યાં અને માલ લેતી વખતે ખેડુતોને ભાઈસાહેબ કરતા હોય; પરંતુ કપાસ જીનમાં લાવ્યા પછી વેપારીઓ એકદમ શેઠ થઈ જાય છે. કેટલીક વખત પૈસા આપવા માટે ખેડુતને ઉભા પણ રહેવા દેતા નથી. જીનના કંપાઉંડમાંથી ધક્કા મારી બહાર કાઢી મૂકવામાં આવે છે, અને કોઈ કોઈ વખત ખેડુત પોતાના પૈસા લેવા માટે બહુજ આગ્રહ કરે તો કદાચ તેને બાયલરમાં ફેંકી દેવાની ધમકી આપવામાં આવે છે. એવા સંજોગોમાં ખેડુતનું સ્વમાન ક્યાં સમાયલું છે તે સમજવું મુશ્કેલ છે. અને તેથી આર્થિક ફાયદા કરતાં આ બીજા પ્રકારનો ફાયદો સ્વમાન (Self-respect)નો ફાયદો વધારે કિંમતી અને વધારે જરૂરનો હું ગણું છું. આ ઉપરાંત એક ત્રીજો ફાયદો આ બેથી પણ વધારે જરૂરી અને ઉપયોગી એ છે કે આ વેચાણની રીત ખેડુતોમાં સંધબળ ખીલવે છે, અને પોતે નક્કી કરેલા નિયમો પ્રમાણે પદ્ધતિસર પોતાની સંસ્થાનો કારોબાર કરવાની જે તાલીમ મળે છે તે સૌથી વધારે ઉપયોગી છે. સહકાર એ સ્વરાજ્યનું પહેલું પગથીયું છે એ આથી સિદ્ધ થાય છે. અને તેથીજ આ દેશમાં તેમજ વિદેશમાં સહકારી સંસ્થાઓએ પોતાનું જે અગ્રસ્થાન મેળવ્યું છે તે સાબીત કરે છે કે આ સંસ્થાઓ સર્વ દેશમાં સર્વમાન્ય છે. ગુજરાતમાં ખેતીના માલના વેચાણની સહકારી સંસ્થાઓ સને ૧૯૧૯ થી કામ કરી રહી છે. આજે તેવી સંસ્થાઓની સંખ્યા ૨૪ ની છે. અને તે સંસ્થાઓ મારફત લગભગ ૧૪ લાખ રૂપીઆના રૂનું વેચાણ થાય છે. આ સંસ્થાઓની મોટી સંખ્યા સુરત જીલ્લામાં છે. ફક્ત તેમાંની બે સંસ્થાઓ ભરૂચ અને ખેડા જીલ્લામા સુંદર કામ કરી રહી છે. સુરત જીલ્લામાં ઓરપાડ તાલુકાની અંદર આ સંસ્થાઓ સૌથી વધારે

અગત્યનો ભાગ ભજવી રહી છે. ઓરપાડ તાલુકામાં આ મંડળીઓ મારફત લગભગ ચોથા ભાગનો કપાસ વેચાય છે. અને તે ઉપરાંત એક કપાસ પીલવાની જીનીંગ ફેક્ટરી પણ લગભગ રૂા. સીત્તેર હજારની મુડી રોકીને સ્થાપવામાં આવી છે, જે છેલ્લા બે વર્ષથી ઘણે સારે નફે કામ કરી રહી છે. આવી મંડળીઓમાં જોડાવાથી ખેડુતોને લગભગ સવા બે લાખ રૂપીઆનો ફાયદો થયો છે. પરંતુ મેં ઉપર કહ્યું તે મુજબ ભરૂચ, ખેડા, પંચમહાલ, અમદાવાદ જીલ્લાઓમાં તેમજ વડોદરા, અને રાજપીપળા જેવા સ્ટેટોમાં લગભગ નહિ જેવુંજ કામ થયું છે. હજુ તો બાર લાખ એકરમાંથી ભાગ્યેજ અડધા લાખ એકરના ખેડુતો આ સંસ્થાનો લાભ લઇ રહ્યા છે. એટલે કે આ દિશામાં કેટલું બધું કામ કરવાની જરૂર છે તે આપ સહેજે સમજી શકશો. અને જ્યારે ઉપર જણાવ્યું તે મુજબ રૂા. સવા બે લાખનો ફાયદો આ સંસ્થામાં જોડાયલા ખેડુતોને થયો છે એમ આપણે જાણીએ છીએ ત્યારે આપણે આવી સંસ્થાઓ કેટલી અગત્યની છે અને તે માટે હજુ આપણે કેટલું કામ કરવાનું બાકી છે તેનો સહેજે ખ્યાલ આવી શકશે. આ ફક્ત કપાસના એકજ પાકની વાત કરી. આ ઉપરાંત તંબાકુ, મગફળી, જુવાર, ઘઉં, ડાંગર, ગોળ વગેરે માટે આપણે કાંઇજ કર્યું નથી. આ બધા વિચારો આપણી સમક્ષ રજુ થાય છે ત્યારે આપણું કર્તવ્ય કેટલું અધુરૂં છે તેનો આપણને ખ્યાલ આવે છે; તેથી હું દરેક ભાઇને સહકારી પ્રવૃત્તિમાં જોડાવા, અભ્યાસ કરવા, અને તેને ખીલવવાને હું વિનંતિ કરૂં છું.

બિનશરાફી સહકાર અને સહકારી દૂધની મંડળીઓ

લેખકઃ—**રા. રા. વાઇ. ટી. દેશાઇ;** બી. એજી; આઈ. ડી. સી.ડી.

એગ્રીકલચરલ ઓરગેનાઈઝર–સહકારી મંડળીઓ, ઉત્તર વિભાગ–સુરત.

દૂધ ખોરાકની મુખ્ય વસ્તુઓમાંની એક છે. શરીરના આધાર માટે, પોષણ માટે, તેમજ ખીલવણી માટે, દૂધ બહુજ ઉપયોગી છે. નાનાં બચ્ચાંઓ કે જેઓ ત્રણ વર્ષની અંદરની ઉમરના હોય છે અને ખાસ કરીને એક વર્ષની અંદરના બાળકો કે જેઓ ખોરાક તરીકે નકકર પદાર્થ લઈ શકતા નથી અને ફકત દૂધ પરજ આધાર રાખે છે તેઓ માટે ચોખ્ખા દૂધની કિંમત અમૂલ્ય છે. માંદાં અને ઘરડાં માણસોને માટે પણ ચોખ્ખું દૂધ એટલુંજ ઉપયોગી છે. શરીરના પોષણ માટે વીટેમીન્સ (Vitamines)ની જે ઉપયોગિતા હાલના સાયન્સથી સિદ્ધ થઈ છે અને જે જાતના વીટેમીન્સ દૂધમાં છે તે બીજા કોઇપણ પદાર્થમાં નથી; એટલે કે દૂધની ઉપયોગિતાની તોલે કોઇપણ પદાર્થ આવી શકે એમ નથી; અને તેથી દૂધ મનુષ્ય-જીવન માટે એક આવશ્યક વસ્તુ છે એમ સાબીત થઇ ચુકયું છે. દૂધ ચોખ્ખું

હોય ત્યારે જેટલું ઉપયોગી હોય છે તેના કરતાં જો દૂધ ચોખ્ખું ન હોય અને ભેળસેળવાળું હોય તો તે તેટલુંજ બલકે વધારે હાનિકારક છે. દૂધમાં અનેક રીતે ભેળસેળ થઇ શકે છે. દાખલા તરીકેઃ—દૂધમાં પાણી નાખીને, ગાય અગર ભેંસના દૂધમાં બકરાં અને ઘેટાંનું દૂધ મેળવીને, દૂધમાંથી સંચાવડે મલાઇ કાઢી લઈ સેપરેટેડ દૂધ કરવાથી અથવા તેવું દૂધ ઉમેરવાથી, દૂધમાંથી મલાઈ કાઢી લઈ તેમાં સ્ટાર્ચ (Starch) નાંખવાથી વગેરે રીતોથી દૂધને નુકસાનકારક બનાવવામાં આવે છે. શહેરોમાં જેમ ચોખ્ખાં હવાપાણીની જેટલી જરૂર છે તેટલીજ ચોખ્ખા દૂધની પણ જરૂર છે; પરંતુ ચોખ્ખું દૂધ જેટલું જરૂરી છે તેટલુંજ તે ચોખ્ખું મેળવવું હાલ મુશ્કેલ થઇ પડ્યું છે. પુનામાં એક વખતે દૂધની શાસ્ત્રીય રીતે તપાસ કરતાં સવા ચારસેં ટકા જેટલા પ્રમાણમાં ભેળસેળ દૂધમાં કરેલી માલમ પડી હતી. જોકે એવા નમુના થોડાજ હતાઃ પણ સોથી દોઢસો ટકા જેટલા ભેળસેળ-વાળા નમુના ઘણા હતા. સુરતમાં વેચાતા દૂધના નમુના પણ ગયે વર્ષે લગભગ સો ઉપરાંત હમોએ તપાસ્યા હતા અને તેમાં પણ અઢીથી સાડાચાર ટકા માખણવાળા નમુના ઘણા હતા. સુરતમાં જે દૂધ વેચાય છે તે પણ કેટલે અંશે ચોખ્ખું છે તેની શાસ્ત્રીય પદ્ધતિથી તપાસ કરવાનું કામ સેનીટરી એસોસી-એશન અગર હેલ્થ ડીપાર્ટમેન્ટ જેવાં ખાતાંએ ઉપાડી લેવું જોઇએ. એવાં ખાતાં શહેરની તંદુરસ્તી જાળવવા માટે સરજાયલાં છે અને તે ખાતાંઓએ એ દિશામાં શું પ્રયત્નો કર્યા અને પોતાની કેટલી ફરજ અદા કરી તે જો તે ખાતાંઓ પ્રજાની જાણ માટે જાહેરમાં મૂકશે તો એ માહીતી ઘણી ઉપયોગી થઈ પડશે. મ્હારા જાણવા મુજબ મુંબઈ ઈલાકામાં કોઇ પણ શહેરમાં બાલમરણનું પ્રમાણ સૌથી વધારે હોય તો તેનું માન સુરતને છે; અને તેનાં અનેક કારણો હોઈ શકે; જેમાનું એક ચોખ્ખા દૂધનું છે. દરેક વર્ષે બાળસપ્તાહ, યુવકસપ્તાહ, વગેરે જાતની પ્રવૃ-ત્તિઓ થાય છે; પરંતુ તે દ્વારા જે શિક્ષણ મળે છે તેના કરતાં પણ વધારે ઉપયોગી કોઈ જાતનું રચનાત્મક કામ ઉપાડી લેવું જોઇએ. ગુજરાતની મ્યુનીસીપા-લીટીઓએ આ દિશામાં કાંઇ પણ સંગીન કામ કર્યું હોય એમ હમારી જાણમાં નથી. ભરૂચના સેનીટેરી એસોસીએશને થોડું ઘણું કામ કર્યું છે; મ્યુનીસીપલ કોર્પોરેશન આ પ્રશ્નના ઉકેલ માટે જે સંગીન અને સુંદર કામ કરી રહી છે તે તરફ સર્વેનું લક્ષ ખેંચીએ છીએ. કલાકત્તામાં દૂધની લગભગ ૮૭ સહકારી મંડળીઓ છે અને સર્વનું એક યુનીયન છે. આ યુનીયનને કલકત્તા મ્યુનીસીપલ કોરપોરેશને લગભગ રૂા. ૫૦૦૦)ની મદદ આપી છે. સુરત શહેરમાં સહકારી ખાતા તરફથી ચોખ્ખું દૂધ તથા દહીં માખણ ઘી અને છાશ પુરાં પાડવા માટે સહકારી ધોરણ પર એક સંસ્થા લગભગ દોઢ વર્ષ થયાં સુંદર કામ કરી રહી છે. આ મંડળીનો લાભ લગભગ ૧૦૦ કુટુંબો લઇ રહ્યાં છે; પરંતુ સુરત શહેરની વસ્તીના પ્રમાણમાં આ સંખ્યા

કેટલી નાનકડી છે તેનો સહેજે ખ્યાલ આવે છે. નામદાર સરકારે આ સંસ્થાને ખીલવવા માટે પહેલાં ત્રણ વર્ષ માટે રૂા. ૩૦૦ સુધીની ગ્રાંટ આપવાનું ઠરાવ્યું છે અને ગયા વર્ષ માટે રૂા. ૩૦૦ ની ગ્રાંટ મજકુર સંસ્થાને મળી છે; પરંતુ સુરત શહેરની મ્યુનીસીપાલીટીને વિનંતિ કરવા છતાં તેના તરફથી કોઇ પણ જાતનું ઉત્તેજન મળ્યું હોય એમ હમારી જાણમાં નથી. શું સુરતની મ્યુનીસીપાલીટીની આ ફરજ નથી? હમો આશા રાખીએ છીએ કે જરૂર હમારે તેને તેની ફરજની વધુ યાદ હવે આપવી પડશે નહિ.

દૂધની મંડળીઓ ત્રણ પ્રકારની કાઢી શકાય છે. (૧) ઢોરના માલીકો જેઓ દૂધ ઉત્પન્ન કરી વેચે છે તેમની (Producer's Society). આ માણસો શહેરમાં રહે છે તેમજ શહેરની નજદીકનાં ગામડાઓમાં પણ રહી દૂધ વેચવાને માટે શહેરના લત્તાઓમાં ઘેરઘેર ફરીને ઘરાકોને પૂરૂં પાડે છે. આવી જાતની મંડળીઓ કાઢવી કેટલીક વખત મુશ્કેલ પડે છે; કારણ કે તેઓ પોતાનું દૂધ છુટક રોકડેથી વેચી રોજના રોજ પૈસા ભેગા કરે છે; પરંતુ કેટલાક એવા પણ હોય છે કે જેઓ શહેરમાં ભાટીઆઓ જોડે વાર્ષિક કોન્ટ્રૅકટો કરી તેમને દૂધ ભરે છે. આ ભાટીઆઓ તેમને અગાઉથી નાણાં ધીરે છે અને તેથી દૂધવાળાઓ તેમને દૂધ આપવા બંધાયલા હોય છે. આવી જાતના દૂધ ઉત્પન્ન કરનારાઓ સાધારણ રીતે અભણ અને પછાત હોય છે એટલે તેમને સમજાવી દૂધની મંડળી કઢાવવી મુશ્કેલ પડે. ભાટીઆઓ પણ નડતર રૂપ થઈ પડે; કારણકે તેઓ આવી મંડળીઓથી તેમનો ધંધો ભાંગી પડે એવી બીતિ રાખી સ્વાભાવિક રીતે વિરુદ્ધ હોય. (૨) બીજા પ્રકારની મંડળી તે ફક્ત દૂધ વાપરનારાઓની (Consumer's Society) થઇ શકે. શહેરમાં લોકો કેળવાયેલા અને સુશિક્ષિત હોવાથી થોડા શહેરીઓને ચોખ્ખા દૂધની જરૂરીઆત સમજાવી તે કેવી રીતે મળી શકે એ સમજાવવામાં આવે તો જરૂર તેઓ ચોખ્ખું દૂધ મેળવવા માટે બજાર ભાવથી કંઇક કીંમત વધારે આપી આવી સંસ્થાઓમાં જોડાય. આ પ્રકારની મંડળી કાઢવી તે પહેલા પ્રકારની મંડળી કાઢવા કરતાં કેટલીક વખત વધારે સહેલું પડે છે; કારણ શહેરીઓને ચોખ્ખું દૂધ મેળવવાની તીવ્ર ભાવના હોય છે અને તેને માટે થોડા ઘણા પૈસા પણ વધારે ખર્ચી ચોખ્ખું દૂધ મેળવવા માટે ખુશી હોય છે. આ મંડળી કાઢવા માટે કદાચ પહેલા પ્રકારની મંડળી કરતાં વધારે નાણાં રોકવાં પડે; કેમકે શહેરીઓને ઢોર ખરીદવાં પડે, તેમને માટે કહોડ (Cattle shed) બાંધવી પડે અને મંડળીનું બધું કામ કરવા માટે પગારદાર નોકરો પણ રાખવા પડે. વળી એવાં ઢોરોને કંઇ રોગ પણ ન થાય તેની સાવચેતી અને તબીબી મદદ માટે ગોઠવણ પણ કરવી પડે. (૩) ત્રીજા પ્રકારની મંડળીમાં દૂધ ઉત્પન્ન કરનારા અને દૂધ વાપરનારાઓની બનેલી મિશ્ર મંડળી કાઢી શકાય. અલબત દૂધ વાપરનારાઓનું અને દૂધ ઉત્પન્ન કરનારાઓનું પ્રમાણ એવી રીતે ગોઠવવું જોઇએ

કે જેથી કોઈ પણ જાતનું ઘર્ષણ (Friction) થવાનો સંભવ રહે નહિ અને બન્નેના હિત જળવાઈ રહે.

આમ ઉપર વર્ણવી તેમ ત્રણ પ્રકારની ચોખ્ખું દૂધ પૂરૂં પાડવા માટે મંડળીઓ કાઢી શકાય; અને જ્યાં જ્યાં જે જે જાતની મંડળી ઉપયોગી હોય તે જાતની મંડળી કાઢવા પ્રયત્નો આદરવા જોઇએ. હવે તો ચોખ્ખું ઘી પણ મળવું મુશકેલ થઇ વડયું છે. વેજીટેબલ ઘી વગેરેનો બહુ છુટથી ભેળ થવા માંડયો છે. આ દિશામાં ગુજરાતમાં બીલકુલ કામ થયું નથી અને તેથી ખાસ લક્ષ આપવાની જરૂર છે. આ મંડળીઓ નિયમિત જવાબદારીવાળી હોઇ કોઇ પણ માણસ એમાં જોડાઈ શકે છે. આ મંડળીઓની વધુ વિગતમાં અત્રે ન ઉતરતા સર્વનું ધ્યાન એની ઉપયોગિતા અને અગત્યપર ખેંચવામાં આવે છે; અને જે ભાઇઓ પોતાના શહેર માટે કંઈને કંઈ સેવા કરવા ઇચ્છિતા હોય તેઓ ગામડામાં ગયા વગર અને ગામડામાં જવાની અથડામણ વગર પોતાના શહેરી ભાઈઓની સેવા બજાવી શકશે. અને તેઓ આવી સંસ્થાની ખીલવણી માટે બરાબર અભ્યાસ કરી આ દિશામાં પ્રયત્ન કરશે તો જરૂર ફતેહ મળશે.

બિનશરાફી ઠરાવમાં એકનો વધારો

(નીચેનો શ્રી. પ્રીતમરાય વ્રજરાય દેસાઇનો હાઉસીંગને લગતો ઠરાવ પરિષદ્‌ની કાર્યવાહક કમીટીએ બહાલ રાખી ચર્ચા માટે સ્વીકાર્યો છે.)

ઠરાવ

મોટાં શહેરોમાં તથા કેટલાંક ગામડામાં વસ્તી વધી જવાને પરિણામે મધ્યમ વર્ગના તેમજ ગરીબવર્ગના લોકોને હવાઉજાસવાળાં ઘર યોગ્ય દરે મળી શકતાં નથી તેથી ગીચ વસ્તીવાળા વિસ્તારોમાં સહકારી હાઉસીંગ સોસાયટીઓ તાકીદે સ્થાપવાની અગત્ય આ પરિષદ્ સ્વીકારે છે અને તેવી સોસાયટીઓને નીચે પ્રમાણેની અનુકૂળતા આપવા અધિકારીઓને વિનંતિ કરે છે.

(ક) સરકારી લોનના વ્યાજનો દર જેટલો બની શકે તેટલો ઘટાડવો.

(ખ) મજુરો અગર માસિક રૂપીઆ પચાસથી ઓછી કમાણીવાળાં કુટુંબો માટેની હાઉસીંગ સોસાયટીઓ માટેના વ્યાજના દરમાં ખાસ ઘટાડો કરવો. તેમને માટેના ધારાધોરણ, સોસાયટીનાં કામકાજ ગુંચવણ વગરનાં અને વધુ સરળતાવાળાં થાય તેવી દૃષ્ટિએ ઘડવાં.

(ગ) નોન એગ્રીકલ્ચરલ એસેસમેન્ટમાંથી હાઉસીંગ સોસાયટીઓને મુક્ત કરવી.

સબકમિટિ નં. ૩

છઠ્ઠી ગુજરાત વિભાગી સહકારી પરિષદ્

માં

મધ્યસ્થ મંડળો વગેરે સંબંધે

ચર્ચવાના વિષયો

પરિષદ્ ભરાયાની તારીખ:—
૩ જી ને ૪ થી જુન; ૧૯૨૮

પ્રમુખ:—
રા. બા. ગોવિંદભાઇ હાથીભાઈ દેસાઇ
નાયબ દિવાન; વડોદરા રાજ્ય.

મધ્યસ્થ મંડળો વગેરે વિષયોને લગતા ઠરાવો.

ઠરાવ નં. ૧

તાલુકા દીઠ સુપરવાઈઝીંગ યુનીઅન નોંધાવવાની ખાસ જરૂર છે. અને યુનીઅનના ક્ષેત્રમાં સતત દેખરેખ રાખવાને જ્યાં જરૂર જણાય ત્યાં સુપરવાઈઝરને મદદ કરવાને એક ઈન્સ્પેકટર નીમવો જોઈએ.

ઠરાવ નં. ૨

પ્રોવીડન્ડ ફંડના કાયદાઓની ચર્ચા તથા તેના પેટા નિયમોનો ખરડો મંજુર કરવા બાબત.

ઠરાવ નં. ૩

ગુજરાતમાં આવેલી સઘળી લોકલબોર્ડ અને મ્યુનીસીપાલીટીઓને સહકારી ચળવળ અર્થે કોઑપરેટીવ ઈન્સ્ટીટયુટોને વાર્ષિક ફાળો આપવા આ પરિષદ્ વિનંતિ કરે છે.

ઠરાવ નં. ૪

મંડળીઓના પેટા કાયદાથી ઈન્સ્ટીટયુટ તથા યુનીઅનની ફી ભરવાનું ફરજીયાત ઠરેલું છે; પરંતુ તે ફીની વસુલાત બરાબર થતી નથી, તેથી નાણાં ધીરનારી બેન્કમાં મંડળીના ચાલુ ખાતામાંથી ફક્ત ફી સ્થાનિક ઓડીટર સાહેબનો દાખલો મેળવી ઇન્સ્ટીટયુટ અને યુનીઅન જમા ખર્ચથી બેન્કમાંથી વસુલ કરી શકે એવી તજવીજ - મે. આસીસ્ટંટ રજીસ્ટ્રાર સાહેબ મારફતે થવી જોઇએ.

ઠરાવ નં. ૫

બીજા ત્રણ મહીનામાં શું કામકાજ કરવું તે નક્કી કરવા અને તે બદલ પ્રગતિ તપાસવા માટે સહકારની પ્રવૃત્તિમાં જોડાએલા સરકારી અને બિનસરકારી ગૃહસ્થોની ત્રિમાસિક મીટીંગ બોલાવવાનો વહિવટ ઇન્સ્ટીટયુટની જીલ્લા શાખાએ દાખલ કરવો જોઇએ.

ઠરાવ નં. ૬.

ઉત્તર વિભાગની સઘળી સુપરવાઈઝીંગ યુનીયનોની પ્રવૃત્તિ પર ધ્યાન દઇ તેમને યોગ્ય રીતે ખીલવવા તેમનું ફેડરેશન કરવું ઇષ્ટ છે, એવો આ પરિષદ્નો અભિપ્રાય છે.

સહકારી વિષયો ઉપર થોડુંક મનન

લેખકઃ—દી. બા. અંબાશંકર યુ. મલજી
ઓન. ઓર્ગેનાઈઝર ઉત્તર વિભાગ

ફેડરેશન

ગુજરાત વિભાગમાં હાલ ૧૩ સુપરવાઈઝીંગ યુનીઅનો કામ કરે છે અને ૫ જીલ્લામાં એકંદર ૩૬ તાલુકા છે. જો દરેક તાલુકે એક યુનીઅન થાય તો ૩૬ યુનીઅનોનું ફેડરેશન થઇ શકે.

૨. યુનીઅનના કામકાજના ઉકેલ માટે હાલ એક કમીટી નીચે પ્રમાણે મે. રજીસ્ટ્રાર સાહેબે નિયત કરેલી છે.

૧. મે. આસીસ્ટન્ટ રજીસ્ટ્રાર સાહેબ, ચેરમેન.
૨. નાણાં ધીરનાર મધ્યસ્થ સંસ્થાના પ્રતિનિધિ.
૩. ઇન્સ્ટીટ્યુટની જીલ્લા શાખાના પ્રતિનિધિ.

આ બીજા ને ત્રીજા પ્રતિનિધિઓ જો તે સંસ્થાના ચેરમેન હોય તો આ ત્રણે ગૃહસ્થો ઘણા કામવાળા હોવાથી તેમના મેળાપનું સ્થાન કમતી રહે છે. આ યોજના તા. ૨૧-૧૨-૨૭ થી અમલમાં મૂકાયા છતાં અમારા જાણવા મુજબ હજુ સુધી એક પણ મીટીંગ કમીટી કરી શકી નથી અને દર માસે દરેક જીલ્લે મીટીંગ થવી દુર્ઘટ છે. ખરૂં પૂછો તો દરેક જીલ્લાના યુનીઅનોને યોગ્ય ગતિ દેવા તેવી માસિક મીટીંગ અગત્યની છે અને યુનીયનના ચાલક સરકારી અમલદારને બદલે યુનીઅનનું ફેડરેશનજ હોઇ શકે. સ્વરાજ્યની ઉત્તમોત્તમ યોજનાને બીજું શોભેજ નહિ.

૩. આ બાબત હાલ તુરત એક રસ્તો એ દીસે છે કે આ નોંધાયલાં ૧૩ યુનીઅનો એક ફેડરેશન કરે અને આગળ ઉપર ગામડાંની મંડળીઓ તથા નાગરિક બેંકોના યુનીઅનના ગવરનર નીમવાની અપેક્ષાએ હાલ તુરત તે એક કમીટી તથા ફેડરેશન ઓફીસર નીમે.

૪. સવાલ ખરેખર ખરચનો છે પણ આવા યુનીઅન અને ફેડરેશનના ફાળા વેળાસર નક્કી થવા જોઇએ. હાલ યુનીઅનનાં બજેટ નક્કી થઇ વર્ષના છેલ્લા દિવસોમાં ગ્રાન્ટ નક્કી થાય છે. તેમાં હિસાબની ગુંચવણો થવા સંભવ છે. કેમકે ખર્ચની રકમ સરકારી ગ્રાન્ટના પ્રમાણમાં મળે છે અને પ્રસંગે સુપરવાઈઝરોના પગાર મહિનાઓ સુધી બાકી રહે છે તેથી બજેટ, પહેલાં ત્રણ માસ દરમ્યાન, ચેક

થઈ યુનીઅનનો પ્રોગ્રામ નક્કી થવો જોઈએ. વળી નાગરિક બેંકોના યુનીઅનને સરકાર તરફથી કશી ગ્રાન્ટ મળતી નથી તે યોગ્ય નથી. નાગરિક બેંકો કાંઈ સહકારની સાવકી દીકરી નથી; બલકે ત્યાં વધુ દેખરેખની જરૂર છે. આવા યુનીઅનની ગ્રાન્ટ પાછલા વર્ષના નફા ઉપર આધાર રાખી નક્કી કરી શકાય છે.

૫. ફેડરેશનની ગ્રાન્ટ પણ તેજ ધોરણે નક્કી થવી જોઇએ. સરકારી ફાળા, દેખરેખ ને નિરીક્ષણ બદલ અન્ય દેશોમાં મુખ્યત્વે સરકારી મદદથી શરૂ થાય છે અને તેમ થશે તો વખત વીતતાં સરકારી ખરચ ઘટતા જશે. દાખલા તરીકે સરકારી ઑડીટર સર્વાંશે મંડળીઓ ઑડીટ કરી શકતા નથી; વખતસર પણ તેમ બની શકતું નથી. યુનીઅન અને ફેડરેશનને આવી જુમ્મેદારી સ્વીકારી લેવાથી આ દિશામાં ઘણું કામ થઈ શકે અને તે આંગળી ચીંધીને બતાવી શકાય તેવું છે.

પ્રોવીડન્ટ ફન્ડ

આ બાબત નવા કાયદામાં દાખલ કરેલો બંદોબસ્ત ઘણો આવકારદાયક છે; પરંતુ તે અમલમાં મૂકવા પહેલાં દરેક મંડળીના પેટા કાયદામાં એક બાબત ઉમેરવાની આવશ્યકતા છે. તે બદલ ખાતા તરફથી હજી તજવીજ થવી બાકી છે. આવા પેટા કાયદાનો એક ખરડો શ્રી ગુજરાત બ્રહ્મક્ષત્રિય કો-ઓપરેટીવ ક્રેડીટ સોસાયટીએ અને બીજો ઇન્સ્ટીટયુટની સુરત જીલ્લા શાખાના માનદ મંત્રી મી૦ ન્હાનાલાલ લાલભાઇ વકીલે તૈયાર કરેલો છે અને ચર્ચા શરૂ કરવા માટે તે વિચારમાં લેવાશે. સભાસદોનું આ ફન્ડ છે અને તેને કરવાની મદદ મંડળી પોતાના નફા પૈકીજ અમુક અંશે કરી શકે. રીઝર્વ ફન્ડ પછી તે મુજબ થવા અર્થે પહેલું સ્થાન પ્રોવીડન્ટ ફન્ડને મદદ દેવાનું ઠરાવવું જોઇએ અને તે પછી નફાની વહેંચણી સભાસદ વચ્ચે અને બીજા નિયત કામોની થવી જોઈએ. આ ફન્ડને જપ્તી વગેરેથી જે સલામતી મળી છે તે જોતાં સભાસદોએ તેનો લાભ વધુ પ્રમાણમાં લેવો જોઇએ.

ઇન્સ્ટીટયુટ અને યુનીઅન ફી

ઈન્સ્ટીટયુટ તથા સુપરવાઈઝીંગ યુનીઅનની ફી તેમની સભાસદ મંડળીઓ પાસેથી ફરજીઆત લેવા ઠરેલું છે. યુનીઅન મહા મહેનતે ફી વસુલ કરે છે છતાં ઈન્સ્ટીટયુટની ફી વસુલ કરવાનું કામ ઘણે અંશે સરકારી ઑડીટરને શિર પડે છે. સરકારી ઑડીટર દોઢપોણાબે વર્ષે એક કે માંડ બે દિવસ માટે ગામડાની મંડળીઓની મુલાકાત લે છે તે દરમ્યાન હમેશાં ફી વસુલ કરવાનું બનતું નથી એ વાત ઉઘાડી છે. વાત બરોબર નજરમાં આવે તે માટે ઈન્સ્ટીટયુટની ફી ગુજરાતમાં કેટલા પ્રમાણમાં તા. ૩૧-૩-૨૮ આખર બાકી છે તે અર્થે નીચેનું પત્રક ઇન્સ્ટીટયુટની વિભાગી શાખાના દફતર ઉપરથી તૈયાર કરાવેલું છે.

નં.	નામ	મંડળી સભાસદ	વ્યક્તિ સભાસદ	કુલ
૧	સુરત જીલ્લા શાખા	૮૪૨-૧-૦	૪૦૧-૪-૦	૧૨૪૩-૫-૦
૨	ખેડ ,, ,,	૫૮૦-૧૨-૦	૧૭૮-૧૨-૦	૭૫૯-૮-૦
૩	અમદાવાદ ,, ,,	૨૮૬-૮-૦	૧૭૭-૮-૦	૪૬૪-૦-૦
૪	પંચમહાલ ,, ,,	૧૧૪-૪-૦	૯૨-૮-૦	૨૦૬-૧૨-૦
૫	ભરૂચ ,, ,,	૩૧-૪-૦	૬૨-૮-૦	૯૩-૧૨-૦
	કુલ...	૧૮૫૪-૧૩-૦	૯૧૨-૮-૦	૨૭૬૭-૫-૦

૨. ઉપલા પત્રકથી બાકીનો ખ્યાલ આવશે. સુરત જીલ્લો તેમાં પહેલો નંબર દાખવે છે. યુનીઅનની મંડળીઓ પૈકી કોઈક, કોઇક વખત ફી આપવા આનાકાની કરે છે. ઘણેભાગે જીલ્લાબેંકોમાં આ મંડળીઓના ચાલુ ખાતાં રહે છે તેથી ચાલુ ખાતામાં પુરતા પ્રમાણમાં બચત હશે તો ઠરેલી ફી સરકારી ઑડીટરના દાખલાથી સ્થાનિક ઇન્સ્ટીટયુટને વસુલ કરવા કાંઈ હરકત હોવી જોઇએ નહિ; બલકે તેના હાથ તે દિશામાં મજબુત કરી દેવા જોઈએ.

૩. ઉપર મુજબનો વહીવટ વહેવારૂ રીતે આખા ગુજરાત પૈકી ફકત ભરૂચ જીલ્લામાં છે અને તેથી પ્રસંગે એકજ દિવસમાં આખા વર્ષની ફી જીલ્લાશાખા બેંક મારફતે વસુલ કરી શકે તેવું છે. જો એ મુજબ કરવામાં ન આવે તો ફી બાકીનો ટીમલો થવા સંભવ છે. અને જીલ્લા શાખામાં આખો વખત કામ કરનાર માણસની સવડ રહેતી નથી.

૪. ભરૂચ જીલ્લા સિવાય બીજી બધી શાખાઓમાં હજી આખો વખત કામ કરનાર મદદનીશ સેક્રેટરી નથી એટલે ઈન્સ્ટીટયુટના કામની ઉકેલ પણ જોઈતા પ્રમાણમાં થઈ શકતી નથી. શાખા બરોબર ગતિમાં મૂકવા માટે દરેક જીલ્લામાં એક પગારદાર મદદનીશ સેક્રેટરી નીમવો જોઇએ અને તેને જો ગામડે મોકલવાની સગવડ મળે તો ઇન્સ્ટીટયુટનું કામ વધુ સંગીન પરિણામ લાવશે.

૫. મંડળીઓને કેળવવાનું અને કાંઈક અંશે નિરીક્ષણ અને દેખરેખનું કામ ઈન્સ્ટીટયુટ તરફ તબદીલ થયું છે તો પછી ખાતા તરફથી ઉપર દર્શાવેલી સગવડ પણ મળવી જોઈએ. મંડળીના સહીવાળા વાઉચરને બદલે ઑડીટરના પ્રમાણપત્રવાળી યાદી સહિતની બેંકની ડેબીટ સ્લીપ તેટલીજ કારગત લેખાવી જોઇએ. જ્યારે યુનીઅનોનું ફેડરેશન થાય ત્યારે તેની ફી વસુલ કરવા બદલ પણ તેવો બંદોબસ્ત થઇ શકશે.

સુપરવાઈઝીંગ યુનીયન નોંધવા બાબત

લેખકઃ—**શ્રીયુત પોપટલાલ ટી. પરીખ**
ઇન્સ્પેકટર સુરત ડીસ્ટ્રીકટ કોઓપરેટીવ બેન્ક લીમીટેડ.

ઘણી ખરી મંડળીઓ આ જીલ્લામાં પંદર વર્ષથી સ્થાપવામાં આવેલી છે. છતાં પણ મંડળીની વ્યવસ્થા તપાસતાં માલમ પડે છે કે તે સંતોષકારક નથી. આનું મુખ્ય કારણ મંડળીના સભાસદો મંડળીના કામકાજમાં બીલકુલ રસ લેતા નથી. મંડળીના સભાસદો મોટે ભાગે અભણ હોય છે. તેઓને પૈસા લેવા પુરતોજ સંબંધ હોય છે. મંડળીની વ્યવસ્થાપક કમીટીના મેમ્બરો પણ ઘણીવાર ફક્ત સહી કરી જાણે છે. આવા સંજોગોમાં મંડળીના કોઇ કોઇ સેક્રેટરીઓ સભાસદોના અજ્ઞાનનો લાભ લઈ મંડળીને ગેરવ્યવસ્થામાં મુકી દે છે. આવી વસ્તુસ્થિતિ અટકાવવાને તથા સહકારના સિદ્ધાંતોનો ફેલાવો કરવા માટે દરેક તાલુકામાં સુપરવાઈઝીંગ યુનીયનની ખાસ જરૂર છે. આવાં યુનીયનોના સુપરવાઇઝરો દરેક મંડળીને વારંવાર તપાસી તેની ગેરવ્યવસ્થાઓ દૂર કરી જોઈતા સુધારાઓ દાખલ કરી શકશે. તેમજ સુપરવાઈઝરો મંડળીના સભાસદોને પોતાના ખર્ચો કમી કરવા તથા મંડળીના લાભો સંબંધી જાણ કરશે. જ્યાં આવાં યુનીયનો છે ત્યાં તેના ફાયદાઓ ચોક્કસ થયા છે. ઉપરાંત ઉપર જણાવેલી ગેરવ્યવસ્થા કરનારા સંચાલકો ઉપર એક જાતનો દાબ રહેશે. કંઇક અંશે સહકાર અને સ્વતંત્રતાના સિદ્ધાંત વિરુદ્ધ આ જાય છે પણ જ્યાં સુધી લોકોમાં કેળવણી પ્રસરી નથી ત્યાં સુધી આવા દાબોની જરૂર હોય છે. જ્યાં ક્ષેત્ર બહોળું હોય છે ત્યાં ઇન્સ્પેકટરો સુપરવાઇઝરોના કામમાં બરાબર મદદ કરી શકે. સુપરવાઇઝરો અને ઇન્સ્પેકટરો મંડળીઓની જરૂરિયાતોનો જો સારી રીતે અભ્યાસ કરશે અને તે પુરી પાડવા પ્રયત્નો કરશે તો જણાતી ખામીઓનાં કારણોનો અભ્યાસ કરી તેઓને દૂર કરવા ફતેહમંદ થશે. પરંતુ બધા સુધારા એકદમ ન થાય. એકદમ સુધારા દાખલ કરવાની ઉમેદમાં મંડળી બંધ થવાનો પણ સંભવ આવે. માટે મંડળીઓનો પૂરો અભ્યાસ કરી ત્યારબાદ જોઈતા સુધારાઓ દાખલ કરવાથી મંડળીઓની વ્યવસ્થાઓ બરાબર બનશે. દરેક તાલુકાની મંડળીઓનું વાતાવરણ, સંજોગો અને જરૂરિયાતો સરખાં હોતા નથી એટલે ઘડેલા નિયમો સામાન્ય રીતે લાગુ પાડવા મુશ્કેલ છે. તેટલા માટે આવા યુનીયનોનું એકત્રમંડળ પોતાની મંડળીઓની દાદ ફરીયાદો તેમજ જરૂરીયાતો વગેરે એકત્ર રીતે થઇને ઘણી મજબુતાઇથી મધ્યસ્થ સંસ્થાઓ આગળ રજુ કરી શકે અને. જરૂર તેમાંથી પોતાના ફાયદાઓ પ્રાપ્ત કરી શકે એટલા માટે દરેક તાલુકામાં આવા યુનીયનો સ્થપાવા જોઈએ અને મંડળીઓ તેઓની સાથે સંયોજિત થાય તો મંડળીઓ આબાદીને રસ્તે સહેલાઇથી અને ઘણા ટુંક સમયમાં પહોંચી શકશે.

અગત્યના વિષયો ઉપર ટુંક નોંધ

લેખકઃ—**શ્રીયુત કેશવલાલ એ. ઠક્કર**

આસી. રજીસ્ટ્રાર, વડોદરા રાજ્ય.

સહકારી દેખરેખ રાખનાર મંડળ

જે તાલુકાઓમાં ત્રીસ કરતાં વધારે મંડળીઓ હોય તે તાલુકામાં સહકારી દેખરેખ રાખનાર મંડળ (Co-operative Supervising Union) સ્થાપવાની ખાસ જરૂર છે. અને આવા દેખરેખ રાખનાર મંડળ માટે સુપરવાઈઝરની પણ ખાસ જરૂર હોય છે. જ્યાં બહુ કામ હોય ત્યાં સુપરવાઇઝરને મદદ કરવાને એક ઈન્સ્પેકટર પણ રાખવો જોઇએ. પરંતુ મધ્યસ્થ નાણાં - ધીરનારી સંસ્થા અને તાલુકાની મંડળીઓએ ખર્ચની સવડ પ્રથમ કરવી જોઈએ. ઉપયોગ કરતાં વિશેષ ખર્ચ થાય તો આ વાત મંડળીઓને પરવડે નહિ. દેખરેખ રાખનાર મંડળની જરૂરીયાત અને ઉપયોગિતા વિષે હવે મતભેદ રહયો નથી. પણ સરકારી દેખરેખ અને સહકારી દેખરેખ રાખનાર મંડળની દેખરેખ વચ્ચે સૂક્ષ્મ ભેદ છે એ જાણી લેવાની જરૂર છે. સહકારી હિલચાલ એ પ્રજાની હિલચાલ છે, પ્રજોન્નતિ માટે છે. માટે પ્રજાના નેતાઓએ અને સ્વયંસેવકોએ આ કામ ઉપાડી લેવું જોઇએ. સહકારી મંડળીઓ સંબંધી સરકાર તપાસણી, ચોકસી, અને તપાસ કર્યા કરે છે તેમ કરશે. સરકારતપાસણીમાં મુખ્યત્વે કરીને ખામીઓ અને દૂષણોની નોંધ લેવામાં આવે છે. અને સુધારણા માટે સૂચનાઓ આપવામાં આવે છે. અને સુધારણા ન થાય તો શિક્ષા થાય છે અને મંડળીઓ રદ કરવામાં આવે છે. આ વાત બહુ જાણીતી છે. પરંતુ આવી પારકી તપાસ કરતાં પોતે પોતાનું અવલોકન, પરીક્ષણ કરવું એ પ્રગતિનું ચિહ્ન છે; અને સુધરવાનો આબાદ ઇલાજ છે. સુપરવાઈઝીંગ યુનીયનની દેખરેખ એ પોતાની પોતા ઉપર દેખરેખ છે. **સહકારી** દેખરેખ છે, **સરકારી** નહિ. આ મહત્ત્વનો ભેદ છે. શરીરમાં જેવી આંખની ગરજ છે, વિશ્વ વ્યવસ્થામાં જેવી સૂર્ય ચંદ્રની ગરજ છે, તેવીજ સહકારી દેખરેખ રાખવાની ગરજ છે. દેખરેખ વિના રાયનો રંક થઈ જવાની, અ વર્ગની મંડળી ઢ વર્ગમાં જવાની અને વિમાર્ગે વહી જવાની ધાસ્તી રહે છે. સહકારી મંડળી એ નિયમસર કામકાજ કરનારી સંસ્થા છે. કારણ કે તેમાં નિયમ, વટહુકમ અને સૂચનાઓનું પાલન કરવું પડે છે. વળી મંડળી અનેક વ્યક્તિઓની બનેલી હોય છે. તેથી પણ માલાના મણકાને ધરી રહેનાર સૂત્રધારની ગરજ રહે છે. વિશેષમાં સ્વાર્થમાં માણસ મોહ પામે છે; વિદ્વાન પણ મુગ્ધ થાય છે; અને

તેથી કાર્યવાહકો સ્વાર્થના પ્રસંગે અંધ બની જાય છે, અને જાણી જોઈને ગફલત કરે છે એ અનુભવસિદ્ધ વાત છે. તેથી મંડળીઓનું કામકાજ સુબુદ્ધિ પ્રમાણે ચાલે અને રસ અખંડ જળવાઈ રહે એ હેતુથી સહકારી દેખરેખ રાખનાર મંડળ જેવા મંડળની સહકારી દેખરેખની બહુ જરૂર છે. આ મંડળ કેવળ દૂષણો બતાવીને, સૂચના કરીને કૃતકૃત્ય થશે નહિ, પરંતુ ખામીઓ સુધારવા પણ પ્રયત્ન કરશે અને મંડળીઓનાં સુકાન યોગ્ય દિશામાં રાખી હંકારવામાં મદદ આપશે અને મંડળીઓનાં વહાણ વખતસર નિર્ભય રીતે મુકામે પહોંચશે.

ઇન્સ્ટીટયુટ તથા યુનીયનની ફીની વસુલાત

ઇન્સ્ટીટયુટ અને યુનીયન બન્ને સહકાર્યનાં ખાસ ઉપયોગી અંગો છે. અને તેને પોષવાની ખાસ જરૂર પડે છે. મંડળીઓનાં સામાન્ય હિતનાં કામ આ સંસ્થાઓ દ્વારા થાય છે અને આવાં કામ કરવા માટે રોકડ નાણાંની ખર્ચ માટે ખાસ જરૂર પડે છે. પરંતુ મંડળીઓની ફી વખતસર વસુલ આવતી નથી અને તેથી તેનો સરળતાથી ઉકેલ કાઢવાની જરૂર છે. આ હેતુ માટે મંડળીઓ જે સેન્ટ્રલ બેંક સાથે સંબંધ ધરાવતી હોય તે સેન્ટ્રલ બેંકમાં મંડળીઓની જે જમા રકમ હોય તેમાંથી સ્થાનિક ઓડીટરના દાખલાથી દાખલામાં જણાવેલી રકમ ઇન્સ્ટીટયુટ તથા યુનીયન સેન્ટ્રલ બેંકમાંથી વસુલ કરી શકે એવી યોજના થવાની જરૂર છે. જે મંડળીઓનું સેન્ટ્રલ બેંકમાં જમાં ન હોય તેવી મંડળીઓને ઇન્સ્ટીટયુટ તથા યુનીયનમાં દાખલ કરતાં અવલ સેન્ટ્રલ બેંકના એટલા શેર લેવડાવવા કે તેટલા શેરના ડીવીડીન્ડની રકમમાંથી ઇન્સ્ટીટયુટ તથા યુનીયનની ફી આપવાની ગોઠવણ થઈ શકે. આવા પ્રકારની યોજના ઠરાવ નં. ૪થામાં રજુ કરવામાં આવી છે તે આવકારદાયક છે; આ પ્રશ્નનો ઉકેલ કાઢવાનો આ ઉત્તમ ઉપાય છે. તે ફી રોકડ વસુલ આવ્યા સિવાય ઈન્સ્ટીટયુટ તથા યુનીયન સમગ્ર મંડળીઓના હિતનાં કામો કરી શકે નહિ એ સ્પષ્ટ વાત છે. નાણાં સિવાય આવી કોઈ સંસ્થા ચાલી શકે નહિ અને તક ગયા પછી વસુલ આવે એની કંઈ કીંમત નહિ. તક અને હકનો નિકટ સંબંધ ખાસ લક્ષમાં રહેવો જોઈએ.

લોકલબૉર્ડ તથા મ્યુનિસિપાલિટિ તરફથી ઈન્સ્ટીટ્યૂટને મળવી જોઈતી ગ્રાંટ

લેખકઃ—શ્રી૦ નાનાભાઈ લાલભાઈ વકીલ

ઑ. સેક્રેટરી; સુરત-ડીસ્ટ્રીકટ કો-ઑપરેટીવ ઇન્સ્ટીટયુટ

સહકાર એ સ્વરાજ્યનું પગથિયું છે, એમ કહેવામાં આવે છે. લોકલબૉર્ડ તથા મ્યુનિસિપાલિટિ જેવી સ્થાનિક સંસ્થાઓને જો આપણે સ્વરાજ્યનું બીજું પગથિયું કહીએ તો તેમાં અતિશયોકિત છે, એમ કોઇ કહી શકે નહિ. સ્વરાજ્ય સારૂં ચલાવવા માટે સ્વરાજ્યની પ્રજા સુખી અને સંતોષી હોવી જોઇએ, અને જ્યાં લગી તે પ્રજાની આર્થિક સ્થિતિ સારી નહિ હોય ત્યાં લગી તે પ્રજા સુખી અને સંતોષી કહી શકાય નહિ. પ્રજાને જ્ઞાની, તંદુરસ્ત, નીતિમાન, અને ધાર્મિક બનાવવા માટે અનેક હિલચાલો છે, અને તે હિલચાલોથી પ્રજાને ફાયદા થાય છે, પણ તે ફાયદા આર્થિક નથી, અને જ્યાં લગી પ્રજાની આર્થિક સ્થિતિ સારી ન હોય ત્યાં લગી તે સુખી અને સંતોષી હોઈ શકે નહિ. આર્થિક સ્થિતિ સુધારનારી જો કોઈ હિલચાલ હોય તો તે સહકારી હિલચાલ છે, અને સહકારી હિલચાલને આગળ વધારનાર અને તેની જાહેરાત કરનાર સંસ્થા તે કો-ઑપરેટીવ ઇન્સ્ટીટયુટ છે. ઈન્સ્ટીટયુટના કાર્યમાં મદદ કરનાર સ્થાનિક સંસ્થાઓ પોતાનાજ કાર્યમાં મદદ કરે છે, એમ કહી શકાય.

સહકારી મંડળીઓ પોતાના નફામાંથી ગામમાં કુવા, હવાડા, રસ્તા, નિશાળનાં મકાન વગેરેનાં કામમાં પૈસા ખરચી ગામની સુખાકારીમાં વધારો કરે છે, અને લોકલબૉર્ડના કામમાં મદદરૂપ થાય છે, તો એવી મંડળીઓને ઉત્તેજન આપનાર તથા એવી મંડળીઓને સારા પાયા પર મૂકનાર સંસ્થાને મદદ કરવી એ લોકલ-બોર્ડોની ફરજ છે.

કેળવણી આપવાનું કામ લોકલબૉર્ડ અને મ્યુનિસિપાલિટિનું છે. તેઓ જ્યારે બાળકોને કેળવણી આપે છે, ત્યારે સહકારી મંડળીઓ પુખ્ત ઉમરના માણસોને કેળવણી આપવાનું કામ કરે છેઃ જેને પરિણામે એવી સંસ્થાઓને લાભ થયા વગર રહેતોજ નથી.

લોકલબૉર્ડો અને સહકારી સંસ્થાઓ વચ્ચે એક રીતનો સંબંધ ચાલુ તો છે; જ્યારે કોઇપણ મંડળી ફડચામાં જાય છે, અને તેના વધારાનાં નાણાં ગામોપયોગી કામમાં

વાપરવાનાં હોય છે, તો તે નાણાં લોકલબોર્ડો મારફતેજ વાપરવામાં આવે છે, અને જેટલું કામ તે નાણાં વડે થાય છે, તેટલું કામ લોકલબોર્ડોને ઓછું કરવાનું રહે છે. સહકારી સંસ્થા એ મ્યુનિસિપાલિટીઓની હદમાં પણ છે; જો કે લોકલબોર્ડોની હદમાં તેથી ઘણી વધારે છે. એવી સંસ્થાઓને મદદ કરવાથી શહેરની વસ્તીની સ્થિતિ સુધરવા સાથે ગ્રામ્ય વિભાગની સ્થિતિ વધારે સુધરવા સંભવ છે, અને ગ્રામ્ય વિભાગની વસ્તી જો આબાદ હોય તોજ શહેરની વસ્તી આબાદાની ભોગવી શકે; એટલે મ્યુનિસિપાલિટિની અને સહકારી સંસ્થાઓની પોતાની હદમાં વસ્તી પ્રજાનો તંદુરસ્તીમાં વધારો થાય એવા ઉપાયો યોજવાની ફરજ છે, અને તે ફરજ કેટલેક અંશે સહકારી સંસ્થાઓ અદા કરે છે. દાખલા તરીકે શહેરમાં ચોખ્ખા દૂધની આવશ્યકતા ઘણી છે, અને સુરતમાં તેવું ચોખ્ખું દૂધ પૂરૂં પાડનારી સહકારી મંડળી છે. અને તે મંડળીથી થતા ફાયદા તેના સભાસદોએ અનુભવ્યા છે, તો એવી મંડળીઓને અગર તેને ઉત્તેજન આપનાર સહકારી ઇન્સ્ટીટયુટને મ્યુનિસિપાલિટિ મદદ આપે એ વાસ્તવિક છે.

સહકારી મંડળીઓ લોકલબોર્ડના માસ્તરો ઉપર બહુ વિશ્વાસ રાખે છે. તેઓ પોતાના સેક્રેટરી તરીકે એવા માસ્તરોને નીમે છે, અને તેવા માસ્તરો મારફતે ચાલતી સંસ્થાઓ પર લોકલબોર્ડોએ વિશ્વાસ ખોવાનું કંઈ કારણ નથી; બલકે એવી સંસ્થાઓને તેઓએ ઉત્તેજન આપવું જોઇએ.

લોકલબોર્ડો તથા મ્યુનિસિપાલિટિના નોકરો સહકારી મંડળીઓ કાઢે છે; દાખલા તરીકે સુરતમાં સુરત મ્યુનિસિપલ ઓફીસ એમ્પ્લોઇઝની, હેલ્થ ડિપાર્ટમેન્ટના નોકરોની તથા પ્રાથમિક શિક્ષકોની એ પ્રમાણે ત્રણ મંડળીઓ છે. એ દ્વારા તેઓ સુખી થવા પ્રયત્ન કરે છે, અને જો સુખી ન થાય તો પણ સંતોષી તો થાય છે, એ સહજ તપાસ કરવાથી ખાત્રી થઈ શકે છે.

સહકારી હિલચાલ દિવસે દિવસે આગળ વધવા માંડી છે. સહકારી હિલચાલ આજ લગી તો મુખ્યત્વે કરીને નાણાં ધીરવાની મંડળીઓ કાઢવામાંજ સમાએલી હતી; પણ એ હિલચાલનો વિસ્તાર હવે વધવા માંડયો છે. માલ વધારે સારો અને કિફાયતે ઉત્પન્ન કરવા, સગવડવાળાં રહેવાનાં ઘરો બાંધવા, તંદુરસ્તીમાં વધારો કરનાર ચોખ્ખું દૂધ વગેરે ચીજો પૂરી પાડવા, જિંદગીની જરૂરિયાતો કિફાયત દરે પૂરી પાડવા, ખેતી માટે નવી ઢબનાં ઓજારો વાપરવા વગેરે એવા ઘણા હેતુઓ માટે હવે મંડળીઓ નીકળવા માંડી છે, અને તે અનેક રીતે તેના સભાસદોનું આર્થિક હિત સાધી રહી છે. આવી લોકહિતકારી હિલચાલને જેમ ઉજત્તેન આપવામાં આવે તેમ તે વધારે વેગથી વધી શકે અને લોકોનું ભલું કરી શકે છે.

ગુજરાતમાં સુરત ડિસ્ટ્રીકટ કોઓપરેટિવ ઈન્સ્ટીટયુટ, ડિસ્ટ્રકટ લોકલબોર્ડ પાસે વાર્ષિક રૂા. ૧૦૦)ની ગ્રાંટ મેળવવા ભાગ્યશાળી થયું છે; પણ ખાનદેશ, બેલગામ વગેરે બીજા વિભાગોમાં તો ઈન્સ્ટીટયુટને બહુ સારી મદદ મળી રહી છે, જે નીચેના આંકડાઓ પરથી જોઇ શકાશે.

ઈન્સ્ટીટયુટની શાખાનું નામ				ડિસ્ટ્રીકટ લોકલબોર્ડે આપેલી ગ્રાંટ રૂપીઆ
સુરત ડિસ્ટ્રીકટ બ્રાંચ	....	....	....	૧૦૦
પશ્ચિમ ખાનદેશ ડિસ્ટ્રીકટ બ્રાંચ		....	...	૧૦૦૦
બેલગામ ડિસ્ટ્રીકટ બ્રાંચ	...	....	....	૧૦૦૦
કર્ણાટક બ્રાંચ	....	....	....	૫૦૦
હૈદ્રાબાદ બ્રાંચ	....	....	...	૩૦૦
થાણા ,,	....	....	....	૧૦૦
રત્નાગીરિ ,,	....	....	....	૧૦૦
નાશિક ,,	....	...	....	૫૦૦
નાશિક ડિસ્ટ્રીકટ બ્રાંચ	....	....	....	૧૦૦(નીફાડ તાલુકા બ્રાંચ)
અહમદનગર ડિસ્ટ્રીકટ બ્રાંચ	....	....	....	અહમદનગર સીટી મ્યુનિસિપાલિટિ તરફથી (આંકડાની ખબર મળી નથી)

સ્થાનિક સંસ્થાઓની ફરિઆદ એવી હોય છે, કે તેઓ પાસે પૂરતાં ફંડ નથી, એ વાત કેટલેક અંશે ખરી હોય છે; છતાં તેઓ કંઇ પણ આપી ન શકે એવી તેઓની દુર્દશા છે, એમ માની શકાય નહિ. જો એ સંસ્થાઓ સહકારી હિલચાલને ઉત્તેજન આપવાનો સિદ્ધાંત સ્વીકારે અને પોતાની યથાશકિત થોડી પણ મદદ આપતા રહે તો સહકારીઓ પોતાને ઘણું ઉત્તેજન મળ્યું માનશે.

પ્રોવીડન્ટ ફંડ

લેખકઃ—**શ્રી૦ નાનાભાઇ લાલભાઇ વકીલ**

ઑ. સેક્રેટરી; સુરત-ડીસ્ટ્રીક્ટ કો-ઑપરેટીવ ઇન્સ્ટીટ્યુટ

દરેક માણસે પોતાની પાછળ પોતાનું કુટુંબ સાધારણ રીતે સુખી જિંદગી ગુજારે એટલું બચત કરી મૂકી જવું જોઇએ. જો કોઈ માણસ પોતાની જિંદગીમાં કંઇ બચત કરે નહિ, અને રળે તેટલું ખરચી નાખે તો તેના અવસાનના બીજા દિવસથીજ તેનું કુટુંબ ભૂખે મરવા માંડે. કુટુંબનો કર્તાહર્તા પુરુષ પોતાના બાળકોની ટ્રસ્ટી તરીકેની પોતાની ફરજ ચૂકે અને તેઓના હિતનો વિચાર કરે નહિ તો તે કૃતઘ્ની કહેવાય; પણ આ બાબત બહુ થોડા વિચાર કરતા હોય એમ જણાય છે; અને જેઓ વિચાર કરે છે, તેઓમાંના ઘણાખરા તો એ વિચારને અમલમાં મૂકવા આગ્રહી નથી, અને જેઓ આગ્રહી છે, તેઓને ટુંકી રકમની બચત કરવામાં ઉત્તેજન આપે એવી યોજના નથી.

આજના મોંઘવારી અને ખરચાળ સમયમાં એવી યોજનાની જરૂર છે, કે માણસો પોતાની જિંદગીમાં નિયમિત ટુંકી રકમની જે બચત કરે તે સઘળી એકઠી કરી સાચવી રાખી તે વાજબી વ્યાજ સાથે તેના કુટુંબને તેના અવસાન પછી પાછી આપે. આવી યોજનાના અભાવે માણસોને નિયમિત બચત કરવાની ટેવ પડતી નથી. વખતે વખતે તેઓ જો ટુંકી રકમો બચાવવા માગે છે, તો તે સાચવી રાખનાર મળવા મુશ્કેલ છે. તેઓ એવી રકમ બેંકોના સેવિંગ ખાતામાં મૂકી શકે છે; છતાં થોડો વખત તે બચતો એકઠી થઈ જો તેની નાની સરખી રકમ થાય છે, તો તે કંઈ જરૂરી પ્રસંગે ઉપાડી લઈ વાપરી નાખવાની તેઓને ઇચ્છા થાય છે, અને તેમ કરતાં તેઓને કોઇ અટકાવી શકતું નથી. એ રકમો વપરાઈ ન જાય તે માટે તેઓ બેંકમાં તેને બાંધી મુદતની થાપણ તરીકે મૂકી શકે છે; પણ તે રકમ જ્યાં લગી રૂ. ૫૦૦) ની થાય નહિ, ત્યાં લગી બેંકો તે રકમ બાંધી મુદત માટે સ્વીકારવા તૈયાર હોતી નથી, અને તે રકમો વધીને રૂ. ૫૦૦) નો થાય તે પહેલાં તે વાપરવાને તેનું મન લલચાયા વગર રહેનું નથી. અને રૂ. ૫૦૦) ગમે તેમ એકઠા થાય, અને બાંધી મુદતે જો તે બેંકમાં મૂકવામાં આવે તો પણ તે બાંધી મુદતની મૂકેલી થાપણ પણ તેની મુદત પૂરી થતાં તે પાછી ઉપાડી વપરાઇ જાય છે. વળી આખી જિંદગીની બચત એકઠી કરવા માટે બેંકમાં નાણાં એકઠા કરવાના હોય તેની સદ્ધરતા માટે વિશ્વાસ બેસવાની જરૂર છે, અને તે વિશ્વાસ જ્યાં લગી નહિ બેસે ત્યાં લગી જિંદગીની બચત તેવી બેંકમાં મૂકવા કોઇ રાજી હોતા નથી.

સહકારી હિલચાલનો એક હેતુ સાધારણ સ્થિતિના માણસોને કરકસર કરવાની ટેવ પાડવાનો હોવા છતાં તે બાબત આજ લગી કાયદામાં તેને માટે કંઇ યોજના હતી નહિ, અને તેથી સહકારી ખાતા તરફથી તથા સહકારના નેતાઓ તરફથી ફરજિયાત બચત થાપણો કાપવાની પદ્ધતિને ઉત્તેજન આપવામાં આવતું હતું. મંડળીઓના સભાસદોને વારંવાર તેના લાભો સમજાવવામાં આવતા હતા, અને મંડળીના કાર્યવાહકોને તે પ્રમાણેની થાપણો કાપી લેવા સૂચનાઓ કરવામાં આવતી હતી. એ પદ્ધતિ જો કે ઘણી લાભદાયી છે; છતાં તે મંડળીના સભાસદોમાં પ્રિય થઇ પડી નથી. મંડળીના સભાસદોને હંમેશ એમ લાગે છે, કે શાહુકાર જેમ વટાવ કાપી લે છે, તેમ આ થાપણો કાપી લેવામાં આવે છે. એ થાપણો સભાસદોની સ્વેચ્છાથી કપાએલી નહિ હોવાથી તેઓ હંમેશ તે પાછી મેળવવા પ્રયત્ન કર્યા કરે છે.

નિયમિત થોડી થોડી બચતથી કેટલા ફાયદા થાય છે, તે આપણે જોઇ શકીએ છીએ. જે જે સંસ્થાઓમાં પ્રોવીડંટ ફંડની યોજના છે, તે તે સંસ્થાના નોકરો ટુંકા પગારના હોય તો પણ પોતાની નોકરીને અંતે સારી મોટી રકમ બચાવવા ભાગ્યશાળી થાય છે. બચાવતી વખતે ટુંકી ટુંકી રકમો નજીવી હોય છે; પણ જ્યારે એ સઘળી રકમો એકઠી કરવામાં આવે છે, ત્યારે તેની થએલી રકમ કોઇ નજીવી કહી શકે નહિ.

ગણતરી પરથી એમ જણાય છે કે માસિક રૂપીઆ ૧૦) નિયમિત રીતે જો બચાવવામાં આવે, તો તે ૬ ટકાના વ્યાજના વ્યાજ સાથે રૂપીઆ ૧૦૦૦૦) ત્રીસ વરસે થઇ જાય છે. રૂપીઆ દશને આપણે નજીવી રકમ કહી શકીએ; પણ રૂપીઆ ૧૦૦૦૦) ને આપણે નજીવી રકમ કહી શકીએ નહિ.

સહકારીઓએ એ માટે કોઇ સુંદર યોજનાની ખોટ બાબત ફરીયાદ કરવાનું કારણ હવે રહ્યું નથી. સહકારી કાયદો નવેસરથી મુંબઇની ધારાસભાએ સને ૧૯૨૫ ની સાલમાં કર્યો છે, અને તે કાયદાની કલમ ૪૧ થી સહકારી મંડળીઓને પોતાના સભાસદોના હિત માટે પ્રોવીડંટ ફંડ ખોલવાની સત્તા આપી છે. એ કલમના મુખ્ય મુદ્દાઓ એ છે, કે કોઇ પણ સહકારી મંડળી પોતાના સભાસદોના હિતને માટે પ્રોવીડંટ ફંડ ખોલી શકે છે, અને તે ફંડમાં સભાસદોને પોતાનું ભરણું કરવાનું હોય છે, એ ફંડમાં મંડળી પોતાનું રિઝર્વ ફંડ જુદું કાઢયા પછી પોતાના ચોખ્ખા નફામાંથી ફાળો આપી શકે છે. એ પ્રોવીડંટ ફંડનાં નાણાં મંડળીએ પોતાના કામકાજના ઉપયોગમાં લેવાનાં નથી; પણ એ કાયદાની કલમ ૩૭ માં જે સદ્ધર જામીનગીરીઓ બતાવી છે, તેમાંજ રોકવાના છે; અને ફંડનો કોઇપણ ભાગ મંડળીની માલમતા કે પુંજી ગણવાનો નથી.

આ કલમ ઘણી સરળ અને સહકારીઓને ઉપયોગી છે, અને એ કલમનો જો લાભ લેવામાં આવે તો સહકારીઓને ફાયદો થયા વગર રહેજ નહિ.

સહકારી મંડળીઓ આપણા ગુજરાતમાં ઘણી છે, અને તેમાંની કોઇપણ મંડળી આવા પ્રોવીડંટ ફંડની યોજના કરી શકે છે. તેમાં ખાસ કરીને સહકારી બેંકોએ તો આ યોજના જરૂર ઉપાડી લેવી જોઇએ. તેઓ એ નાણાં બહુ સારી રીતે રોકી શકે એમ છે, અને તેઓના કારભાર વિષે લોકોમાં સંતોષ છે. સહકારી બેંકો સાથે બીજી "અ" વર્ગની મંડળીઓએ પણ આ યોજના ઉપાડી લેવી ઘટે છે; કારણ કે આ યોજનાથી મંડળીના સભાસદોને લાભ છે.

આ ફંડ કોઇપણ સંજોગોમાં ગુમાવવાનોભય રાખવાનું કારણ નથી. સહકારી મંડળીઓનાં નાણાં સાધારણ રીતે જતાં નથી. તેમાં આ વળી આ કલમથી એ નાણાં એવી સદ્ધર જામીનગીરીઓમાં રોકવાનું ફરમાવેલું છે, કે તે જવાનો સંભવ નથી; તે ઉપરાંત મંડળી એ નાણાં પોતાના ઉપયોગમાં લઈ શકતી નથી; તેમજ એ ફંડનાં નાણાંને પોતાની માલમતા તરીકે ગણી શકતી નથી. આટલાં બધાં પ્રતિબંધોને લીધે એ ફંડનાં નાણાં ગુમાવાનો સંભવ નથી.

એ ઉપરાંત મંડળીના સભાસદોને એ ફંડમાં નાણાં ભરવાને ઉત્તેજન મળે તે માટે મંડળીને પોતાના વાર્ષિક નફામાંથી અમુક ભાગ એ ફંડમાં આપવાની સત્તા આપવામાં આવી છે.

એ ફંડનાં નાણાં સભાસદના હિતને માટેજ રહે એટલાં કારણથી એ કાયદાની કલમ ૨૯ માં એવું ઠરાવ્યું છે કે ન્યાયની કોર્ટના હુકમથી એ ફંડ જપ્તી કે વેચાણને પાત્ર નથી.

આ યોજના ઘણી સુંદર છે, અને મંડળીના સભાસદોને ઘણી લાભદાયી છે. આ નવો કાયદો પસાર થયાને આજ અઢી વર્ષ થઈ ગયાં; છતાં ગુજરાતની એકે મંડળીએ કે બેંકે તે દાખલ કરી હોય એમ જણાતું નથી. આવી યોજના મંડળીઓમાં અને બેંકોમાં દાખલ કરવાથી તેઓ તેના સભાસદોના કુટુંબનો આશીર્વાદ મેળવશે. આ બાબત હવે બીલકુલ ઢીલમાં રહેવી જોઇએ નહિ, અને ગુજરાતની સઘળી બેંકો તથા 'અ' વર્ગની મંડળીઓ એ યોજના પહેલી તકે દાખલ કરશે એમ આપણે ઇચ્છીશું.

એકજ બાબતનો હવે વિચાર કરવાનો બાકી છે, અને તે એ છે કે મંડળી આવી યોજના પોતાના સભાસદો માટે દાખલ કરે તે પહેલાં તેણે એ બાબતમાં પેટાકાયદા કરવા જોઈએ, અને જ્યારે મંડળીએ પેટા કાયદા કરવાના હોય છે, ત્યારે તે સાધારણ સભામાં પસાર કરાવવા જોઇએ, અને તે પર રજિસ્ટ્રાર

સાહેબની મંજુરી મેળવવી જોઇએ. એ પેટા નાયદા કેવી રીતના હોઈ શકે તેના મુખ્ય મુદ્દા નીચે પ્રમાણે છેઃ—

ફંડનો વિસ્તાર;

૧. આ ફંડનો લાભ મંડળીના સભાસદોનેજ મળી શકશે.

ભરણાનો દર;

૨. આ ફંડમાં દાખલ થતી વખતે નક્કી કરેલી રકમ તેમાં દાખલ થનારે દર મહિને આપવી પડશે.

૩. નક્કી કરેલી રકમ નાણાં ભરનારે પોતાની જિંદગી સુધી અગર ત્રીસ વર્ષ સુધી, એ બેમાંથી તેણે નક્કી કરેલી મુદત સુધી આપવી પડશે. એ રકમમાં તેણે ફેરફાર કરવો હોય તો, તે માટે મેનેજીંગ કમિટિના ઠરાવની જરૂર છે.

વ્યાજનો દર;

૪. ખરચ બાદ કરતાં જે વ્યાજ ઉત્પન્ન થાય તે એ રકમો પર આપવામાં આવશે.

૫. દર છ મહિને વ્યાજ મુદ્દલમાં ઉમેરવામાં આવશે.

૬. દરેક મહિના દરમિયાનમાં મંડળીની ઑફીસમાં એ રકમ ભરાવી જોઇએ.

૭. સભાસદ નિયમિત ભરવામાં ચૂકે અને તે વસુલ કરવામાં મંડળીને ખરચ થાય તો તે સભાસદને નામે માંડવામાં આવશે.

ભરણું કરવામાં કસુર;

૮. સભાસદ ભરણું કરતાં ચૂકે અને ત્રણ હપ્તા ચઢી જાય તો મેનેજીંગ કમિટિની મરજી હોય તો તેની ભરેલી રકમ પર તે પૈસા ભરે ત્યાં સુધી વ્યાજ ચઢતું તે અટકાવી શકશે.

મંડળી તરફથી બક્ષીસ;

૯. જ્યારે મંડળી પોતાના નફામાંથી કંઈ રકમ એ ફંડમાં આપે ત્યારે મેનેજીંગ કમિટિ એ રકમ તે ફંડ ભરનારાઓમાં વહેંચી આપશે, અને જેને વધારે ઉત્તેજનની જરૂર ન હોય તેવાને મોટી રકમ જાય નહિ, એમ ધ્યાન રાખશે.

એકઠી થએલી રકમ પરત આપવા બાબત;

૧૦. એ પ્રમાણે એકઠી થએલી રકમ સભાસદના અવસાન પછી તેના નીમેલા સખસને અને જો તે ન નીમવામાં આવ્યો હોય તો તેના વારસને આપવામાં આવશે; અથવા ત્રીસ વર્ષ સુધી ભર્યા પછી સભાસદ પોતે માગે તો તેને આપવામાં આવશે.

નાણાં ભરનારના અવસાન પછી તે પૈસા કોને આપવા ?

૧૧. નાણાં ભરનારની પાસે તે ફંડમાં દાખલ થાય કે તરત તે પૈસા કોને આપવા તેનું લખાણ લેવામાં આવશે, અને એ પ્રમાણે જણાવેલા સખસને તેનાં નાણાં તેના અવસાન પછી આપવામાં આવશે.

૧૨. નાણાં ભરનાર આ નામ વખતો વખત બદલી શકશે; પણ આ ફંડની ઑફીસમાં તેવું લખાણ મળ્યા વગર તે ઑફીસને બંધનકર્તા નથી.

૧૩. એવું લખાણ નહિ હોય તો કમિટિ તેના કાયદાસરના વારસોને પોતાને યોગ્ય લાગે તેવી શરતે નાણાં પાછાં આપી શકશે, અને કમિટિને માથે કોઈ રીતની જોખમદારી રહેશે નહિ.

૧૪. વારસ બાબત કંઈ ગુંચવણ ભરેલા સવાલો ઉભા થએલા કમિટિને લાગશે તો કમિટિ એ સવાલોનો નીકાલ દિવાની કોર્ટે કરાવી લાવવાનું ફરમાવી શકશે.

૧૫. નાણાં ભરનાર એકઠી થએલી રકમમાંથી અમુક માણસને અમુક રકમ આપવી એમ પણ ઠરાવી શકશે. જો તે થોડી રકમ માટે એવું પોતાનું લખાણ આપશે, તો બાકીની રકમ તેના કાયદાસરના વારસોને આપવામાં આવશે.

૧૬. જો એ નાણાં કોઈ સગીરને આપવાનું તે જણાવશે, તો તે સગીરના વાલી તરીકે કોને આપવાં તે પણ તેણે જણાવવું જોઇશે.

૧૭. જે માણસને પૈસા આપવાનું તે નાણાં ભરનાર જણાવે તે જો તેના અગાઉ ગુજરી જાય તો તે માણસના સંબંધનું લખાણ રદ થએલું ગણાશે.

૧૮. એકઠા થએલાં નાણાં પર જો નાણાં ભરનાર કંઈ બોજો ઉભો કરશે તો તે સ્વીકારવાને કમિટિ બંધાએલી નથી.

૧૯. સેક્રેટરી અગર મેનેજરને કંઈ પણ વારસ નીમવા બાબતનું લખાણ આપવામાં આવ્યું નહિ હશે, તો તે કમિટિ કબુલ રાખવાને બંધાએલી નથી.

ખાસ સંજોગોમાં કરજ ધીરવું;

૨૦. નાણાં ભરનારનું અવસાન થાય અગર પૂરા ત્રીસ વર્ષ તે નાણાં ભરે ત્યાં સુધી એ રકમ કોઈથી ઉપડી શકાશે નહિ; પણ જો તે નાણાં ભરનારની આર્થિક સ્થિતિ ખરાબ થઈ જાય અને કમિટિને યોગ્ય લાગે તો તેનાં નામ પર જે રકમ હશે, તેની અડધી રકમ તેને કરજ તરીકે કમિટિ ધીરી શકશે.

૨૧. નાણાં ભરનારને એક વખત કરજ ધીર્યું હોય તો તે કરજ ભરપાઈ થઈ ગયાને એક વર્ષ સુધી ઘણાંજ ખાસ કારણો કમિટિએ લખ્યા વગર ફરી તેને કરજ ધીરવામાં આવશે નહિ.

૨૨. કરજ કમિટિની મરજી મુજબ વધુમાં વધુ ૩૬ હપ્તાથી વસુલ કરવું.

૨૩. નાણાં ભરનારને આપેલા કરજ પર સાત ટકા વ્યાજ લેવામાં આવશે, અને તેણે આપેલું વ્યાજ, તે વસુલ કરવાનો ખરચ જો કંઇ થયો હોય તો તે બાદ કરી, તેને ખાતે જમા કરવામાં આવશે.

પરિષદ્‌માં ચર્ચવાના વિષયો ઉપરની ટુંકી નોંધ

લેખકઃ-શ્રી૦ જસવંતરાય જમીયતરામ

વ્યારા વિભાગ સહકારી મંડળીના ઓડીટર

ઠરાવ નં. ૧

મંડળીઓની પ્રગતિના કામમાં તેનાં કામકાજ ઉપર સતત અને સારી દેખરેખની ખાસ જરૂર છે એ વાત સર્વમાન્ય છે. જ્યાં દેખરેખની જેટલે અંશે ખામી ત્યાં તેટલે અંશે અવ્યવસ્થા થવા પામે છે. આ દેખરેખ મંડળીઓના સભાસદો અરસપરસ પોતાની મેળે રાખે તે ખરેખર ઇચ્છવા જોગ છે. મંડળીઓનાં કામકાજ ઉપર સારી દેખરેખ રહી શકે અને તેઓને જોઈતી યોગ્ય સલાહ અને મદદ વખતોવખત મળે તે હેતુથી તાલુકાની મંડળીઓનાં સુપરવાઇઝીંગ યુનીયનો કાઢવાની ખાસ જરૂર છે. પરંતુ તેવાં યુનીયનો કાઢતાં પહેલાં યુનીયનનું કામકાજ તેના ઠરેલા ધોરણ અને પેટા કાયદાઓને અનુસરીને કરી શકે એવા કાર્યવાહકો યુનીયન સાથે જોડાનારી મંડળીઓમાંથી મળી શકવા જેવું છે કે કેમ તેનો પુખ્તપણે વિચાર થવાની ખાસ જરૂર છે. જો યુનીયનનું કામકાજ સારી રીતે કરી શકે એવી લાયકાત ધરાવતા કાર્યવાહકો તાલુકાની મંડળીઓમાંથી મળવા જેવું નહિ હોય તો પછી તેવા તાલુકાનું યુનીયન કાઢવામાં કાંઈ અર્થ નથી. યુનીયનનું કામકાજ સારી રીતે ચલાવી શકે, તેના તરફથી રાખવામાં આવનાર સુપરવાઇઝરોનાં કામકાજ ઉપર જોઈતી દેખરેખ રાખી શકે અને તેની પાસેથી વખતસર કામ લઈ શકે એવા કાર્યવાહકો જોડાનારી મંડળીઓમાંથી મેળવવાની અનિવાર્ય જરૂર છે. તે વગર યુનીયનનું કામ ચાલી શકવા જેવું નથી. ગમે તેવું યુનીયન કાઢવાથી યુનીયન કાઢવાનો ઉદ્દેશ પાર પડશે નહિ; પરંતુ મિથ્યા એક સંસ્થાનો બોજો ઓડીટર ઉપર વધશે. જ્યાં યુનીયનના વ્યવસ્થાપકો કુશળ હોતા નથી ત્યાં તે સંસ્થા તરફથી રાખવામાં આવનાર સુપરવાઈઝર યુનીયનનો સર્વ કાર્યકર્તા અને માલીક થઈ પડે છે. તે યુનીયનનો નોકર મટી શેઠ બની જાય છે. આવાં યુનીયનોથી લાભને બદલે મંડળીઓને હાનિ થવાના સંભવો છે.

સુપરવાઇઝીંગ યુનીયનો પોતાનું કાર્ય બરોબર કરી શકે અને તેના કાર્યવાહકો તાલીમ લઇ તૈયાર થાય તે માટે મારી સૂચના એવી છે કે તેમને શરૂઆતનાં થોડાંક વર્ષો સલાહ આપવા સારૂ અને કામકાજની માહિતી આપવા સારૂ તેની વ્યવસ્થાપક કમીટીમાં (મેનેજીંગ કમીટીમાં) બોમ્બે કો. ઓપરેટીવ

ઈન્સ્ટીટયુટનો સ્થાનિક એક સભાસદ અને ઓડીટર સભ્ય તરીકે રહેવા જોઈએ; અને આવી સંસ્થાના પ્રમુખ તરીકે પણ શરૂઆતમાં તે તાલુકાની મંડળીઓને નાણાં ધીરનારી બેંક તરફથી સદર યુનીયન માટે ચૂંટાઇ આવે તે ડાયરેકટર રહેવા જોઇએ અને તે માટે તેને અનુસરી સુપરવાઇઝીંગ યુનીયનના પેટા કાયદામાં સુધારો થવો જોઈએ.

વળી આવાં સુપરવાઈઝીંગ યુનીયનોમાં જોઈતો પૂરતો સ્ટાફ રાખવો જોઇએ; અને તે માટે યુનીયન પાસે નાણાંની પૂરતી સવડ નહિ હોય તો સરકારે અને નાણાં ધીરનારી બેંકે ઉત્તેજન દાખલ સુપરવાઈઝર વગેરે સ્ટાફના પગાર માટે પોતાનો યોગ્ય ફાળો આપવો જોઇએ. ટુંકામાં આવી સંસ્થાઓ (સુપરવાઇઝીંગ યુનીયનો) ના ખર્ચનો નીભાવ મંડળીઓ, મંડળીઓને નાણાં ધીરનારી બેંક, અને સરકાર તરફથી થવો જોઈએ.

આ ઉપરાંત ઠરાવમાં જણાવ્યા પ્રમાણે જ્યાં જરૂર જણાય ત્યાં સુપરવાઈઝરને મદદ કરવાને ઈન્સ્પેકટરની મદદ પણ મળવી જોઇએ.

મારી સૂચના એવી છે કે હાલના ઠરાવને બદલે નીચે પ્રમાણે ઠરાવ રજુ થાય તો વધુ યોગ્ય થશેઃ—

" તાલુકા દીઠ સુપરવાઈઝીંગ યુનીયનો બને ત્યાં નોંધાવવાની ખાસ જરૂર છે અને યુનીયનના ક્ષેત્રમાં સતત દેખરેખ રાખવાને અને યુનીયન પોતાનું કાર્ય યથાર્થ રીતે કરવા શક્તિમાન થાય તે માટે પૂરતો સ્ટાફ રાખવા સારૂ આવી સંસ્થાઓના ખર્ચના નીભાવ માટે શરૂઆતના પાંચ વર્ષ સરકારે અને નાણાં ધીરનારી બેંકોએ પણ પોતાનો યોગ્ય ફાળો મંડળીઓના ફાળા (ફી) ઉપરાંત આપવો અને જ્યાં જરૂર જણાય ત્યાં સુપરવાઈઝરને મદદ કરવાને ઈન્સ્પેકટરની મદદ આપવી. "

ઠરાવ નં. ૪

કહેવામાં આવે છે કે "વિના સહકાર નહિ ઉદ્ધાર" એ કેવળ સાચું છે. સહકાર એ સર્વ પ્રકારના સુખની ચાવી છે. જન સમાજની આર્થિક, નૈતિક, અને સામાજિક ઉન્નતિ સાધવાનું તે અમોઘ સાધન છે. સહકારી હિલચાલની પ્રગતિ જન-સમાજમાં પ્રતિવર્ષે વૃદ્ધિને પામે એ માટે યોગ્ય પ્રયાસો કરવા માટે એકાદ મધ્યવર્તી સંસ્થાની ખાસ જરૂર જણાયાથી "બોમ્બે કો-ઓપરેટીવ ઈન્સ્ટીટયુટ" નામની સંસ્થા સ્થાપન થયેલી છે. તેવીજ સંસ્થા વડોદરા રાજ્યમાં પણ "શ્રી સયાજી સહકાર સેવક સંઘ"ના નામથી શ્રીમંત મહારાજા સાહેબના મંગળમય સુવર્ણ મહોત્સવના પ્રસંગે સ્થાપન કરવામાં આવી છે. આ સંસ્થા એ સમગ્ર મંડળીઓની મધ્યવર્તી સંસ્થા છે. એ મંડળીઓનું પ્રજા મંડળ છે. આ સંસ્થાદ્વારા મંડળીઓની પ્રગતિ

સાધી શકવાના સંપૂર્ણ સંભવો છે. મંડળીઓ પોતાની જરૂરીયાત અને માગણીઓ આ સંસ્થાદ્વારા સરકાર આગળ રજુ કરી શકે છે. પ્રત્યેક મંડળીએ આ સંસ્થા સાથે જોડાવું તેમના માટે ખાસ જરૂરનું અને હિતાવહ છે. માહિતી મળ્યા પ્રમાણે તમામ મંડળીઓ ઈન્સ્ટીટયુટ સાથે હજુ જોડાઈ નથી એ એક પ્રકારે અસંતોષની વાત છે. મંડળીઓએ ઈન્સ્ટીટયુટ સાથે અને પોતાનું યુનીયન હોય તો તે યુનીયન સાથે જોડાવું જોઇએ એવી ફરજ તેમના ઉપર રાખેલી છે તેનો અમલ બરોબર થવો જોઇએ. અને તેમની ફીની રકમ ઠરાવમાં જણાવ્યા પ્રમાણે વસુલ લેવી જોઇએ. પરંતુ જે મંડળીઓનાં ચાલુ ખાતાં નાણાં ધીરનારી બેંકોમાં નહિ હોય તેવી મંડળીઓની ફીની રકમ વસુલ લેવામાં હરકત આવવા જેવું છે. તેથી ઠરાવનો ઉદ્દેશ જોતાં મારી સૂચના એવી છે કે મંડળીઓની, ઇન્સ્ટીટયુટની, અને યુનીયનની ફીની રકમ વખતસર વસુલ થાય તે માટે તેનું વસુલાતનું કામ નાણાં ધીરનારી બેંકને સુપ્રત કરવાનું ઠરાવવામાં આવે તો વધુ સરળતાથી અને નિયમિતપણે ફી વસુલ કરવાનો ધારેલો ઉદ્દેશ પાર પડવા જેવું છે અને તેથી ઈન્સ્ટીટયુટે અને યુનીયને મંડળીઓ પાસેથી કેટલી રકમ વસુલ લેવાની છે તે બદ્દલની યાદી પ્રતિવર્ષે વર્ષની શરૂઆતમાં ઓડીટર સાહેબની મારફત નાણાં ધીરનારી બેંક તરફ મોકલાવી આપવી; અને નાણાં ધીરનારી બેંકે તે યાદી પ્રમાણે ફીની રકમ ઓડીટર સાહેબની સંમતિ થઈ આવ્યા પ્રમાણે જો મંડળીનું ચાલુ ખાતું હોય તો તેમાંથી અને તેવું ખાતું નહિ હોય તો મંડળીને નાંણાં ધીરવામાં આવે તે વખતે વસુલ લઈ ઈન્સ્ટીટયુટ તથા યુનીયન તરફ મોકલાવી આપવી અગર ઠરાવમાં જણાવ્યા પ્રમાણે જમાખર્ચી કરી લેવી એવું ઠરાવવા મારી સૂચના છે અને તેથી ઠરાવ નીચે પ્રમાણે રજુ થવા મારી સૂચના છે:—"મંડળીઓના પેટા કાયદાથી ઈન્સ્ટીટયુટ તથા યુનીયનની ફી ભરવાનું ફરજીયાત ઠરેલું છે; પરંતુ તે ફીની વસુલાત બરોબર થતી નથી તેથી તે નિયમિત રીતે વસુલ થાય માટે ઈન્સ્ટીટયુટે અને યુનીયને મંડળીઓ પાસેથી વસુલ લેવાની ફીની રકમની યાદી પ્રતિવર્ષે વર્ષની શરૂઆતમાં જે તે વિભાગની નાણાં ધીરનારી બેંક તરફ ઓડીટર સાહેબની મારફત મોકલાવી આપવી અને તે સંસ્થાઓએ (બેંકે) ઓડીટર સાહેબની સંમતિ પ્રમાણે ફીની રકમ જે મંડળીના ચાલુ ખાતાં બેંકમાં હોય તે મંડળીના ચાલુ ખાતામાંથી અને જે મંડળીનાં ચાલુ ખાતાં નહિ હોય તેવી મંડળીઓને ધીરાણ કરતી વખતે વસુલ કરી ઈન્સ્ટીટયુટ તથા યુનીયન તરફ મોકલાવી આપવી અગર તો જમાખર્ચી કરી શકે એવી તજવીજ કરી આપવા મહેરબાન રજીસ્ટ્રાર સાહેબને વિનંતિ કરવી."

સહકારનું મહત્ત્વ અને મ્યુનિસિપાલીટીની ફરજ

લેખકઃ—**શ્રી. જેઠાલાલ છ. ચૌધરી.**

ઈમારત માત્રનો આધાર પાયાની મજબુતાઈ ઉપર રહેલો છે. કાચા પાયા ઉપર ચણેલી ભવ્ય ઇમારત—ભલેને એના સ્થાપત્યમાં એ અણમોલ હોય તોય—લાંબું આયુષ્ય ભોગવતી નથી. આજે આપણા દેશમાં આપણે સ્વરાજરૂપી ભવ્ય ઈમારત ઉભી કરવા માગીએ છીએ. એ માટે અનેક શિલ્પીઓ અને સ્થાપત્યકારો કાંઈ કાંઈ ભવ્ય યોજનાઓ આગળ ધરે છે. એ બધી સ્વરાજ ઇમારતની યોજનાઓ બેશક મુગ્ધ કરે તેવી હોય છે. પરંતુ એ ઇમારતના પાયા વિષે તો કોઇજ જાણે દરકાર ન કરતું હોય—અથવા દરકાર કરતા હોય તો તે ફકત નામથીજ કામથી નહિ—એમ ચોખ્ખું જણાય છે. પાયો ખોદીને ચણવાનું કાર્ય જેટલું જરૂરનું છે તેટલુંજ એ આપણને હાથ ધરવું કપરૂં લાગે છે. એ અતિ જરૂરી કાર્ય કપરૂં લાગવાનું એકજ કારણ છે કે તેનો ઉઠાવ અંદરનો હોઈ નજરને ઠારનારો નીવડતો નથી. પાયાનું કામ એ મુંગું કામ છે. તકલાદી સૌન્દર્ય પીનારી આંખોને એ પાયો રંજન નહિ આપી શકે. આપણી આંખો પણ આજકાલ સ્વરાજ ઈમારતની યોજનાના ભવ્ય આલેખો જોઈને અને તેમાંજ મુગ્ધ બની જવાને ટેવાઇ ગયેલી છે અને તેથીજ એ ઇમારતના પાયાનું કાર્ય દૃષ્ટિ સમક્ષ પડયું હોય છે તોય કોઈ એને હાથમાં લેતું નથી. આનું પરિણામ એ આવે છે કે આખી ઇમારત આપણી કલ્પનાનો વિષય થઈ રહે છે અને જો કદિ એને કાર્યમાં મૂકવાનો પ્રયત્ન થાય તોય એ પ્રયત્ન અધવચ્ચેજ પડી ભાગે છે; કારણ કે મૂળ પાયોજ નથી હોતો.

આપણે બહુએ બોલીએ છીએ કે આપણો દેશ ખેતી—પ્રધાન દેશ છે, ગામડાંઓનો દેશ છે, ખેડુતોનો દેશ છે. જો એમજ છે તો એજ દેશની ઉન્નતિનો વિચાર આપણે એના પ્રધાન તત્ત્વને વિસારે મૂકીને કેમજ કરી શકીએ? ખેતી, ખેડુત, અને ગામડાંની આબાદીનો વિચાર સરખો કર્યા વિના દેશની આબાદી ને ઉન્નતિ સાધવાના પ્રયત્ન માત્ર ફોગટ છે, એ પ્રયત્નમાં દીર્ઘ દૃષ્ટિ નથી પણ ઘેલછા છે, ડહાપણ નથી પણ સેવાનો દંભ છે.

આવી સ્થિતિમાં દેશની સાચી આબાદી શેમાં છે એની રગ પકડી જેઓ કાર્યમાં ઝુકી ગયા છે તેમનેજ અંતરના અભિવંદન ને અભિનંદન છે. દેશની ઉન્નતિ ગામડાંઓની ઉન્નતિ ઉપરજ આધાર રાખી બેઠી છે એવું સમજનારા થોડા દૃઢ મનોબળવાળા સેવકો પોતાની મુંગી સેવા ગામડાંઓમાં રેડી રહ્યા છે અને દેશની ઉન્નતિનો પાકો પાયો ધીમે ધીમે પણ રચી રહ્યા છે.

હવે જો દેશની ઉન્નતિનો પાયો ગામડાંઓની સાર્વત્રિક પુનર્રચનામાંજ સમાયો છે તો એ ગામડાંઓનીજ ઉન્નતિ કરવામાં આપણે ઓતપ્રોત થવું ઘટે. પરંતુ આજના યુગપ્રવાહથી કહો કે આજના પ્રાશ્ચાત્ય સંસ્કારોથી કહો કે આજની શિક્ષણપ્રથાથી કહો પણ ગમે તેમ આજે દેશમાં બે પ્રકારના એક એકથી વિરુધ્ધ એવા જીવનપ્રવાહો વહી રહ્યા છે. એક જીવનપ્રવાહ શહેરીઓનો અને બીજો ગ્રામવાસીઓનો. શહેરીઓનો જીવનપ્રવાહ અને ગ્રામવાસીઓનો જીવનપ્રવાહ એક એકથી તદ્દન નિરનિરાળા વહી રહ્યા છે. એ બે પ્રવાહોનો સંગમ નાખી નજરે પણ દેખાતો નથી. આવી પરિસ્થિતિમાં પરિણામ એ આવ્યું છે કે આજે દેશના બે મોટા તડ પડી ગયા છે. બે જીવનપ્રવાહમાં જે સંપ અને સંવાદીપણું હોવાં જોઇએ એ આજે નથી.

આજે કેટલાંય વર્ષોથી ખેડુતો શાહુકારોનાં કર્જમાં ખુંચેલા પડયા છે. એ ખેડુતો આ ખાડામાં ખુંચેલા કેમ પડયા છે તેની ભણેલાઓએ તપાસ કરી છે? તેમાંથી તેમને છુટા કરવાના શા શા રસ્તા છે તેનો વિચાર કર્યો છે? આજે ખેડુત વર્ગ શાહુકારો ને શહેરી દલાલોના પગ નીચે પનોતીની માફક ચકદાઈ રહ્યા છે; છતાં શહેરીજીવન ગાળનારાઓએ ખેડુતોને સુખી કરવાના પ્રયત્નો આદર્યા છે?

"જમવામાં જગલો ને કુટવામાં ભગલો"—એ વાળી વાત આજે શહેરી અને ગ્રામજીવન વચ્ચે ચાલી રહેલી છે: ખરા બપોરે, કે કડકડતી સવારે, કે માથે મેહની ઝડીઓ વરસી રહી હોય તેવે વખતે શરીરનો પરસેવો નીતારી જમીનનાં આંતરડાં વલોવીને પાક ઉગાડનાર ખેડુત બટકુક રોટલા માટે તરફડતો મરી જાય અને પોતાની મહેનતનો પૂરતો બદલો તેને મળે નહિ એ ખરેખરૂં દિલગીરી ઉપજાવનારૂં નથી? આટ આટલી મહેનત કર્યા પછી પણ તેને ખાવાનાં સાધન રહે નહિ અને શાહુકારને ત્યાંથી વ્યાજે રૂપીયા કાઢી પોતાનો ખટલો ચલાવવો પડે એ સ્થિતિ તો કળિયુગનો જમાનોજ સાંખી શકે. પરંતુ ત્યારે આવી દુ:ખદ સ્થિતિમાંથી ખેડુતોને ઉગરવાનો કે ઉગારવાનો એકે ઉપાય નથીજ? આવો પ્રશ્ન સહેજે વિચારવાળાં ભેજામાં ઉભો થાય છે. ઉપાય છે; નથી એમ નહિ. કયો ઉપાય એ? એ ઉપાય સહકારનો. સહકારનો એટલે સહકારી મંડળી કાઢી ખેડુતને બસો પાંચસો રૂપીઆ ઓછા વ્યાજે ધીરવાથી તેમનું દળદર ફીટવાનું નથી. પણ સહકારી મંડળીદ્વારા તેમને પોતાનો માલ એકત્રપણે વેચવાનું શિખવાડીને; પોતાની આવક જાવકનો હિસાબ રાખતાં શિખવીને; આવકના પ્રમાણમાંજ ખર્ચ રાખવાનું સ્હમજાવીને; મોટાં ખર્ચોની અટકાયત કરીને તથા દારૂ-તાડીની બદીમાંથી મુકત કરવાને રસ્તે પાડીને; અભણ ખેડુતોને ભણેલા બનાવીને—એમ ઘણી ઘણી રીતે સહકાર ખેડુતને મદદ કરી શકે. આજે ખેડુતો જે દેવાદાર

અને સબડતી સ્થિતિમાં પડયા પડયા શાહુકારોના અને શહેરીઓના ગુલામ થઈ રહ્યા છે તે ફકત પૈસા મેળવવાની મુંઝવણને લઇનેજ. શાહુકારો ને શહેરીઓ એમને પૈસા ધીરે છે એટલે તેઓ પોતાની મજુરી પાણીને મૂલે વેચીને પારકા પેટ ભરે છે; ને પોતે તો હતા તેથીય વધારે દુ:ખમાં ને દેવામાં ડુબતા જાય છે. પણ આ પૈસા મેળવવાની મુંઝવણ સહકારી ઢબે જીવન ગુજારવા ઇચ્છતા ખેડુતને નહિ રહે; કારણ કે એ ખેડુતને તો પોતાની સહકારી મંડળીમાંથી સસ્તા વ્યાજે પૈસા મળી શકશે એટલુંજ નહિ પણ સહકારી બનેલો ખેડુત દેવું કરવા છતાં દેણદાર નથી રહેતો પણ ધીમે ધીમે માલદાર બનતો જાય છે. આજના દુ:ખી ગ્રામવાસીઓ, ખેડુતો, સહકારમાં જોડાઈ જાય તો એમની દેવાદાર સ્થિતિ તો ફીટે એટલુંજ નહિ પણ તેઓ સ્વાશ્રયી, કરકસરિયા, ઉદ્યોગી, અને નીતિવાન થાય. આ બધા લાભો જો ખેડુતો સહકારી ચળવળમાં જોડાઇને મેળવતા થઈ જાય તો દેશ આખો સ્વાશ્રયી, કરકસરિયો, ઉદ્યોગી, ને નીતિવાન બની જાય એ કહેવાની જરૂર નથી. પણ તો પછી આ બધા લાભો આપણા ખેડુતો કેમ લેતા નથી? સહકારી હીલચાલને વેગવતી ગતિ તો કે દિવસની નામદાર સરકારે આપી દીધી છે છતાં હજી સુધી ખેડુતોનો કે દેશનો ઉદ્ધાર કેમ થતો નથી? કારણ માત્ર ખેડુતોની અજ્ઞાનતા છે, દેશની અજ્ઞાનતા છે. નામદાર સરકારે સહકારને વહેતો કર્યો પણ એનાં મીઠાં પાણી પીવા જેટલી પણ બુદ્ધિ આપણા ખેડુતોમાં આજે રહી નથી એટલી હાડોહાડ અજ્ઞાનતા દેશમાં વ્યાપેલી છે. ભણેલાગણેલા ગણાતા દેશીઓ પણ આ લોકકલ્યાણકારી હીલચાલમાં જોઇએ તેવો રસ આજે લેતા નથી એ એક મોટી ને સાચી ફરિયાદ છે. બાકી જો દેશના સુશિક્ષિતો આ પ્રાણદાયી હીલચાલને સમજતા થઈ જાય અને એને ગ્રામસેવામાં વણી લેવા તૈયાર થઈ જાય તો ખેડુતોના ભાગ્ય જલદી ઉઘડે ને દેશનું પણ દળદળ નાશ પામે. સાચી દેશદાઝ ધરાવનાર કોઈપણ વ્યક્તિને આ હીલચાલ આકર્ષી શકે એવી કલ્યાણકારી ને પ્રાણદાયી છે. આપણે ઇચ્છીશું કે આપણા બધા દેશબંધુઓ રાજકારણના ક્ષેત્રમાં ઝંપલાવવા કરતાં આ પ્રજાસેવાના સાચા ક્ષેત્રમાં પણ થોડાઘણા માણસો પોતાની સેવાને ખર્ચતા થઈ જાય. પરંતુ એ ઇચ્છા તો ફળવી હોય ત્યારે ફળો પણ શું આજે દેશમાં એવી સંસ્થાઓ હયાત નથી કે જે આ સેવાને પોતાની કરી કામમાં મચી જાય? નામદાર સરકાર પોતે પણ કેમ આ કામમાં ઢીલું મૂકે છે? સરકારે હીલચાલનું બીજારોપણ કર્યું પણ હવે તેને વધુ ખીલવવામાં નાણાંની જોઇતી મદદ કેમ આપતી નથી. મંડળીઓના વધવા સાથે ખર્ચમાં વધારો થાય એ દેખીતું છે, તેથી સહકારના વધારા સાથે તે ખાતા પાછળ ખર્ચ પણ પ્રમાણમાં વધવો જોઇએ. આપણે સરકાર એ કામને આગળ ધપાવે એમ ઇચ્છીએ છતાં પણ સેવાનું ક્ષેત્ર એકવાર ખુલ્લું મૂકાયા પછી એને જીવતુંજાગતું ને દિનપ્રતિદિન વિકાસ સાધતું રાખવું તે કાર્ય પ્રજાને

શિરપર હોવું જોઈએ; અને જો પ્રજામાં પ્રાણ હોય, લાયકી હોય, તો આવાં કાર્ય-ક્ષેત્રો કદિપણ ઉજ્જડ પડી રહેવાંજ ન જોઈએ. આજે સહકારી ક્ષેત્રમાં કામ કરતી એકજ પ્રજાકીય સંસ્થા હસ્તી ધરાવે છે અને તે મુંબઈમાં આવેલી "પ્રાંતિક સહકારી સંસ્થા." આજે એ સંસ્થા વિકાસાવસ્થામાં છે; ઇલાકાના જુદાજુદા જીલ્લા-ઓમાં એની શાખાઓ ઉઘડી છે, અને ઝપાટાભેર કાર્ય થઈ રહ્યું છે; છતાં આ એકજ સંસ્થા સહકાર જેવા વિશાળ અને દેશવ્યાપી ક્ષેત્રમાં દીસી આવે તેવું કામ કરવાને સશકત કેમજ નીવડી શકે? અને હજી એ સંસ્થાની શકિત સંકુચિતજ છે; અને જેટલી શકિત છે તેટલી વડે એ સંસ્થા ઘણું કરી રહી છે એ તો દેખીતુંજ છે. આ પ્રજાકીય સંસ્થા આજે લોકસમૂહને સહકારી શિક્ષણ આપવાનું મુખ્ય કામ પોતાની ગુંજાશ પ્રમાણે કરી રહેલ છે; પણ જ્યાં દેશ આખામાં અજ્ઞાનજ પ્રવર્તી રહ્યું હોય ત્યાં એકજ ટમટમતા દીવાથી ઝળહળતો પ્રકાશ કેમ જ પાથરી શકાય! અને તેથી કરીનેજ બીજાં મંડળો, સંસ્થાઓ, સમાજો વગેરેની સાહાય્યની જરૂર આ ક્ષેત્રમાં રહ્યાજ કરે છે. આજે ઠેરઠેર સમાજો, મંડળો, સંસ્થાઓ સ્થાપવાનો વા વાઈ રહ્યો છે; પણ એવાં મંડળો ઘણા ભાગે સેવા કરવાનો દંભ બતાવીનેજ અટકી જાય છે અને પછી જીવતાં છતાં મરેલાંની માફક એદીપણામાં પડી રહે છે. આ બધાં મંડળોને દેશસેવાનો સાચો માર્ગ સુઝાડવો હોય તો તેમને ગ્રામસે-વામાંજ જોડવાં જોઈએ.

પણ આપણી લોકલબોર્ડો ને મ્યુનિસિપાલીટીઓ કયાં ઊંઘી ગઈ છે? એ પણ લોકસંસ્થાઓજ છે ને? એ બે સંસ્થાઓ આ સહકારી કાર્ય ઉપાડી ન શકે? મ્યુનિસિપાલીટી અને લોકલબોર્ડો લોકસંસ્થાઓ તો ખરીજ. એ સંસ્થા-ઓનો લગભગ બધો વહીવટ પણ સ્વતંત્ર ને લોકસત્તાને અધીન છે; પણ એ સંસ્થાઓને શિર તો અનેક કાર્યો છે. એ સંસ્થાઓ તો શહેર અને જીલ્લા માત્રની અનેક રીતે દેખરેખ રાખે છે; એમનાં કાર્યો પણ અનેક ક્ષેત્રોમાં હોઈ શકે. તો આવી અનેક કાર્યવ્યવસાયી સંસ્થાઓ એકલા સહકારનું સુકાન કેમજ પકડી શકે? આ વાત બરાબર છે. પણ લોકલબોર્ડ અને મ્યુનિસિપાલીટીનાં મુખ્ય કર્તવ્યો તો ત્રણજ પ્રકારના ગણી શકાય:—

(૧) શહેર ને જીલ્લા આરોગ્યનું સંરક્ષણ કરવું.
(૨) શહેર ને જીલ્લાના લોકોને માટે સાર્વજનિક સુખનાં સાધનો યોજવાં.
(૩) શહેર ને જીલ્લાની પ્રાથમિક કેળવણીની દેખરેખ રાખવી.

ઉપલાં ત્રણે કાર્યો લોકસેવાનાંજ છે; અને એ કાર્યો કરતી લોકબોર્ડો કે મ્યુનિસિપાલીટીઓ લોકસેવા માટેનીજ સંસ્થાઓ છે એમ કહીએ તો તે ખોટું નથી. તો પછી આવી લોકસેવાના ઉદ્દેશવાળી સંસ્થાઓ સહકારમાં–જેમાં સાચી લોકસેવા રહેલી છે તેમાં–સક્રિય રસ કેમ ન લઈ શકે? વળી એ લોકસંસ્થા-

એોના માથા ઉપર શિક્ષણનો બોજો પણ રહેલોજ છે તો શાને એ સંસ્થાએો સહકાર વિષયક શિક્ષણ આપવામાં બનતો પ્રયત્ન ન કરે? ખરી રીતે વિચારીએ તો જણાશે કે લોકોના ભલા માટેની કોઇ પણ યોજનામાં કે હીલચાલમાં મ્યુનિસિપાલીટીઓ અને લોકલ બોર્ડો ભાગ લેવાને કોલથી બંધાયલીજ છે. જેમાં લોકકલ્યાણ સ્પષ્ટ દેખાતું હોય તેવાં કામોમાં લોકના પ્રતિનિધિઓની બનેલી સંસ્થાએો અવશ્ય ભાગ લેજ, લેવોજ જોઇએ. એમના લોક પ્રતિનિધિત્વની સાબીતી અર્થે પણ આવાં કાર્યોમાં મ્યુનિસિપાલીટીઓએ અને લોકલ બોર્ડોએ વિનાવિલંબે આગળ પડતો ભાગ લેવો જોઇએ. એ સમજી શકાય છે કે એકલા સહકારમાંજ એ બન્ને સંસ્થાએો સેવા આપતી થઈ જાય એ તો નજ બને, કારણકે બીજાં અનેક કાર્યો એમની રાહ જોતાં બેઠાંજ હોય. પણ જ્યારે સહકાર જેવી રાજમાન્ય ને લોકમાન્ય હીલચાલ પોતાને આંગણેજ ચાલી રહેલી હોય તેવે વખતે મ્યુનિસિપાલીટીઓની અને લોક બોર્ડોની ચોખ્ખી ફરજ છે કે તેમણે એ હીલચાલમાં પોતાનો ફાળો આપવોજ જોઇએ. જો શિક્ષણ આપવાની બાબતમાં સ્કૂલ બોર્ડો નીમાય છે અને હજારોને લાખોનું ખર્ચ કેળવણી પછાડી હોંશથી થાય છે તો સહકારના શિક્ષણ અર્થે પણ મ્યુનિસિપાલીટી અને લોકલ બોર્ડો, સહકારની આટલી સફળતા અને આવશ્યકતા જોયા પછી, કાંઈક સક્રિય પ્રયાસ કરે તે ઈષ્ટ અને હિતાવહજ છે; અને સરકારે જાતેજ જ્યારે આ સહકારની હીલચાલને નવાજી છે અને એને માટે ખાસ અલાયદું ખાતુંજ પ્રજાહસ્તક સોંપાયલું છે તો પછી શાને એ કાર્યમાં મ્યુનિસિપાલીટી કશોજ વિચાર નહિ કરતી હોય! અથવા લોક તરફથી ચુંટાયલા પ્રતિનિધિઓજ એટલા ભોળા અને સહકારથી અનભિજ્ઞ છે કે તેમને આ સહકાર વિષે કાંઈ પણ કરવા જેવું છે એમ ભાનજ નથી થતું. નહિતર જે સહકારે પાશ્ચાત્ય દેશોમાં ને જાપાનમાં પણ પોતાનો કલ્યાણકારી પરચો બતાવી દીધો છે તેજ સહકારને લોકના પ્રતિનિધિઓ તરફથી કશોજ ટેકો ન મળે એ નવાઈની વાત છે.

મ્યુનિસિપાલીટીમાં ને લોકલબોર્ડમાં બેસી માનદ કાર્ય કરનારા લોકપ્રતિનિધિઓએ આ સહકારનો વિષય અભ્યાસ કરવા જેવો અને અભ્યાસ કરી અમલમાં મૂકવા જેવો છે. આજે શહેરોમાં ને ગામડાંઓમાં અનેક કાર્યક્ષેત્રો એવાં અણખેડાયલાં પડયાં છે કે જેમાં મ્યુનિસિપાલીટી કે લોકલબોર્ડ સહકારી ઢબે કાર્ય કરતી થઈ જઇ શકે છે. પણ આમ સહકારને પોતાનાં કાર્યોનું એક વિશિષ્ટ અંગ ગણીને મ્યુનિસિપાલીટી કે લોકલબોર્ડ સ્વીકારે એ આશા કદાચ નાણાં ભીડને અંગે કે કાર્યવિપૂલતાને સબબે આપણે ન રાખીએ; તો પણ સહકારી શિક્ષણના ફેલાવાને અર્થે તો જરૂર એ બન્ને લોકસંસ્થાએો ઘણું કરી શકે તેમ છે. ગામડે ગામડે સહકારી શિક્ષણ અર્થે લોકલબોર્ડ, સ્થાનિક મ્યુનિસિપાલીટીની આર્થિક મદદ વડે, શાળાઓ ખોલી શકે છે. એ શાળાઓમાં ખેડુતોને સહકાર વિષયક જરૂરી